દેશવિદેશની લોકવાર્તાઓ



પબ્લિકેશન્સ ડિવિઝન

દેશવિદેશની લોકવાર્તાઓ

सत्यमेव जयते

પબ્લિકેશન્સ ડિવિઝન,
મિનિસ્ટ્રી ઑફ ઇન્ફર્મેશન ઍન્ડ બ્રોડકાસ્ટિંગ,
ગવર્નમેંટ ઑફ ઇંડિયા,
ઓલ્ડ સેક્રેટરિયટ,
દિલ્હી-૮

જૂન, ૧૯૫૬
June, 1956

કિંમત: એક રૂપિયો
Re. 1

Desh Videsh Ki Lok Kathain (Gujarati)

ભૂમિકા

મનુષ્ય સ્વભાવે વાર્તાપ્રિય હોય છે. ખાસ કરીને, બાળકને ભણાવવા માટે કેળવવા માટે વાર્તા એક અતિસુંદર માધ્યમ છે. બાળકની કલ્પનાને પોષનારું અને વેગ આપનારું એ એક સહજ સાધન છે. દેશવિદેશની જાણીતી લોકવાર્તાઓનું આ પુસ્તક એ ઉદ્દેશથી બહાર પાડવામાં આવ્યું છે કે આપણા દેશનાં બાળકો બીજા દેશની લોકવાર્તાઓના પરિચયમાં આવે અને એ રીતે આંતરરાષ્ટ્રીય ભાવના કેળવે.

દરેક દેશની પ્રજાના જીવનને, રહેણીકરણીને લોકવાર્તા સાથે ગાઢ સંબંધ હોય છે. લોકસાહિત્ય લોકજીવનનું નિરૂપણ કરે છે. લોકવાર્તાઓ તરેહ તરેહ રૂપે લોકજીવનનું દર્શન કરાવતી હોય છે. એટલે લોકવાર્તાઓ દ્વારા આપણા દેશનાં બાળકો વિદેશના લોકજીવનથી પરિચિત થશે. વળી દેશવિદેશની લોકવાર્તાઓની ઉત્પત્તિ ભારતની લોકવાર્તાઓને મળતી આવે છે. જે દેશ કે પ્રદેશમાં એ વાર્તા ફૂલે છે, પાંગરે છે ત્યાંના લોકજીવનની છાપ અવશ્ય એની ઉપર હોવાની જ. જેમ ઈંટગારો બધી જગ્યાએ એક જ પ્રકારનો હોય છે પણ માણસ પોતાની રુચિ અને જરૂરિયાત પ્રમાણે મકાનનો આકાર બનાવી લે છે તેમ.

લોકવાર્તાઓની શૈલી ખૂબ સુંદર અને જીવંત હોય છે. લોકવાર્તાના પ્રણેતા અને એની શૈલી ઉપર મુગ્ધ બની એક વાર પંડિત જવાહરલાલે કહ્યું હતું, “મને ઘણી વાર આશ્ચર્ય થાય છે કે જે પુરુષો અને સ્ત્રીઓએ જીવંત સ્વપ્ન અને કલ્પનાની મદદ વડે આટલી અદ્‌ભુત, મનોહર વાર્તાઓ સર્જી એ લોક કેવી રીતે રહ્યાં હશે અને વિચારકલ્પનાની કઈ સોનાની ખાણમાંથી આવી અનુપમ ચીજો સર્જી શક્યાં હશે?”

લોકવાર્તા સદીઓથી મનુષ્યનું દિલ બહેલાવતી આવી છે. આશા છે કે આ પુસ્તક પણ એનું આ ધ્યેય પાર પાડવામાં સફળતા પામશે.

અનુક્રમણિકા

સોનાનો બકરો

(તુર્કી લોકવાર્તા)

મન્મથનાથ ગુપ્ત

ઘણાં વર્ષો પહેલાં એક રાજા રહેતો હતો, જેને સંતાનમાં હતી માત્ર એક દીકરી. રાજકુમારી રૂપરૂપનો અંબાર હતી! એના વાળ સોનેરી, વાંકડિયા, આંખો ભૂરી ભૂરી અને ગાલ ગુલાબી હતા. એટલી તો સુંદર એ રાજકુમારી હતી કે જોનારને તરત જ હેત ઊભરાતું. આવી સુંદર રાજકન્યાને પરણવા ઘણા તલપાપડ થઈ રહ્યા હતા. પણ રાજકુમારીની દાસી કોઈને રાજકુમારીની પાસે ફરકવા દેતી નહિ. પરિણામે, રાજકુમારી હજી સુધી કુંવારી હતી.

એક દિવસ દાસીને વિચાર આવ્યો અને એ રાજાની પાસે જઈ કહેવા લાગી, “હે મહારાજ, રાજકુમારીને પરણવા ઘણા તૈયાર છે પણ કોને પસંદ કરવો અને કોને નહિ તે નક્કી કરવું અતિ મુશ્કેલ છે. આ મુશ્કેલીમાંથી બચવાનો એક રસ્તો મને સૂઝ્યો છે. આપ રજા આપો તો જણાવું.”

રાજા કહેવા લાગ્યો, “હું પણ આ બાબત ઉપર વિચાર કર્યા કરું છું. તને જે કંઈ વિચાર સૂઝ્યો હોય તે જણાવ.” દાસી બોલી, “રાજકુમારી માટે એક સુંદર પાતાળ મહેલ બંધાવો. એ મહેલમાં દાખલ થવા માટે પગથિયાં મૂકો અને જ્યાં એ પગથિયાં પૂરાં થાય ત્યાં એક મજબૂત લોખંડનો છૂપો દરવાજો રખાવો. મહેલમાં જવાનો આ જ એક માત્ર રસ્તો હશે. જે રાજકુમારીને પરણવા ચાહતા હોય એ બધાને ત્રણ દિવસની મુદત આપવી. આ સમયની અંદર રાજકુમારીનો પત્તો મેળવી ન આપનારને ત્રીજે દિવસે સાંજે મોતની સજા કરવી.”

રાજાને આ ઉપાય ખૂબ પસંદ પડ્યો. દાસી રાજાની સંમતિ મળતાં આનંદ પામી. રાજા ક્યારે મહેલ બાંધવાની રજા આપે એની



રાજાને સંદેશો મોકલવામાં આવ્યો કે કોઈ એક માણસ રાજકુમારી-
ને બહુ જ સુંદર સોનાનો બકરો ભેટ આપવા માગે છે.

રાહ જોવા લાગી. રાજાએ દાસીને ઊભી રહેલી જોઈને કહ્યું: "જાવ, મહેલ બંધાવો."

દાસી રવાના થઈ ગઈ. તુરત સુથારકડિયા બોલાવી મહેલ બાંધવો શરૂ કર્યો. ચાળીસ દિવસ સુધી રાતદિવસ કામ ચાલ્યું. મહેલ બંધાઈ ગયો. જ્યારે બધું બરોબર થઈ ગયું ત્યારે રાજકુમારીને એ પાતાળમહેલમાં રાખવામાં આવી. દરરોજ કંઈ કેટલા જુવાનો રાજકુમારીની તપાસમાં આવતા. દરેકને ત્રણ દિવસની મહેતલ અપાતી અને ત્રીજે દિવસે સાંજે તેનું શિર ધડ પરથી ઉડાવી દેવામાં આવતું. દાસી બહુ ખુશ થતી કારણ કે એ દુષ્ટ સ્વભાવની હતી. અરે! એટલા જુવાનોનાં માથાં ઊડી ગયાં કે દાસીએ એ માથાંનો મોટો મિનારો બનાવ્યો!

પડોશીરાજ્યમાં આ વાતની ખબર પડી. ત્યાંના રાજાને ત્રણ કુંવર હતા. એક દિવસ સૌથી મોટા કુંવરે રાજાને કહ્યું: "મહારાજ, મેં છુપાયેલી રાજકુમારીને શોધવાનું પણ લીધું છે. હું એને શોધી એની સાથે લગ્ન કરીશ."

રાજાએ એને ઘણો સમજાવ્યો, પણ એ એકનો બે ન થયો. જેટલો રાજા એને વધારે સમજાવવા લાગ્યો એટલો એ વધારે મમતે ચઢયો. જ્યારે રાજાએ જોયું કે એ કોઈ રીતે માને એમ નથી ત્યારે એના પ્રવાસની તૈયારી કરાવી. રાજાએ ધામધૂમથી કુંવરને વિદાય કર્યો. રાજા તથા બંને કુંવરો મોટા કુંવરને ઘણે દૂર સુધી વળાવી આવ્યા.

રાજકુમારે રાજકુમારીના પિતાને કહ્યું: "હું તમારી પુત્રી સાથે લગ્ન કરવા માગું છું."

રાજાએ જવાબ આપ્યો: "કુંવર, તું હજી ઘણો નાનો છે. તેં હજી પૂરી દુનિયા જોઈ નથી. ખોટી હઠ છોડી દે. બીજી ઘણી રાજકુમારી દુનિયામાં છે. એમાંની કોઈ કોઈ તો મારી કન્યા કરતાં સુંદર છે. વાત એમ છે કે મારી કન્યાને સંતાડી રાખી છે. એને તારે ત્રણ દિવસની અંદર શોધવી પડશે. શોધી કાઢશે તો રાજકુમારી તને પરણશે. જો તું નહિ શોધી શકે તો તારું માથું ત્રીજે દિવસે સાંજે ઉડાવી દેવામાં આવશે."

આ સાંભળી રાજકુમાર બોલ્યો: "જે જન્મ્યું તે જાય! જે પૃથ્વી ઉપર જન્મ્યો તે એક દિવસ મરવાનો જરૂર. મારા નસીબમાં જે લખ્યું છે તે કદી મિથ્યા નહિ થાય, તો શા માટે ડરવું જોઈએ? એટલે હું તો મારા નિશ્ચયમાં મક્કમ રહીશ."

એ દિવસે રાજકુમારે આરામ કર્યો. બીજા દિવસથી એણે રાજકુમારીની તપાસ કરવા માંડી. ત્રણ દિવસ સુધી એણે લાગલાગટ શોધ ચલાવી પણ જ્યારે ત્રીજે દિવસે સાંજે પણ એ રાજકુમારીનો પત્તો ન મેળવી શક્યો ત્યારે એનું માથું ઉડાવી દેવામાં આવ્યું. ડોકાંના મિનારામાં એકનો ઉમેરો થયો!

થોડા સમય બાદ, જ્યારે મોટો રાજકુમાર પાછો ફર્યો નહિ ત્યારે વચલા રાજકુમારે રાજાને કહ્યું: "હવે હું ભાઈને શોધવા જઈશ."

રાજાએ કહ્યું: "કુંવર, તારા ભાઈનું માથું ડોકાંના મિનારા ભેગું ગયું લાગે છે. એ જો સફળ થયો હોત તો ખબર આવી ગઈ હોત."

ત્યારે વચલા રાજકુમારે કહ્યું: "હું પણ મારા ભાઈની માફક રાજકુમારીની શોધ માટે જઈશ."

રાજાએ વચલા રાજકુમારને ઘણું સમજાવ્યો પણ એણે માન્યું નહિ. છેવટે જ્યારે રાજાએ જોયું કે એ કોઈ પણ પ્રકારે માને એમ નથી ત્યારે એને પણ મોટાની જેમ વિદાય આપી. વચલા રાજકુમારે ત્રણ દિવસ રાજકુમારીની શોધ કરી પણ એ આખરે નિષ્ફળ નીવડ્યો અને એનું માથું ડોકાંના મિનારા ભેગું થયું. જ્યારે ઘણા દિવસ સુધી વચલો રાજકુમાર પાછો ફર્યો નહિ ત્યારે સૌથી નાનો કુમાર પણ રાજાની વિદાય લઈ રાજકુમારીની શોધ માટે નીકળ્યો. રસ્તામાં એક શહેર આવ્યું. ત્યાં એ એક સોનીને મળ્યો. એણે સોનીને બે ગુણ ભરીને સોનું આપ્યું અને કહ્યું: "જલદીથી આ સોનામાંથી એક સોનાનો બકરો બનાવી આપ. એ બકરાની અંદર હું સંતાઈ શકું એવડો એ હોવો જોઈએ. બાકી વધેલું સોનું તારું."

સોની આ વાત સાંભળી ઘણો ખુશ થયો. એણે તરત જ કામ શરૂ કર્યું. બીજે દિવસે સવારે બકરો તૈયાર થઈ ગયો. રાજકુમાર સોનીની કારીગરી જોઈ રાજી રાજી થઈ ગયો. રાજકુમારે સોનીને કહ્યું,

"હવે એક કામ કર. આ બકરો લઈ જઈ રાજકુમારીના પિતાને ભેટ તરીકે આપી આવ."

રાજકુમાર પોતે બકરામાં છુપાઈ ગયો. સોની મજૂરો પાસે બકરો ઉચકાવી રાજા પાસે જવા નીકળ્યો. રાજાને સંદેશો મોકલવામાં આવ્યો કે કોઈ એક માણસ રાજકુમારીને બહુ જ સુંદર સોનાનો બકરો ભેટ આપવા માગે છે. જ્યારે રાજાએ આ વાત સાંભળી ત્યારે એણે સોનીને કહ્યું: "કંઈ હરકત નહિ. કોઈ રીતે રાજકુમારીનું મન ખુશ તો રાખવું જ જોઈએ." એટલે રાજાએ હુકમ કર્યો કે સોનાનો બકરો રાજકુમારીને પહોંચાડો. ખૂબ જ વિશ્વાસુ સિપાઈઓ બકરો રાજકુમારીને આપવા ગયા. રાજકુમારીએ બકરાને પોતાના ઓરડાના એક ખૂણામાં રખાવ્યો. રાજકુમારીને બકરાની અંદર બેઠેલા રાજકુમારે જોઈ. એની નવાઈનો પાર ન રહ્યો, કારણ કે રાજકુમારી ખૂબ સુંદર હતી.

બકરાની અંદર બેઠાંબેઠાં રાજકુમારને ભૂખ લાગવા માંડી. રાજકુમારી માટે દરરોજ રાતે જે ભોજન પીરસવામાં આવતું તે રાજકુમાર બકરાની અંદરથી બહાર નીકળી ખાઈ જતો. રાજકુમારી ખાતી તો ઘણું થોડું પણ જ્યારે એણે જોયું કે એને માટે ઘણું થોડું ખાવાનું રહે છે ત્યારે એને વહેમ પડયો કે આ કામ જરૂર કોઈ નોકરનું છે. એટલે કોઈને માલૂમ ન પડે એ રીતે એણે પહેરો ભર્યો. એવી ચુપકીદીથી પહેરો ભર્યો કે બકરાની અંદર ભરાયેલા રાજકુમારને પણ એની ગંધ ન આવી. દરરોજની માફક બહાર નીકળી એ ખાવા લાગ્યો. જ્યારે ખાઈ રહ્યો અને એ બકરાની અંદર પેસવા ગયો ત્યારે રાજકુમારીએ દીવો સળગાવ્યો. બંનેએ એકબીજાને જોયાં. થોડી વાર તો બંને જણ એક બીજાને એકીટસે જોતાં જ રહ્યાં! છેવટે રાજકુમારીએ પૂછ્યું, "તમે કોણ છો?"

રાજકુમારે કહ્યું: "હું રાજકુમાર છું. મારા બે ભાઈઓએ તારે ખાતર જાન ગુમાવ્યા. આથી તને મેળવવા માટે મેં આ તરકીબ રચી."

રાજકુમારી દાસીના કારસ્તાનથી કમકમી ઊઠી હતી. બંનેએ મળીને નક્કી કીધું કે દિવસ આખો રાજકુમાર બકરામાં સંતાઈ રહે પણ જ્યારે બધા લોક મહેલમાંથી ચાલ્યા જાય ત્યારે બંને એકબીજાને મળી વાતો કર્યાં કરે. આવી રીતે ઘણા દિવસ નીકળી ગયા. એક દિવસ રાજકુમારી બોલી: "આ રીતે હંમેશાં કેમ જીવાય? હવે તો કંઈ કરવું જોઈએ. કોઈ એવો ઇલાજ રચવો જોઈએ કે આપણે બંને આ જેલમાંથી છૂટી શકીએ."

રાજકુમારે કહ્યું: "એક ઇલાજ છે. બકરાનો એક પગ તોડી નાંખવામાં આવે પછી તું તારા પિતાજીને ખબર મોકલ કે બકરાનો એક પગ ભાંગી ગયો છે. એ બહાને હું બહાર નીકળી શકીશ અને પછી પાછો નવા વેશમાં આવીશ."

હજી પણ રાજકુમારીને સમજણ ન પડી કે રાજકુમાર કેવી રીતે પાછો ફરશે. આમ છતાં રાજકુમારીને રાજકુમાર ઉપર એટલો ભરોસો હતો કે આ વાત લાંબી ચર્ચ્યા વગર એણે 'હા' ભણી દીધી.

રાજાને ખબર આપવામાં આવી કે બકરાનો પગ ભાંગી ગયો છે. બકરાને રાજાની પાસે મોકલવામાં આવ્યો. ત્યાંથી બકરાને જે સોની એને લાવ્યો હતો તેને ત્યાં પહોંચાડવામાં આવ્યો. રાજકુમાર સોનીને તો મળ્યો જ હતો. બકરામાંથી બહાર નીકળી એ સીધો રાજાની પાસે ગયો અને બોલ્યો, "હું રાજકુમારીને પરણવા માગું છું."

રાજાએ એને ઘણી ના કહી પણ એની જરા પણ અસર રાજકુમાર ઉપર થઈ નહિ. છેવટે રાજાએ રાજકુમારને પોતાના સિપાઈઓને સોંપ્યો. રાજકુમારને રાજકુમારીના પાતાળમહેલનો દરવાજો ક્યાં હતો તેની બરોબર ખબર હતી. પણ બે દિવસ સુધી આમતેમ અજાણ્યાની જેમ આંટા માર્યા કીધા. ત્રીજે દિવસે રાજાની સામે આવી રાજકુમાર બોલ્યો: "મહારાજ, હું મારી તપાસ ચાલુ રાખુંને?

દાસી રાજકુમારની નજીક જ ઊભી હતી. એને ફિકર હતી કે હાથમાંનો શિકાર છટકી ન જાય. એ ઇચ્છતી હતી કે રાજકુમારનું ડોકું પણ ડોકાંના મિનારામાં લટકે. પણ રાજાએ કહ્યું: "ભલે, તું

તારી શોધ ચાલુ રાખ, પણ તને શરત તો યાદ છે ને કે આજ સાંજ સુધીમાં તું પાતાળમહેલનો રસ્તો નહિ મેળવી શકે તો તારું માથું ડોકાંના મિનારામાં ચણાઈ જશે."


રાજકુમારે કહ્યું : "મને શરત બરોબર યાદ છે. તમારા રાજ-મહેલનું પાસેનું સરોવર ખાલી કરવામાં આવે એમ હું ઇચ્છું છું."

રાજા નાઇલાજ હતો. તરત જ લોકો મંડી પડ્યા અને સરોવર ઉલેચી નાંખ્યું. પાણી ખાલી થતાં જ પાતાળમહેલનો દરવાજો દેખાવા માંડ્યો. ત્યારે રાજકુમાર બોલ્યો : "દરવાજો ખોલો."

દાસી આ સાંભળી ફિકરમાં પડી કારણ કે દરવાજાની ચાવી એની પાસે હતી. હવે એ પણ નાઇલાજ હતી, એણે ચાવી આપવી પડી. પણ એ બોલી : "દરવાજો ભલે ખોલો, પણ હું થોડી વારમાં તને અંદર બોલાવીશ. ત્યાં સુધી રાહ જો."

રાજકુમાર બહાર ઊભો રહ્યો. દાસી અંદર પહોંચી. રાજકુમારીને બોલાવી એણે જલદીથી એને બાંદીનો પોશાક પહેરાવી એનો વેશ-પલટો કરી દીધો. પછી બધી બાંદીઓ વચ્ચે એને સંતાડી દીધી. ત્યાર પછી રાજકુમારને બોલાવવામાં આવ્યો. એને કહેવામાં આવ્યું કે એમાંથી એ રાજકુમારીને શોધી કાઢે.

જોકે રાજકુમારે રાજકુમારીને તદ્દન નજીકથી જોઈ હતી તોપણ દુષ્ટ દાસીએ બાંદીઓને એવી રીતે તૈયાર કરી હતી કે રાજકુમારીને એ ઓળખી ન શક્યો. એટલે રાજકુમારે થોડી સોનામહોરો લુટાવવા માટે બાંદીઓના ટોળામાં વેરી. બસ, જે ખરી બાંદીઓ હતી તે મહોરો લૂંટવા તૂટી પડી. પણ રાજકુમારી તો જ્યાં હતી ત્યાં જ ઊભી રહી. ન જરા ખસી કે હાલી. રાજકુમારે તરત રાજકુમારીને બધાંની સામે ઊંચકી લીધી અને એ રાજા પાસે પહોંચ્યો. રાજાએ બંનેને આશીર્વાદ આપ્યા અને ધામધૂમથી લગ્ન કર્યાં.



જે ખરી બાંદીઓ હતી તે મહોરો લૂંટવા તૂટી પડી.

ત્યાર બાદ દુષ્ટ દાસીનું ડોકું કાપી નાખવાનો રાજાએ હુકમ કર્યો. તરત જ એને ખાટકીઓને સોંપવામાં આવી. એનું ડોકું ઉડાવી દેવામાં આવ્યું અને ડોકાંના મિનારામાં લટકાવવામાં આવ્યું!



ધામધૂમથી લગ્ન કર્યાં

એકબે દિવસ નહિ, ચાળીસ દિવસ અને ચાળીસ રાત બંને રાજ્યોમાં આનંદઉત્સવ મનાયો. રાજકુમાર-રાજકુમારીએ ખાધુંપીધું ને રાજ કર્યું.

સોનેરી માછલી

(રશિયન લોકવાર્તા)

સાવિત્રીદેવી વર્મા

રશિયામાં સમુદ્રને કિનારે ઘરડો માછીમાર રહેતો હતો. ડોસો માછલાં પકડી જેમતેમ પોતાનું ગુજરાન ચલાવતો. સમુદ્રને કિનારે ઊંચી ટેકરી પર એની નાનીશી મઢૂલી હતી. ડોસો ઘણો પ્રામાણિક અને સંતોષી હતો. પરંતુ એની ડોસી ઘણી લોભી અને લડાક સ્વભાવની હતી. દુનિયામાં કેટલાક માણસોનો સ્વભાવ જ એવો હોય છે કે તેઓ પોતાની ચાલુ સ્થિતિથી સુખ યા સંતોષ પામતા નથી. એ લોકના જીવનમાં સદાની "હાયહાય" હોય છે. આ ડોસી પણ એવા જ સ્વભાવની હતી. બિચારો ડોસો દિવસ આખો વાવંટોળમાં દરિયા-કિનારે માછલાં પકડતો. સાંજ પડ્યે માછલાં ભરેલી ટોપલી લઈ ઘર ભેગો થતો ત્યારે ડોસી બોજો ઉતારવામાં કે જાળ સૂકવવામાં પણ મદદ ન કરતી. અરે! ઉપરથી નિતનવાં વેણ સંભળાવતી.

"ઓહો! આવી ગયા દિવસ આખો સહેલ કરીને! હું ઘરકામ કરીને મરવા જેવી થઈ ગઈ! અને તું દિવસભર સમુદ્રકિનારે વાંસળી વગાડ્યા કરે છે. દિવસ આખામાં બસ આટલી જ માછલી પકડી? માછી થયો છે પણ જાળ નાખતાં યે નથી આવડતી મૂઆને!"

બિચારો ડોસો ડોસીના કટકટારાથી ટેવાઈ ગયો હતો. ડોસીની વાત જાણે સાંભળી જ ન હોય એમ કરી, ખાઈ પી ભગવાનનો ઉપકાર માની સૂઈ રહેતો. એક દિવસ વાત આમ બની. ડોસાએ માછલી પકડવા દરિયામાં જાળ ફેંકી પણ એકે માછલી આજ હાથ લાગી નહિ. નિરાશ થઈ જ્યારે એ જાળ ભેગી કરવા મંડ્યો ત્યારે એને જાળ કંઈક ભારે લાગી. પણ માછલી તો કોઈ જણાતી ન હતી. આખી જાળ બરોબર બહાર ખેંચી અને ખોલી ત્યારે અંદરથી એક પ્યારી, સુંદર સોનેરી માછલી નીકળી. ડોસાએ માછલીને હાથમાં લઈ એની


પીઠ ઉપર હાથ ફેરવવા માંડ્યો. થોડી વારમાં માછલી હાલી અને બોલવા લાગી, "બુઢ્ઢા દાદા, તું મને છોડી દે. હું સમુદ્રની રાજકુમારી છું. જો તું મને છોડી દેશે તો તું જે માગ્યા કરશે તે હું તને આપ્યા કરીશ. તારી સઘળી ગરીબી દૂર કરીશ." ડોસા માછીમારને સોનેરી માછલીની દયા આવી. એણે એને સમુદ્રમાં છોડી દીધી. સોનાની માછલી કિલ્લોલ કરતી પોતાના રાજમહેલમાં પાછી આવી. રાજમહેલમાં એની સાહેલીઓ તથા દાસીઓ ગભરાઈ ઊઠી અને એની રાહ જોઈ રહી હતી. રાજકુમારીને ક્ષેમકુશળ આવેલી જોઈને રાજમહેલમાં ખૂબ ધામધૂમથી આનંદઉત્સવ મનાયો. સાહેલીઓએ ખૂબ ગીતો ગાયાં. ફેરફૂદડી ફરીફરીને સૌ ખૂબ નાચ્યાં.

બીજી તરફ ડોસો જ્યારે ઘેર પહોંચ્યો ત્યારે ડોસીએ એને ગમે તેમ સુણાવી. જ્યારે ડોસીના ક્રોધનો ઊભરો શમી ગયો ત્યારે ડોસાએ સોનેરી માછલીની વાત કરી. ડોસી તે ઘડીએ તૂટ્યાફૂટ્યા લાકડાના કૂંડામાં કપડાં ધોતી હતી. ડોસી ખીજવાઈને બોલી, "અરે એ તો બધા જૂઠા લવારા છે. તું લાકડાનું કૂંડું નવું માગી લાવે ત્યારે હું તારી વાત સાચી માનું."

બસ, બીજે દિવસે ડોસાએ સમુદ્રકિનારે જઈ બૂમ મારી, "હે સોનેરી માછલી, તું ક્યાં છે? મારી અરજ સાંભળવાની કૃપા કર." ડોસો હજી આટલું બોલ્યો એટલામાં દયાળુ સોનેરી માછલી સમુદ્રની લહેરો ઉપર છબછબિયાં કરતી આવી પહોંચી. ડોસાએ એને જોઈને ત્રણ વાર ધરતીને પ્રણામ કીધા અને માછલીનો સત્કાર કરી બોલ્યો, "હે સમુદ્રની રાજકુમારી, મારી ડોસીને સરસ લાકડાની કૂંડી જોઈએ છે."

"એની ઇચ્છા પૂરી થશે," કહી સોનેરી માછલી અદશ્ય થઈ ગઈ.

ઘેર આવી ડોસાએ જોયું કે જૂની તૂટેલી કૂંડીની જગ્યાએ નવી સીસમની સુંદર કૂંડી ગોઠવેલી હતી. ડોસાએ સોનેરી માછલીનો અનેક વાર ઉપકાર માન્યો. પણ ડોસીનો અસંતોષી જીવ આટલાથી કંઈ થોડો સંતોષાય! ડોસી તિરસ્કારભરી નજરે તુંકારવા લાગી. "લાકડાની કૂંડી કઈ મોટી વિસાત છે કે તું દશ વાર ધન્યવાદ આપે છે. કાલે



ડોસી ખીજવાઈને બોલી: "અરે એ તો બધા જૂઠા લવારા છે. તું લાકડાનું કૂંડું નવું માગી લાવે તો હું તારી વાત સાચી માનું.

જઈને માછલીને કહેજે કે આ મઠૂલીને બદલે અમારે ફક્કડ મકાન જોઈએ છે."

બીજે દિવસે મળસકે અંધારામાં, ડોસીએ ડોસાને કશું ખવડાવ્યા-પિવડાવ્યા વગર દરિયાકિનારે કાઢ્યો. બિચારા ડોસા માછીમારે કિનારે આવી ફરી બૂમ મારી: "હે સમુદ્રની રાજકુમારી, તું ક્યાં છે? મારી પ્રાર્થના સાંભળ."

સમુદ્રમાં મોજાં ઊછળ્યાં અને એની ઉપર હિલોળા ખાતી સોનેરી માછલી આવી. ડોસાએ ટોપી ઉતારી ત્રણ વાર ધરતી ચૂમી. એને પ્રણામ કરી એ બોલ્યો, "ઓ મારી સોનેરી માછલી! મારી ડોસીને ઝૂંપડીએ રહેતાં ઘણું દુઃખ થાય છે. એને એક સરસ પાકું મકાન જોઈએ છે."

"એની ઇચ્છા પૂરી થશે," કહી સોનેરી માછલી અદશ્ય થઈ ગઈ. ઘેર આવી ડોસાએ જોયું કે તૂટીફૂટી મઠૂલીની જગ્યાએ એક સરસ મકાન ઊભું છે. એમાં ખાવાપીવાનાં અને રહેવાનાં બધાં સુખસાધનો છે. આંગણામાં ગાય બાંધી છે. ઘરની ફરતે મરઘાં દાણા ચરે છે. ચારે તરફ અનાજનાં ખેતરો લહેરાય છે. આ બધું જોઈ ડોસાએ ડોસીને કહ્યું, "હવે તો આપણે એક સુખીસમૃદ્ધ ખેડૂતની માફક રહીશું. ભલા! હવે આપણે કઈ ચીજની ખોટ છે?"

ડોસાના થોડાક દિવસ તો શાંતિથી પસાર થયા. પરંતુ ડોસી કદી પોતાની ચાલુ અવસ્થામાં સુખી રહે એવા સ્વભાવની ક્યાં હતી? એને એ પસ્તાવો થતો હતો કે મઠૂલીના બદલામાં મહેલ કેમ ન માંગ્યો? ડોસી વિચારવા લાગી કે એક ખેડૂતની સ્ત્રીનું સઘળું કામ પોતાને કરવું પડે છે. ખેતરની દેખભાળ, ગાયની સેવા, ઘરકામ આ બધું કામ કંઈ થોડું છે? ખેડૂતથી અમીર સારા કે જેને કંઈ મહેનત જ કરવાની નહિ. એટલે ફરી એણે ડોસાને કહ્યું, "હું આ મહેનતમજૂરીની જિંદગીથી અકળાઈ ગઈ છું. હવે હું પણ પૈસાવાળાની પત્નીની માફક મોજશોખમાં રહેવા માગું છું. માટે સોનેરી માછલીને કહે કે મને હવેલી, નોકરચાકર, સુખસંપત્તિ વગેરે આપે."

આ સાંભળી બિચારો ડોસો માછીમાર વળી સમુદ્રકિનારે આવ્યો અને અચકાતોખંચકાતો સમુદ્રની રાજકુમારીને બોલાવવા લાગ્યો. આ



થોડીં વાર પછી ભયંકર ગડગડાટ થયો. કાળી કાળી ગરજતી, ગાજતી
સમુદ્રની લહેરો ઉપર ચઢી સોનેરી માછલી આવી.

વખતે સમુદ્રમાં હંમેશ કરતાં વધારે મોજાંનો ખળભળાટ થયો અને સોનેરી માછલી ઉપર તરવા લાગી. ડોસાએ ત્રણ વાર ધરતી ઉપર ઝૂકી ઝૂકી સલામ ભરી. પછી બોલ્યો, "હે મારી દયાળુ રાજકુમારી! મારી ડોસી હવે અમીરોની માફક સુખચેનની જિંદગી જીવવા માગે છે."

"એની ઇચ્છા પૂરી થશે," કહી માછલી અલોપ થઈ ગઈ.

ઘેર આવીને ડોસાએ જોયું કે એના મકાનની જગ્યાએ એક આલેશાન હવેલી ખડી છે. દરેક ઓરડો સુંદર રીતે સજેલો છે. આઠ-દસ દાસદાસીઓ ડોસીની સેવામાં હાજર છે. કોઈ ડોસીના વાળ ઓળી આપે છે, તો કોઈ અરીસો લઈ ઊભી છે. બીજી નવાં પગરખાં લઈને ઊભી છે. મેજ ઉપર જાતજાતની ભોજનસામગ્રી પીરસેલી છે. તિજોરીમાં ધનદોલતદાગીના ભર્યાં પડ્યા છે. આ બધું જોઈ ડોસાએ સોનેરી માછલીનો અનેક વાર હૃદયથી આભાર માન્યો.

પણ આટલી ધનદોલત મેળવ્યા બાદ ડોસીના મગજનો પારો એકદમ ચઢી ગયો. નજીવી બાબતમાં બીચારા ડોસાને ઝાળ લાગે એવું કહેવા લાગી. દા. ત. આ ઘરમાં આ બરોબર નથી. અહીં આ બાકી છે. ફલાણું નથી. ઢીકણું નથી. તારી સોનેરી માછલીને ભાન જ ક્યાં છે? એ આ વસ્તુ આપવાનું ભૂલી ગઈ. બીચારો ડોસો ડોસીનો કટકટારો સાંભળી બેસી રહેતો. એ એની મૂર્ખતાની દયા પણ ખાતો. પણ ડોસી સાથે માથાઝીક કરી કજિયોકંકાસ વધારવા નહોતો માગતો.

એક દિવસ ડોસીને બહાર ફરવા જવાનો શોખ થયો. એણે પોતાના ઉમદા સ્વભાવના પતિને ઘોડાગાડી જોડી લાવવાનો હુકમ કર્યો. બિચારા ડોસાએ ગાડી લાવીને દરવાજા સામે ખડી કરી. દુષ્ટ ડોસી ગાડીમાં બેઠી કે તરત જ ઘોડા ઊછળવા લાગ્યા. ડોસાએ લગામ ખેંચી કે ઘોડા શાંત થઈ ગયા. ડોસીએ હુકમ કર્યો ને ડોસાએ ગાડી ચલાવવા માંડી. કેટલાય માઈલની મોજ કરી ડોસી જ્યારે ઘેર પાછી ફરી ત્યારે ડોસા ઉપર ઘૂરકી ઊઠી: "હું ઘોડા-ગાડીમાં ફરવાનું પસંદ નથી કરતી કારણ કે સડક ઉપર ધૂળ ઘણી ઊડે છે. વળી જે પ્રમાણે લોકો રાણીને લળીલળીને સલામ

ભરે છે એવી રીતે કોઈ મને સલામ નથી ભરતું. મને આવું અપમાન-કારક જીવન પસંદ નથી. તું કાલે જ જઈને સોનેરી માછલીને કહે કે મને એક મહારાણી બનાવી દે."

બિચારો ડોસો ડોસીના દુરાગ્રહથી કંટાળી ગયો. તે સોનેરી માછલીને ત્રાસ આપવા નહોતો માગતો અને ન જાય તોપણ ડોસાની ખેર રહે તેમ નહોતું! એ જાણતો હતો કે વરદાન માગ્યા વગર આવશે તો ડોસી એને ઘરમાં પેસવા નહીં દે. એણે આખરે પરિણામની ચિંતા કર્યા વગર માછલીને પોકારી, "ઓ મારી સોનેરી રાજકુમારી! કૃપા કરીને મારી પ્રાર્થના સાંભળ." આ વખત સમુદ્રમાં ડુંગર જેવડાં મોજાં ઊછળ્યાં અને એક મોટા મોજા સાથે સોનેરી માછલી ઉપર આવી પહોંચી અને ડોસાને પૂછ્યું:

"હવે તારી ડોસીને બીજું શું જોઈએ છે?" ડોસાએ ડરતાં ડરતાં પોતાની લોભી ડોસીની ઇચ્છા બતાવી. 'ઠીક, જા, ડોસીની એ ઇચ્છા પણ પૂરી થશે.' આમ કહી સોનેરી માછલી અદશ્ય થઈ ગઈ.

ઘેર આવી ડોસાએ જોયું કે હવેલીની જગ્યાએ રાજમહેલ ખડો છે. રાજમહેલની ચારે તરફ ઊંચો કોટ છે. કોટની સાથે જ લગોલગ ઊંડી ખાઈ ખોદી છે. એ કિલ્લામાં મહેલની સૌથી સુંદર જગ્યાએ દાસદાસીઓથી વીંટળાયેલી ડોસી બેઠી છે. માથે મુગટ સોહે છે. રાજસી પોશાક અને તાજ માથે પહેરી ડોસી ઠસ્સાભેર સિંહાસન ઉપર બેઠી છે. દરેક દરવાજે ભાલા સહિત સિપાઈ પહેરો ભરે છે. ડોસાએ પણ ત્યાં જઈ અદબભેર ડોસીને ઝૂકીને સલામ ભરી. હવે ડોસીનું મગજ ઠેકાણે ન રહ્યું. પોતાના ઉમદા પતિને લીધે આજે મહારાણી બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું છતાં એને જોઈને એ એકદમ દાંતિયાં કરવા લાગી. એણે પહેરેગીરોને કહ્યું, "આ ભિખારી ડોસાને ધક્કા મારી મહેલ બહાર કાઢો." બિચારો ડોસો પહેરેગીરોના ધક્કા ખાતો મહેલ બહાર થાકીને ગબડી પડ્યો. એની ટોપી પાછળ સરી પડી. એક દયાળુ દાસીએ એ ટોપી ઉઠાવી ધીરે રહીને ડોસાને આપી. બિચારો ડોસો હવે ઘોડાની સાથે ગભાણમાં રહેવા લાગ્યો.

એને પોતાની ડોસીના અભિમાન ઉપર રહી રહીને પસ્તાવો થતો હતો. જ્યારે એ સાંભળતો કે ડોસી દાસદાસીઓને ઠોકરે ઉડાવતી હતી, ભૂલ થતાં ચાબકે મારતી હતી ત્યારે તો ડોસાના દુઃખનો પાર ન રહેતો!

એક દિવસ રાતના સમુદ્રમાં ભારે તોફાન થયું. ડોસી મહારાણી એ વખતે સૂવાની તૈયારી કરતી હતી. એને સમુદ્રનો ગડગડાટ ગમ્યો નહિ. થોડી વાર સુધી મહેલની બારીમાંથી સમુદ્રનું તોફાન એ જોઈ રહી. પછી એના મનમાં વિચાર સ્ફુર્યો, "જો હું સમુદ્રની રાણી બની જાઉં તો સમુદ્રને પણ મારા તાબામાં રહેવું પડશે. ફરી કદી એ પ્રમાણે ગરજશે નહિ. સમુદ્રની રાણી બનું તો પછી સોનેરી માછલી પર પણ મારો અમલ ચાલશે. પછી મારાથી વધારે શક્તિશાળી દુનિયામાં કોણ હશે?"

બસ, બીજે જ દિવસે ડોસીએ સિપાઈઓને હુકમ કર્યો કે ડોસા માછીમારને મારી સામે હાજર કરો. એનો હુકમ થતાં જ કસાઈ જેવા સિપાઈઓ ડોસાને ખુલ્લા પગમાથા સાથે ઘસડતા ત્યાં લઈ આવ્યા. એ પ્રામાણિક ડોસો તબેલામાં ખુશ રહેતો કારણ કે એને ત્યાં આરામ હતો. એને સમજાતું ન હતું કે ડોસીને મહારાણી બન્યા પછી કઈ વાતની કમી હતી, દુનિયાની કઈ ચીજ એના હાથમાં ન હતી! ડોસાને આશ્ચર્ય થતું હતું કે મહારાણી બન્યા પછી પણ હવે એની કઈ ઇચ્છા બાકી રહી ગઈ હતી!

બુઢ્ઢી મહારાણીએ ડોસાને ખખડાવીને કહ્યું, "તું હમણાં જ સમુદ્ર-કિનારે જા અને સોનેરી માછલીને હુકમ કર કે મારી મહારાણી સમુદ્ર ઉપર રાજ કરવા માગે છે અને એની ઇચ્છા એમ છે કે તું તારી સખીઓ સાથે સેવામાં હાજર થાય."


ડોસાને આશ્ચર્યસહિત પોતાની તરફ જોતો જોઈ બુઢ્ઢી મહારાણીએ ઘાંટો પાડી કહ્યું, "શું જુએ છે? જા અત્યારે જ જા. મારો હુકમ છે. તારે જવું જ પડશે."

બિચારો ડોસો ખૂબ દુઃખી હૃદયને સમુદ્રકિનારે આવ્યો. એ વખતે આકાશ વાદળોથી છવાયેલું હતું, વીજળી ચમકતી હતી, વાદળો ગરજતાં હતાં. ડોસાએ ડરતાં ડરતાં સોનેરી માછલીને બોલાવી કે

તુરત જ સમુદ્રમાં ભારે તોફાન થયું. મોજાંએ સમુદ્રમાં ઊથલપાથલ કરી દીધી. મુશળધાર વરસાદ પડવા લાગ્યો. ડોસો આ તોફાનમાં ભીંજાતો ભીંજાતો ઊભો રહ્યો. થોડી વાર પછી ભયંકર ગડગડાટ થયો. કાળી કાળી ગરજતી, ગાજતી સમુદ્રની લહેરો ઉપર ચઢી સોનેરી માછલી આવી. એણે એક રાજકુમારીની અદાથી પૂછ્યું, "બુઢ્ઢા દાદા, હવે મહારાણી બન્યા પછી તારી ડોસીની કઈ ઇચ્છા બાકી રહી ગઈ છે?"

ડોસાએ ધરતી ઉપર લળીલળીને ત્રણ વાર સલામ ભરી. ગભરાતાં ગભરાતાં એણે પોતાની ડોસીની અભિમાનભરી ઇચ્છા સંભળાવી. એ સાંભળી સમુદ્રે જાણે ક્રોધભર્યો હુકમ કર્યો. મોજાં ગરજવા લાગ્યાં. અને સોનેરી માછલી સિંહાસન સાથે અલોપ થઈ ગઈ!

કોઈ ઉત્તર ન સાંભળી ડોસો ચૂપચાપ રાજમહેલ તરફ ફર્યો. ત્યાંનો ફેરફાર જોઈ દિંગ થઈ ગયો! હવે ન તો ત્યાં મહેલ હતો કે દાસ દાસી. એને બદલે એ જ પુરાણી મઢૂલી અને તૂટેલી કૂંડી. અસંતોષી ડોસી એ તૂટેલી કૂંડીમાં બેઠી બેઠી કપડાંને સાબુ લગાવતી હતી. એ જોઈ ડોસો એક ફિલસૂફની જેમ બોલ્યો, "અસંતોષી માણસ સંસારમાં કદી સુખી થતો નથી. અભિમાન કદી કોઈનું રહેતું નથી."



આજ્ઞાંકિત પુત્ર

(કોરિયન લોકવાર્તા)

અવનીન્દ્ર

અંજુ નામે એક ગામ હતું. તેમાં રહેતો હતો, કિમ નામનો એક માણસ. જ્યારથી એ સમજણો થયો, દુનિયા ઓળખતો થયો, ત્યારથી એણે કદી પણ પૈસા કમાવાનું કોઈ કામ કર્યું ન હતું. આમતેમ રખડપટ્ટી, ગામગપાટા અને રમવાકૂદવામાં આખો દિવસ એ પૂરો કરતો. આખરે વખત એવો આવ્યો કે એની પાસે ફૂટી કોડી પણ ન રહી. ત્યારે એણે ગામથી દૂર રહેતા પોતાના સગાને ત્યાં જવાનો વિચાર કર્યો. એનો આ સગો ઘણો ધનવાન હતો. એની પાસેથી બેચાર હજાર રૂપિયા એ સહેલાઈથી મેળવી શકે એમ હતું. વિનાસંકોચે કિમ એની પાસે પહોંચ્યો. શરમ છોડીને, જરા પણ ખંચકાયા વગર એણે એની પાસે બે હજાર રૂપિયા માગ્યા. એના ધનવાન સગા ઉપર એની ઠસ્સાભરી માગવાની રીતનો પ્રભાવ પડ્યો. કિમની હાલત જોઈ એને દયા આવી. એણે કિમ તરફ દયા બતાવી. ગમે તે કારણ હો પણ પેલા ધનવાને કિમને તરત જ બે હજાર રૂપિયા આપ્યા. કિમ રૂપિયા લઈ ખુશ થતો થતો પોતાને ગામ પાછો ફર્યો.

રસ્તામાં એક નદી આવતી હતી. એને ઓળંગવા માટે કિમ નદીકિનારે હોડીની રાહ જોતો બેઠો. ત્યાં એણે એક વિચિત્ર દૃશ્ય જોયું. એક જુવાન પુરુષ નદીના ખડક ઉપર ઊભો રહી નદીમાં પડવાનો પ્રયત્ન કરતો હતો. જ્યારે એની પાસે ઊભેલી જુવાન સ્ત્રી એનો કોટ પકડી એને પાછળ ખેંચી રહી હતી. પછી પેલી સ્ત્રી પાણીમાં પડવા તત્પર થઈ. પેલો જુવાન એનો હાથ પકડી એને રોકવા લાગ્યો. આવું દૃશ્ય જોઈ કિમને ઘણું આશ્ચર્ય થયું. આ બંને આમ શા માટે કરી રહ્યાં છે એની એણે તપાસ કરી. તપાસ કરતાં જણાયું કે જ્યાં પેલો જુવાન નોકરી કરતો હતો ત્યાં હિસાબમાં ગોટાળો થયો હતો અને બે હજાર રૂપિયાની ઘટ આવતી હતી. જો આ જુવાન બે હજાર રૂપિયા

તરત હાજર ન કરે તો એની પાસે આત્મહત્યા કરવા સિવાય કોઈ રસ્તો ન હતો. એટલા માટે એ જુવાન ડૂબી મરવા માગતો હતો. અને એની પત્ની એને એમ કરતાં રોકતી હતી. પત્ની એમ પણ ડર બતાવતી હતી કે જો એનો પતિ એનું સાંભળશે નહીં તો પોતે એના કરતાં પહેલાં નદીમાં પડી પ્રાણત્યાગ કરશે.

આ જુવાન દંપતીનું દુઃખ જોઈ કિમનું હૃદય પીગળી ગયું. એ પોતાનું દુઃખ ભૂલી ગયો. એણે પોતાની પાસે જે બે હજાર રૂપિયા હતા તે આ બંનેને આપી દીધા. એણે પોતે ખાલી હાથે પોતાના ગામનો રસ્તો પકડ્યો. દંપતીએ એનાં નામઠામ પૂછ્યાં ત્યારે 'અંજુનો કિમ' એ સિવાય બીજું કશું એણે જણાવ્યું નહીં.

કિમ ખાલોમાલો ઘેર આવ્યો. એની ગરીબીમાં કંઈ ફેર ન પડ્યો. આ બનાવના થોડા દિવસ પછી એ એક બુદ્ધ સાધુ પાસે જવા લાગ્યો. એટલે આડોશીપાડોશીને વહેમ પડ્યો કે એ બુદ્ધ સાધુ બની જશે. પરંતુ કિમે પોતાનો ધર્મ બદલ્યો નહીં. હા, પેલા સાધુને એણે પોતાનો ગુરુ બનાવ્યો ખરો.

આ પ્રમાણે કેટલાંક વરસો વીતી ગયાં. કિમને લાગવા માડ્યું કે એનો અંતકાલ નજીક છે. ત્યારે એણે એના પુત્રને બોલાવીને એની મરણક્રિયા કેવી રીતે કરવી તે જણાવ્યું. બુદ્ધ સાધુને મળી એની આજ્ઞા અનુસાર એના શરીરની વિધિ કરવી. પુત્રને આવો કડક આદેશ આપી કિમે દેહ છોડ્યો.

કિમનો પુત્ર ઘણો જ આજ્ઞાંકિત હતો. વળી પિતાની અંતિમ સમયની ઇચ્છાનું કેવી રીતે ઉલ્લંઘન થાય ? એટલે એણે પિતાની ઇચ્છા અનુસાર વર્તવાનું નક્કી કર્યું. પિતાના મરણથી એને અત્યંત દુઃખ થયું તોપણ દુઃખ સહન કર્યું. એણે પોતાના પિતા કિમનું શરીર કપડામાં વીંટ્યું. તેનું પોટલું બનાવી ખાંધ ઉપર ભેરવી પેલા બુદ્ધ સાધુની તપાસમાં ચાંગગેન પહાડના શિખર તરફ ચાલી નીકળ્યો. ઘણે ઊંચે જ્યારે એ પહોંચ્યો ત્યારે એને સાધુની ઝૂંપડી નજરે પડી. બોજાને લીધે એ જેમતેમ ત્યાં પહોંચ્યો. સાધુ સમાધિ લગાવી બેઠો હતો.

ધ્યાનભંગ થતાં સાધુએ છોકરાને જોયો અને છોકરાને સંબોધીને કહ્યું, "આ પહાડીમાં જે ઊંચી હવેલી દેખાય છે તેને તોડી પાડી તેની પાછળની સપાટ જમીનમાં તારા પિતાની અંતિમ વિધિ કરવી જોઈએ."

સાધુની વાત સાંભળી છોકરો ગભરાયો. એણે પીઠ પરનો ભાર નીચે મૂક્યો અને કપાળ ઉપરનો પરસેવો લૂછવા લાગ્યો. સાધુની વાત સાંભળી એને જાણે તમ્મર આવ્યાં! પિતાના શબને કેટલે દૂરથી ઊંચકી અહીં લાવ્યા બાદ એની અંતિમ વિધિ ક્યાં કરવી તેની હજી એને સમજ પડતી ન હતી. જે ઊંચી હવેલી દેખાતી હતી તેને તોડી પાડી જે સપાટ જમીન તૈયાર થાય ત્યાં એના પિતાના શબની વિધિ કરવાની. મતલબ કે પહેલાં એ હવેલીને ખરીદવી, પછી એને તોડી પાડવી. આ બધી ખટપટ અને ઊથલપાથલ શા માટે એમ એ એના મનમાં વિચારવા લાગ્યો. સાધુ એની મજાક તો નથી ઉડાવી રહ્યો એવી શંકા પણ એના મનમાં પેદા થઈ. એટલે એણે જ્યારે સાધુના ચહેરા તરફ જોયું તો એવું કાંઈ જણાયું નહિ.

સાધુ સમાધિમાંથી ઊઠી ઊભો થયો. એણે ઇશારાથી કહ્યું કે શબને અહીં છોડી મારી પાછળ પાછળ આવ. ધીરે ધીરે અંધારું વધતું હતું. જ્યારે બંને એ હવેલીની પાસે પહોંચ્યા ત્યારે ગાઢ અંધકાર છવાઈ ચૂક્યો હતો.

હવેલીની ચારે તરફની દીવાલ બહુ ઊંચી ન હતી. સાધુએ છોકરાને પોતાની પીઠ ઉપર ચઢી દીવાલની પેલી તરફ શું છે તે જોવા કહ્યું. સાધુની આ વાતથી છોકરાને જરા પણ નવાઈ ન લાગી કારણ કે કોરિયામાં એમ મનાય છે કે દીવાલની પાછળ જોવાથી કંઈ અનિષ્ટ થાય. છોકરાને તરત જ એનો પરચો જણાયો. સાધુની પીઠ ઉપર ચઢી જ્યારે છોકરાએ દીવાલની પાછળ જોવાનો પ્રયત્ન કર્યો કે તરત જ સાધુએ એને જોરથી ધક્કો મારી ઝાડીમાં ગબડાવી દીધો. એનું માથું જમીન ઉપર પહેલું પછડાયું. માથું નીચે અને પગ ઉપર એવી હાલતમાં એ પડ્યો. આવી હાલતમાં એને કોઈ પણ ચોર સમજી મનફાવે તેટલો માર મારી શકે તેમ હતું. ત્યાંથી પડ્યા પડ્યા એણે હવેલી તરફ જોયું.

એણે જોયું કે દરવાજામાંથી એક સ્ત્રી આવી રહી છે. એ આગળ વધી અને ત્યાં બાંધેલ એક ચોતરા ઉપર આવી બેસી ગઈ. ચોતરા પર બાંધેલ સમાધિ સમક્ષ હાથ જોડી એણે પ્રભુને પ્રાર્થના કરવા માંડી. ધીરે ધીરે એની પ્રાર્થના સંભળાવા લાગી. એ બોલી રહી હતી :




ત્યાં એણે એક વિચિત્ર દૃશ્ય જોયું. એક જુવાન પુરુષ નદીના ખડક ઉપર ઊભો રહી નદીમાં પડવાનો પ્રયત્ન કરતો હતો. જ્યારે એની પાસે ઊભેલી જુવાન સ્ત્રી એનો કોટ પકડી એને પાછળ ખેંચી રહી હતી.

“હે ભગવાન, જે દેવ જેવા પુરુષે મારું અને મારા પતિનું કલ્યાણ કર્યું છે, એનાં તું દર્શન કરાવ. એનું નામ કિમ છે.”

એ સાંભળી પેલો તરુણ યુવક ઝટપટ પોતાનાં કપડાં ખંખેરી ઊભો થયો. એણે પોતાના બાપના સંબંધમાં આ વાત સાંભળી હતી. આજુબાજુ, હજી પણ અંધકાર છવાયેલો હતો. પણ એના માથા પર પ્રકાશ હતો. એને ઊભો થતો જોઈને ઘરના નોકરોએ એને એકદમ પકડી લીધો અને મકાનમાલિકની સામે ખડો કર્યો. “કેમ શું છે? તું

કોણ છે? અહીં શું કરતો હતો?" "હું અંજુનો કિમ છું. મારા મૃત્યુ પામેલા બાપની અંતિમ ક્રિયા કરવા હું યાંગગેન આવ્યો છું."



ધ્યાનભંગ થતાં સાધુએ છોકરાને જોયો અને છોકરાને સંબોધીને કહ્યું: "આ પહાડીમાં જે ઊંચી હવેલી દેખાય છે તેને તોડી પાડી તેની પાછળની સપાટ જમીનમાં તારા પિતાની અંતિમ વિધિ કરવી જોઈએ."

"શું કહ્યું? અંજુનો કિમ? જેણે અમારો ઉદ્ધાર કરી અમને નવજીવન દીધું તે? ઓહ! તું કિમ જેવો જ દેખાય છે! તું એનો પુત્ર તો નથી?"

"હા, હા. હું એનો જ પુત્ર છું."

"ભગવાન! તને અનેકાનેક ધન્યવાદ હજો. આટલા દિવસથી જેને શોધતાં હતાં તે આખરે આજે મળ્યો. હે જુવાન! તું અમારે માટે પુત્ર સમાન છે. તારા પિતાની મહેરબાનીથી અમારી ઘણી આબાદી થઈ. આજનો વૈભવ એની કૃપાનું ફળ છે. અમારી સંપત્તિનો અડધો હિસ્સો અમે પહેલેથી તારે માટે અલગ રાખ્યો છે."

કૃતજ્ઞતાથી છોકરો ગળગળો થઈ ગયો. એને ડૂમો ભરાઈ આવ્યો. એના પિતાના પુણ્યથી આજ એના સર્વ દુઃખનો અંત આવ્યો.

સમુદ્ર ખારો કેમ?

(જાપાની લોકવાર્તા)

રામોજી મૂતો

પુરાણા જમાનાની વાત છે. એક ગામમાં બે ભાઈ રહેતા હતા. મોટો ભાઈ હતો તવંગર પણ નાનો છેક ગરીબ. એક વખત નવા વર્ષને દિવસે સારું શહેર ઉત્સવની તડામાર તૈયારી કરતું હતું. આ વખતે નાના ભાઈને ત્યાં ખાવાનો એક દાણો યે ન હતો! એ પોતાના મોટાભાઈને ત્યાં એક શેર ચોખા ઉછીના લેવા ગયો. પરંતુ એણે એને રોકડો જવાબ સુણાવી પાછો કાઢ્યો. જ્યારે એ ઉદાસ મને ઘર પાછો ફરતો હતો ત્યારે રસ્તામાં એને લાકડાંનો મોટો ભારો ઊંચકી આવતો એક ડોસો મળ્યો. ડોસાએ એને કહ્યું, "તું ક્યાં જાય છે? તું કોઈ આફતમાં આવી પડ્યો છે કે શું?"

નાના ભાઈએ એને એની સારી આપવીતી કહી. ડોસાએ એને આશ્વાસન આપતાં કહ્યું, "જો તું આ લાકડાનો ભારો મારા ઘર સુધી પહોંચાડી આપીશ તો હું તને એવી અદ્‌ભુત ચીજ આપીશ કે જેની મદદથી તું આબાદ થઈ જશે."

નાનો ભાઈ ઘણો દયાળુ સ્વભાવનો હતો. એણે લાકડાનો ભારો માથે ઉઠાવી ડોસાની પાછળ પાછળ ચાલવા માંડ્યું.

ઘર પહોંચી ડોસાએ એને એક માલપૂડો આપ્યો અને કહ્યું, "આ લઈ તું મંદિર પાછળના જંગલમાં જા. ત્યાં એક ગુફા છે. તેમાં ઘણા વેંતિયા રહે છે. આ વેંતિયાઓને માલપૂડા ઘણા ભાવે છે. એ કોઈ પણ કિંમત આપી માલપૂડા લેવા માગશે. એ વખત ધનદોલત ન માગતાં તું પથ્થરની ઘંટી માગી લેજે. પાછળથી તને ઘંટીની કરામત સમજાશે."



તે બોલ્યો : "મહેરબાની કરી આ માલપૂડો મને આપી દે; એના બદલામાં તને પુષ્કળ ઝવેરાત આપીશ."

ડોસાની વિદાય લઈ નાનો ભાઈ પેલા જંગલમાં આવ્યો. મંદિરથી કંઈક દૂર એક ગુફામાં ઘણા વેંતિયા આવ-જા કરતા એણે જોયા. વેંતિયા એક ઝાડને ખેંચીને ગુફા તરફ લઈ જવાની મહેનત કરતા હતા. આ કામ એ લોક માટે અતિ કઠિન હતું.

નાના ભાઈએ કહ્યું, "ચાલો તમારા વતી હું આ ઝાડ ગુફા સુધી ઊંચકી લઉં." જ્યારે એ ગુફાની પાસે આવ્યો ત્યારે એને ઝીણો અવાજ સંભળાયો. "મને બચાવો, હું મરી ચાલ્યો." એ સાંભળી નાના ભાઈએ ગભરાઈને ચારેપાસ જોયું. એના પગની આંગળીની વચમાં એક નાનો વેંતિયો ભચડાઈ રહ્યો હતો. એણે ફટ વેંતિયાને ઊંચકી લીધો. એ હતો વેંતિયાઓનો રાજકુમાર.

આ રાજકુમારની નજર માલપૂડા ઉપર પડી. "મહેરબાની કરી આ માલપૂડો મને આપી દે. એના બદલામાં તને પુષ્કળ ઝવેરાત

આપીશ." પણ નાનાભાઈને ડોસાની વાત યાદ હતી. એણે માલ-પૂડાના બદલામાં પથ્થરની ઘંટી માગી. છેવટે રાજકુમારની ઇચ્છા સંતોષવા વેંતિયાઓના રાજાએ પથ્થરની ઘંટી આપવા કબૂલ્યું. હવે ઘંટી લઈ નાનો ભાઈ ચાલવા માંડ્યો. એટલામાં વેંતિયાઓના રાજાએ કહ્યું, "જો ભાઈ, આ અમારા રાજ્યની સૌથી મૂલ્યવાન ચીજ છે. એનો ઉપયોગ સમજીવિચારીને કરજે. તું ઘંટીને જમણી તરફ ફેરવીશ અને જે ચીજ માગીશ તે મળશે અને જ્યાં સુધી એને ડાબી તરફ ફેરવીશ નહિ ત્યાં સુધી માગેલી ચીજ નીકળ્યા જ કરશે."

નાનો ભાઈ ઘંટી લઈ ઘેર આવ્યો. એની સ્ત્રી પતિની રાહ જોતી ભૂખીતરસી બેઠી હતી. પતિને ખાલી હાથે આવતો જોઈ એ ઘણી નિરાશ થઈ. પણ નાના ભાઈએ આવતાંવેંત કહ્યું, "જલદીથી સાદડી બિછાવો." સાદડી ઉપર ઘંટી ગોઠવી નાના ભાઈએ એને જમણી તરફ ફેરવી કહ્યું, "ચોખા નીકળ" બસ, કહેતાંવેંત ચોખાનો ગંજ ખડકાયો. વળી પાછો એ બોલ્યો, "માછલી નીકળ" તો માછલીનો ઢગલો વળ્યો. આ પ્રમાણે જરૂરિયાતની બધી ચીજ એણે ઘંટી દ્વારા મેળવી લીધી.

પછી એને વિચાર આવ્યો કે હવે તો હું માલદાર માણસ છું. મારે આલીશાન મકાનમાં રહેવું જોઈએ. એટલે એણે ઘંટી ફેરવી નવું મકાન, ઘોડાર, ગોદામ વગેરે સર્વ એશઆરામની ચીજો માગી લીધી. પછી એણે સઘળા આડોશીપાડોશીને મોટી મિજબાની આપી. આ પ્રમાણે નવા વર્ષનો ઉત્સવ એણે ખૂબ ધામધૂમથી ઊજવ્યો.

આ જોઈ મોટો ભાઈ વિચારવા લાગ્યો કે મારો નાનો ભાઈ એક રાતમાં લખપતિ કેવી રીતે બની ગયો? દાળમાં જરૂર કંઈ કાળું છે. એ છુપાઈને દરવાજા પાછળ ઊભો રહ્યો. એણે જોયું કે નાનો ભાઈ ઘંટી ફેરવી મીઠાઈઓના ટોપલા ભરી ભરી મહેમાનોને પહોંચાડે છે. મોટા ભાઈએ નિશ્ચય કર્યો કે કોઈ પણ પ્રકારે એ ઘંટી તફડાવવી.


રાતના જ્યારે બધાં ઊંઘી ગયાં ત્યારે એ પાછલે બારણેથી નાના ભાઈના ઘરમાં ઘૂસ્યો. ઘંટી ઉઠાવી એ એક વહાણમાં ગોઠવાયો. એણે

વિચાર્યું કે ઘંટી લઈ એ કોઈ એકાન્ત ટાપુમાં જઈ લખપતિ બની રહેશે. પણ બન્યું એમ કે હોડીમાં જરૂરિયાતની બધી વસ્તુઓ એ લઈ ગયો હતો પણ મીઠું લાવવાનું ભૂલી ગયો હતો. એણે ઘંટી ફેરવી કહ્યું, "મીઠું આપો, મીઠું આપો" આમ કહેતાંવેંત ઘંટીમાંથી મીઠાના ઢગ ને ઢગ ખડકાવા માંડ્યા. મોટાભાઈને ઘંટી અટકાવવાની ચાવીની ખબર ન હતી. પરિણામે મીઠાના વજનને લીધે મોટો ભાઈ હોડી સાથે ડૂબી ગયો.

લોકો કહે છે કે ત્યારથી એ ઘંટી સમુદ્રમાં ફર્યા જ કરે છે અને મીઠું નીકળ્યા કરે છે. તેથી સમુદ્રનું પાણી ખારું રહે છે.



પરિણામે મીઠાના વજનને લીધે મોટો ભાઈ હોડી સાથે ડૂબી ગયો.



હું સર્વ જાનવરોને તથા પક્ષીઓને–ભલે બેપગાં હો કે ચારપગાં, નીચી કક્ષાનાં હો કે ઊંચી, નાનાં હો કે મોટાં–સર્વને આજ્ઞા કરું છું કે ભવિષ્યમાં બધાં મરઘી જેવાં ઈંડાં સેવે.

મરઘીનાં ઈંડાં

(જર્મન લોકકથા)

મહાદેવ કરમરકર

એક વાર એમ બન્યું કે બધાં જાનવરોએ ગધેડાને પોતાનો રાજા બનાવ્યો. ગધેડાના પ્રધાનમંડળમાં વાંદરો મુખ્ય પ્રધાન બન્યો અને તેથી એના સઘળા સગાસંબંધી એના જેવા શક્તિશાળી બની મોટા મોટા હોદ્દા ઉપર ગોઠવાયા. મરઘો મહારાજ ગર્દભરાજનો અંગત મંત્રી બન્યો અને જે બધા મરઘા એના મિત્રો હતા તે સૌને જાતજાતનાં ખાતાંમાં મોટા હોદ્દેદારો બનાવી દીધા. ગધેડાને મરઘીઓ ઘણી ગમતી કારણ કે એ મોટાં મોટાં, ગોળ ગોળ, સુંદર ઈંડાં સેવતી. ઈંડાં લાગે કેવાં સરસ! મન લોભાવે તેવાં! નજરે ના ચઢે તેવાં નાનાં પણ નહિ; તેમ જોવા ના ગમે તેવાં બહુ મોટાં પણ નહિ. મુખ્ય વાત તો એ હતી કે

ઈંડાંમાંથી જે નાનાં બચ્ચાં જનમતાં તે એટલાં તો પ્યારાં અને એવાં તો સુંવાળાં કે ન પૂછો વાત! ગર્દભરાજે જોયું કે એ સૌથી શક્તિશાળી મોટો સમ્રાટ બની ગયો છે ત્યારે એણે વિચાર્યું કે આખા રાજ્યમાં એકતા અને સરખાપણું લાવવું જોઈએ કે જેથી કરીને બધાનાં, એક સરખા વિચાર, ભાષા અને રહેણી-કરણી બની જાય.

આમ વિચારી મહારાજાએ દરબાર ભર્યો. એમાં બધાં પ્રાણી પક્ષીઓને બોલાવવામાં આવ્યાં. દરબારમાં દબદબાભેર ગર્દભરાજ સિંહાસન ઉપર વિરાજ્યા. બગદજી, વાંદર મહાશય અને મરઘા સાહેબ પોતપોતાની જગ્યાએ ગોઠવાયા. દરબારમાં કામકાજ શરૂ થયું. મહારાજાએ રાજ્યભરમાં એકતા ને સમાનતા લાવવા ઉપર ભારપૂર્વક પોતાના વિચારો જણાવ્યા. બધાં જાનવરોએ રાજાની વાત સાંભળી અને એની 'હા'માં 'હા' ભેળવી જોરથી આનંદના પોકારો સહિત પોતાની પસંદગી જાહેર કરી, ત્યારે ગર્દભરાજે સર્વને પ્રણામ કરી કહ્યું, "ભાઈઓ, તમારા સહકારથી મને ઘણો આનંદ થયો. મને વિશ્વાસ છે કે તમે તમારી વર્તણૂક દ્વારા તમારા આચારવિચારમાં એકતાનો ભાવ લાવશો. સાથેસાથે હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે નવી પેઢીનું નિર્માણ નવીન ઢબથી થાય. હું એ ચાહું છું કે આપણી નવી પેઢી એક-સરખા આચારવિચારવાળી હોય કે જેથી કોઈ દિવસ દેશમાં ઝઘડાવિખવાદ ન થાય અને બધાં સુખચેનથી હળીમળીને રહે. તમને બધાને મારી સઘળી વાત પસંદ આવી જાણી મને ઘણો આનંદ થયો. મારી એવી ઇચ્છા છે કે આગળ જતાં બધાં જાનવરો એકસરખાં સંતાન પેદા કરે. મરઘા જેવી ભોળી, પ્યારી, ઉમદા બીજી કઈ જાતિ હશે? આપણી આગલી પેઢી એના જેવી જ થઈ જાય તો એકતા અને સરખાપણું પૂર્ણ સ્વરૂપે પ્રગટે. એટલે આપના મહારાજા તરીકે હું સર્વ જાનવરો તથા પક્ષીઓને — ભલે બેપગાં હો

કે ચારપગાં, નીચી કક્ષાનાં હો કે ઊંચી, નાનાં હો કે મોટાં — સર્વને આજ્ઞા કરું છું કે ભવિષ્યમાં બધાં મરઘી જેવાં ઈંડાં સેવે. મને વિશ્વાસ છે કે તમે બધાં મારા આ આદેશનું સફળ રીતે પાલન કરશો."

રાજાની મોટા અવાજે જાહેર કરાયેલી આજ્ઞા બધાંએ સાંભળી. સાંભળતાંવેંત ત્યાં હાહાકાર મચ્યો! પરંતુ બધી દિશામાં બળદજીનું સૈન્ય ગોઠવેલું હતું. એમનાં શીંગડાં, વિરોધ કરનારને પ્રાણદંડ દેવા તૈયાર હતાં એટલે કોઈએ આ આજ્ઞાનો વિરોધ જાહેર કરવાનું જોખમ ન ખેડયું. એક નાનીઅમસ્તી ચકલીએ જરા અમસ્તો વિરોધ જાહેર કરવાની હિંમત કરી. એણે એના ઝીણા સાદમાં કહ્યું, "હે મહારાજ, આપની આજ્ઞા હું માથે ચડાવું છું. પરંતુ મારી એક વિનંતી છે કે આપ સૌથી પહેલાં આપના સર સેનાપતિ તથા તેના ભાઈઓને આજ્ઞા કરો કે એ બધા આપના આ કાયદાનું પાલન કરે અને બધાને દાખલો બેસાડે."

પરંતુ એ બિચારી ચકલીને પકડીને સામે લાવવામાં આવી. એનો ન્યાય કરવા મોટા ન્યાયાધીશો નીમાયા. એ લોકે એકમતે જાહેર કર્યું કે બળદની જાતિને ઈંડાં મૂકવાની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવે છે. ચકલીને રાજાની બેઇજ્જતી કરવાના ઘોર અપરાધ માટે મોતની સજા કરવી. બસ. એને મારી નાખવામાં આવી. પછી એકે યે વિરોધી અવાજ નીકળ્યો નહિ.

આ બનાવથી મહારાજ વિચારમાં પડયા. એણે પોતાના મંત્રી-મંડળ સાથે સલાહમસલત કરીને જાહેર કર્યું કે સઘળા રાજ્યનિવાસી-ઓએ સ્વરાજ્ય-પ્રાપ્તિને દિવસે થનારા મહોત્સવમાં સામેલ થવું અને ભરદરબારમાં હાજરી આપવી. ત્યાં બધાએ શપથ લેવા કે દરેક એકતા નિર્માણ કરવા માટે પૂરેપૂરો સાથ આપશે અને ભવિષ્યમાં મરઘી જેવાં ઈંડાં મૂકશે.

સ્વરાજ્ય-પ્રાપ્તિ-દિનનો મહોત્સવ શરૂ થયો અને બધા રાજાની આજ્ઞા અનુસાર દરબારમાં પહોંચી ગયા. ત્યાં વાઘ અને સિંહ આવ્યા;

કૂતરા ને બકરી આવ્યાં; કુક્કર, વરુ, બગલા તથા ગરુડ પણ આવ્યાં. સર્વના ઉપરી ગર્દભરાજ ઊંચે સિંહાસન ઉપર વિરાજ્યા. રાજાની જમણી બાજુ સેનાપતિ બળદજી ગરદન ઝુકાવતા, શિંગડાં સોહાવતા બેઠા છે. એની આંખમાં ભયાનક તેજ ચમકે છે. ડાબી તરફ વાંદર મહાશય છે. એમની છાતી ઉપર સોનાનો ચાંદ ચમકે છે. પોતાના હાથમાં લાંબી લાંબી યાદી લઈ એ એક પછી એક નામ બોલતા જાય છે.

શરૂઆતમાં સિંહનું નામ બોલાયું. તે ધીરેધીરે સિંહાસનની પાસે ગયો. એમ જ માની લો કે એનો અવાજ ગળામાંથી બહાર નીકળતાં ડરતો હતો. થોડી વાર રહીને એ બોલ્યો, "કૃપા કરીને મને થોડોક સમય વિચાર માટે આપો." રાજાએ ડોકું હલાવી બોલ્યા વગર સંમતિ આપી. અને સિંહ પોતાની જગ્યા ઉપર બેઠો. થોડાક સમય માટે એણે એની આફત દૂર કરી. પછી આવ્યો કૂતરાનો વારો. "હે દયાળુ મહારાજ, મરઘીનાં કે રાજહંસનાં ઈંડાં મારે મન તો સરખાં જ છે. આગળ ઉપર હું મરઘી જેવાં જ ઈંડાં મૂકીશ. મહારાજની જય હો!" સેનાપતિ બળદજીએ પોતાની સંમતિ શિર ધુણાવી આપી. રાજા પણ કૂતરાની આ વાતથી રાજી થયો અને પોતાના લાંબા કાન અદાભેર હલાવ્યા. પછી કોઈએ વિરોધ ન કર્યો. સસલું, બકરો, ઊંટ, વરુ બધાં વારાફરતી હાજર થયાં. બધાંએ કૂતરાનો દાખલો સામે રાખી 'હા'માં 'હા' ભણી. બધાંએ સમ ખાધા કે ભવિષ્યમાં દરેક મરઘીનાં જેવાં ઈંડાં મૂકશે.

હવે આવ્યો શિયાળનો વારો. એણે ખૂબ લળી લળીને મહારાજને પ્રણામ કરી કહ્યું, "આપની આજ્ઞાથી મને ગર્વ અને આનંદ થયો છે કારણ કે મારા ઘરમાં બધા માળા ઈંડાંથી જ ભરેલા છે." એના પછી વરુએ પણ એ જ પ્રમાણે કહ્યું, પણ કદાચ, એને એ ગમ નહિ હોય કે એણે શું બાફી માર્યું. ત્યાર બાદ પક્ષીઓનો વારો આવ્યો. એ લોકોએ તો જરૂર એનો થોડો વિરોધ કર્યો કારણ કે એમને પોતાની પાંખના બળમાં વિશ્વાસ હતો.

કબૂતરે કહ્યું, "હે મહારાજ, તમે ઇચ્છો છો કે અમે મરઘી જેવાં ઈંડાં મૂકીએ. ઠીક. અમે એનું પાલન કરવા પ્રયત્ન કરીશું." પરંતુ રાજહંસને જરા ગુસ્સો ચડ્યો. એણે કહ્યું, "મરઘીનાં જેવાં ઈંડાં? એનો અર્થ? મરઘીનાં ઈંડાં તે કંઈ ઈંડાં છે? ઈંડાં તો...." આ સાંભળતાં જ બગલાંએ લાલ આંખ કરી અને શિંગડાં સામે ધરી એની તરફ દોડ્યા. રાજહંસ ગભરાઈ ગયો. એકદમ ક્ષમા માગીને એણે કહ્યું, "અમે વિરોધ કરવા નથી માગતાં. અમારાં ઈંડાં મરઘીનાં ઈંડાં જેવાં જ બને એ માટે અમે મહેનત કરીશું."

હવે ગરુડ પક્ષીને બોલાવવામાં આવ્યું. વાંદર મહાશયે એને રાજાની આજ્ઞા સંભળાવીને કહ્યું, "તું હવે મરઘીનાં જેવાં ઈંડાં મૂકવાના સમ ખા." ગરુડે એક વાર બધાંની તરફ જોયું; પોતાની મોટી પાંખ ફફડાવી. એ જોઈ બધાંનાં હૃદય ધડકવા લાગ્યાં. ગરુડે પોતાની ડોક ટટાર કરી. એની આંખમાંથી જાણે અંગારા વરસતા હતા. "કદી નહિ, આવું કદી નહિ બની શકે." એણે કર્કશ અવાજમાં કહ્યું, "આ વસ્તુ ગરુડ જાતિના સ્વભાવથી તદ્દન વિરુદ્ધ છે. મરઘીનાં જેવાં ઈંડાં શું ગરુડ મૂકશે? આ તો ગરુડ જાતિનું ઘોર અપમાન કહેવાય."

એમ કહી એણે ક્રોધભરી નજરે સામે જોયું. પોતાની મોટી પાંખ પ્રસારી એ એકદમ આકાશમાં ઊડી ગયો. એટલો ઊંચો એ ઊડ્યો કે એનો કોઈ મુકાબલો ન કરી શક્યું. બધાંએ ઉપર જોયું. આકાશમાં જાણે મોટો પહાડ શોભતો હતો. એની પાંખ સૂર્યના તેજમાં ચમકી રહી હતી. ગર્દભરાજે આ જોયું, અને એના દિલમાં ડર પેદા થયો.

એટલામાં સિંહે ત્રાડ મારી કહ્યું, "ગરુડે સાચું કહ્યું. મરઘીનાં જેવાં ઈંડાં મૂકવાં એ અમારી જાતને શોભે નહિ. એથી અમારી જાતિનું ઘોર અપમાન થાય." એમ કહી એ ગધેડા ઉપર તૂટી પડ્યો અને પોતાના તીણા નહોર તથા દાંત વડે એને ચીરીને મારી નાખ્યો.

બળદની આખી જમાત એનો જરા પણ વિરોધ ન કરી શકી. આખરે એ બળદ હતા. તે વખતથી વનનો રાજા સિંહ બન્યો.



એ ગધેડા ઉપર તૂટી પડ્યો અને પોતાના તીણા નહોર તથા દાંત વડે એને ચીરીને મારી નાખ્યો.

જંગલનો કાયદો

સાવિત્રીદેવી વર્મા

એક વખત આફ્રિકાના જંગલમાં એક કિકુયુ નામનો આદિવાસી રહેતો હતો. એક વાર જંગલમાં એ શિકારની શોધમાં ઘૂમી રહ્યો હતો. એણે દૂરથી એક હાથી જોયો. એણે વિચાર્યું કે કદાચ આ હાથીની પાછળ એના ટોળાના બીજા હાથીઓ પણ હશે. એટલે જ્યારે એણે હાથીને એકલો જોયો ત્યારે એને ઘણી નવાઈ લાગી! કિકુયુએ વિચાર્યું; "જરૂર આ હાથી કોઈ મુશ્કેલીમાં આવી પડ્યો છે. લાવ, એને જઈને પૂછું તો ખરો કે એને શું દુઃખ છે?"

હાથીની પાસે જઈ કિકુયુએ પૂછ્યું "રામરામ, હાથીજી! તું ઉદાસ કેમ દેખાય છે?"

હાથી બોલ્યો, "શું કહું અને શું ન કહું? હું તો ભાઈ મહામુસીબતમાં આવી પડ્યો છું. મારે ખાવાનું ઘણું જોઈએ. અમારાં ટોળાં સાથે રહીને હું મનફાવતું કરી શકતો નથી. આથી, મારે મારા ટોળા સાથે અણબનાવ થઈ ગયો છે. હું પેટને ખાતર પરદેશ ખેડવા નીકળ્યો."

કિકુયુ બોલ્યો, "તેં તારી ન્યાતજાત છોડી એમાં ડહાપણ નથી વાપર્યું. એકલો કોની સાથે રહેશે?"

હાથીને હવે પોતાની ભૂલ સમજાઈ. પણ એ ઘણો ચાલાક હતો. ઝટ ખુશામત કરતો હોય એમ બોલ્યો, "ભાઈ, એકલો કેવી રીતે? તું છે ને? ઠીક, ત્યારે ભાઈ. આજથી આપણે બે દોસ્ત. હું તારે માટે જોઈએ એટલાં ફળ લાવ્યા કરીશ અને આ જંગલમાં તારી છત્રછાયા નીચે પડ્યો રહીશ."

ભોળો કિકુયુ એની વાતથી ભોળવાઈ ગયો. કેટલાક દિવસ પછી વનના રાજા સિંહે હાથીને જંગલખાતાનો મંત્રી બનાવ્યો. હવે હાથીના મગજનું ઠેકાણું ન રહ્યું.

કિકુયુ કોઈ કોઈ વાર હાથીને નદી પર નાહવા લઈ જતો . હાથી પાણીમાં સૂઈ જતો અને કિકુયુ એની પીઠે માલીસ કરી આપતો. હાથીને મઝા આવતી. ધીરે ધીરે હાથી એદી બની ગયો. સખત ગરમીમાં તાપને લીધે જ્યારે કિકુયુ હાથીને નાહવા લઈ જતો નહિ ત્યારે હાથી એની ઝૂંપડીની સામે ધૂળમાં આળોટતો અને સૂંઢમાં ધૂળ ભરી ભરી ઉડાડતો. આ પ્રમાણે જ્યારે હાથી ધૂળમાં નાહતો ત્યારે કિકુયુને ઘણું સહન કરવું પડતું. બંધેબંધ હવામાં ધૂળને લીધે કિકુયુને શ્વાસ લેતાં મુશ્કેલી પડતી. એના વાંકડિયા વાળ ધૂળે ભરાઈ જતા, પણ જ્યાં સુધી એ હાથીને નદી પર નાહવા લઈ જતો નહિ ત્યાં સુધી હાથી એને આ રીતે ત્રાસ આપતો.

આ રીતે હાથીનું ધાંધલ દિનપ્રતિદિન વધતું ગયું. બિચારો કિકુયુ મિત્રતાને કારણે ચૂપ રહેતો.

એક દિવસ જંગલમાં ભારે વંટોળિયો નીકળ્યો. જ્યારે વંટોળિયો બંધ પડ્યો ત્યારે મોટા મોટા કરા પડવા લાગ્યા. અને એકદમ મુસળધાર વરસાદ તૂટી પડ્યો. આ બધાથી કંટાળેલો હાથી કિકુયુને દરવાજે આવ્યો અને વિનંતિ કરી કહેવા લાગ્યો; "મિત્ર, મદદ કર. હું તો આ વાવંટોળમાં મરી ચાલ્યો. કૃપા કરીને તારી ઝૂંપડીમાં



હાથી વિનંતી કરી કહેવા લાગ્યો, "મિત્ર, મદદ કર. હું તો આ વાવંટોળમાં મરી ચાલ્યો. કૃપા કરીને તારી ઝૂંપડીમાં મારી સૂંઢ માય એટલી તો જગા આપ કે હું મારી કોમળ સૂંઢને વરસાદની ઝડીથી બચાવી શકું."

મારી સૂંઢ માય એટલી તો જગા આપ કે હું મારી કોમળ સૂંઢને વરસાદની ઝડીથી બચાવી શકું."

કિકુયુને દયા આવી. એ બોલ્યો, "હાથીજી, મારી ઝૂંપડી તો ઘણી નાની છે. ચાલો કંઈ નહિ. તારી સૂંઢ માય એટલી જગ્યા કરી આપું. ધીરે રહીને તારી સૂંઢ અંદર ઘાલ."

હાથીએ મિત્રનો ઉપકાર માન્યો. "ભાઈ, તારી ઉદારતાનો બદલો હું જરૂર કોઈ દિવસ વાળીશ."

સૂંઢ અંદર ઘાલ્યા પછી હાથીને અનુભવ થયો કે ઝૂંપડીની અંદર ઘણો બચાવ થતો હતો. બસ, ધીરે રહીને એણે એનું માથું પણ અંદર ઘાલ્યું. ધીરે ધીરે ખસતાં ખસતાં એ આખો અંદર ભરાયો! કિકુયુ બધું જોતો હતો પણ કશું બોલ્યો નહિ. એ મનમાં ને મનમાં વિચારવા લાગ્યો, "આંગળાં આપતાં આણે તો પહોંચો પકડ્યો. આ તો ઝૂંપડીનો માલિક એ બની બેઠો. આ બલા કાઢું શી રીતે?"

કિકુયુ આમ વિચાર કરતો હતો ત્યારે કૃતઘ્ન હાથી બોલ્યો, "મિત્ર, તારું શરીર ખડતલ છે. તું ટાઢતડકો બધું સહન કરી શકે છે. પણ આ મુસળધાર વરસાદમાં મારી કોમળ ચામડી ખરાબ થઈ જશે. આ નાની અમસ્તી ઝૂંપડીમાં આપણા બેનો સમાવેશ શી રીતે થાય? એટલે તું બહાર રહે અને ઝૂંપડીમાં હું રહું."

કિકુયુને હાથીની આવી રોકડી વાત સાંભળી ઘણું દુઃખ થયું. એ પોતાની ઝૂંપડી છોડવા તૈયાર ન હતો. એટલે એણે પહેલાં હાથીને સમજાવવા માંડ્યો પરંતુ વાત વધી પડી. વરસાદ કંઈક રહી ગયો હતો. એટલે તમાશો જોવા આજુબાજુનાં જાનવરો પણ ભેગાં થયાં. ચર્ચા એકદમ ગરમાગરમ થઈ ગઈ. તે ઘડીએ જંગલનો રાજા સિંહ ગરજતો ગરજતો આવી ચડ્યો. ક્રોધથી આંખ ફાડી એ બોલ્યો, "ખબર છે આ જંગલનો હું રાજા છું? મારા રાજ્યમાં આ ગરબડ મચાવવાની હિંમત કરનાર તમે કોણ?" પરંતુ હાથીને જોઈ એ નવાઈ પામ્યો ને બોલ્યો, "મંત્રીજી, તું કેવી રીતે આ ઝઘડામાં સંડોવાયો?"

પોતાના રાજાને ત્રણવાર સૂંઢથી ઝૂકી ઝૂકીને સલામ કરી હાથી અદબભેર બોલ્યો, "મહારાજની જય હો ! માબાપ ! ગરબડ મચાવવાની હિંમત ભલા હું ક્યાંથી કરી શકું ? હું તો આ મારા મિત્ર સાથે ઝૂંપડી બાબત ફેંસલો કરી રહ્યો છું. આપ હજૂર તો જુઓ છો કે ઝૂંપડીમાં હું રહું છું અને તેથી એની ઉપર મારો હક છે."


ત્યાર બાદ, કિકુયુની સઘળી વાત સાંભળી સિંહે ગંભીરતાથી હાથીને કહ્યું, "જુઓ, મારા મંત્રીઓને હું હુકમ કરું છુ કે જલદીથી પંચ બોલાવે અને આ મામલાની તપાસ કરે. બધી બાબતની તપાસ બરાબર કરે." પછી સિંહે કિકુયુને કહ્યું, "તેં મારી પ્રજામાંથી ખાસ કરીને મારા મંત્રી હાથી સાથે દોસ્તી રાખીને ભારે ડહાપણનું કામ કર્યું. તું ગભરા નહિ. તારી ઝૂંપડી તારી જ છે. મારા શાહી પંચની રાહ જો. પંચની સામે તને તારો હક સાબિત કરવાની તક આપવામાં આવશે. મને પૂરી ઉમેદ છે કે પંચના ફેંસલાથી તને પૂરો સંતોષ થશે."

બિચારો ભોળો કિકુયુ સિંહની દિલાસાભરી વાતથી રાજીરાજી થઈ ગયો. એને પૂરી ખાતરી હતી કે પંચ ન્યાયની વાત કરશે અને એને એની ઝૂંપડી પાછી મળશે.

આ બાજુ મંત્રી હાથી બીજા મંત્રીઓની સાથે પંચની પસંદગી કરવામાં પડ્યો. શિયાળને બનાવ્યો પંચનો પ્રમુખ. ચિત્તો બન્યો મંત્રી. જંગલનાં બીજાં અનુભવી પ્રજાજનો જેમકે સાબર, ભેંસ, ગેંડા વગેરે એનાં સભ્યો બન્યા.

આ બધા સભ્યોને જોઈ કિકુયુએ ઊહાપોહ કરી મૂક્યો કે એની જાતિનું પંચમાં કોઈ ન હતું. આવું પંચ મને કેવી રીતે ન્યાય આપશે ?

કિકુયુને સમજાવવામાં આવ્યો કે એની જાતિમાંથી કોઈને જંગલના કાયદાનો પૂરો અભ્યાસ નથી. વળી, આ પંચના બધા સભ્યો ખાનદાન, અનુભવી અને ન્યાયપ્રિય પ્રાણીઓ છે. ભગવાને જ એ બધાને જંગલના



કૃતઘ્ન હાથી બોલ્યો : "મિત્ર, તારું શરીર ખડતલ છે. તું ટાઢતડકો બધું સહન કરી શકે છે પણ આ મુસળધાર વરસાદમાં મારી કોમળ ચામડી ખરાબ થઈ જશે. આ નાની અમસ્તી ઝૂંપડીમાં આપણા બેનો સમાવેશ શી રીતે થાય? એટલે તું બહાર રહે અને ઝૂંપડીમાં હું રહું."

અધિકારી બનાવ્યા છે. એને ડરવાનું કોઈ કારણ નથી. એણે વિશ્વાસ રાખવો. મામલાની તપાસ, ચુકાદો બધું પક્ષપાત વગર થશે.

પંચે પહેલાં હાથીને પોતાનું નિવેદન કરવા બોલાવ્યો. હાથી અદાભેર ડોલતો ડોલતો, પોતાની સૂંઢમાં નાંખેલો ફૂલનો ગુચ્છો ચમરીની જેમ હલાવતો હલાવતો, આગળ આવ્યો. પોતાની ડોક જરાક વાંકી રાખી, કિકુયુ તરફ એક તિરછી નજર કરી, પંચ સામે ઠસ્સાભેર બોલ્યો, "પંચ મિત્રો, હું ખોટી રીતે તમારો સમય બગાડવા નથી માગતો. એટલે હું ટૂંકમાં જ પતાવીશ. મારા મિત્ર કિકુયુએ મને ઝૂંપડીના રક્ષણ માટે બોલાવ્યો હતો. તે તોફાની રાતે ઝૂંપડીની ખાલી જગ્યામાં


તોફાન ઘૂસી ગયું હતું અને ઝૂંપડીને ઉડાવી લઈ જતું હતું એટલે હું ઝૂંપડીના રક્ષણ માટે ગયો. હવે તમે જ જુઓ કે આમાં મેં શું ખોટું કર્યું ? કિકુયુની ઝૂંપડી બચાવી અને ખાલી જગ્યાનો સદુપયોગ કર્યો. મારી જગ્યાએ તમારામાંથી કોઈ હોત તો પણ જરૂર આમ જ કરત."

હાથીનું બયાન ખતમ થતાં પંચે શિયાળ વરુ વગેરે સાક્ષીને બોલાવ્યા. એ બધાએ પણ હાથીની વાતનું સમર્થન કર્યું. હવે કિકુયુને બોલાવવામાં આવ્યો. એણે ઝૂંપડી ઉપર પોતાના અધિકાર બાબતના પુરાવા આપવા માંડ્યા. પણ પંચે કહ્યું, "કિકુયુ, અમારી પાસે વગર કામની વાત સાંભળવાનો વખત નથી. અમે તને જે સવાલ પૂછીએ તેનો સીધો ટૂંકો જવાબ આપ. બાકીની બધી વાતની તપાસ અમે કરી લીધી છે."

આમ કહી પંચના સભ્યો ચુકાદો આપતા પહેલાં આરામ કરવા બીજી જગ્યાએ ગયા. ત્યાં હાથીએ એ બધાને મોટી મિજબાની આપી. ખાઈપીને પંચના સભ્યો ચુકાદો આપવા ભેગા થયા અને ચુકાદો આ પ્રમાણે આપ્યો: "અમારા માનવા પ્રમાણે કિકુયુની ગેરસમજ થઈ લાગે છે. એણે હાથીની મદદની કદર ન કરતાં એની ઉપર આરોપ મૂક્યો છે. હાથીએ મિત્રના કલ્યાણનો પૂરો ખ્યાલ રાખી ખાલી જગ્યા કે જેમાં તોફાન ગમે ત્યારે ઘૂસી જાત ત્યાં પોતાની લાંબી મોટી કાયા ગોઠવી તોફાન અટકાવ્યું. કિકુયુનું કદ એવું ભારે મોટું નથી. એટલે ઝૂંપડીની ખાલી જગ્યાનો બરાબર ઉપયોગ એ શી રીતે કરી શકે? માટે એણે હાથીને ઝૂંપડી ખાલી કરી આપવી. અમે એની તરફેણમાં તો આટલું કહી શકીએ કે એને જંગલમાં થોડી જગા આપવી. એ ત્યાં પોતાની નાની ઝૂંપડી બનાવે અને સિંહરાજાની છત્રછાયા નીચે રહી પોતાની જાતને ખુશનસીબ માને."

ફેંસલો સાંભળી હાથીએ પોતાની સૂંઢ ઊંચી કરી, મલકાઈને સૂચક દૃષ્ટિથી કિકુયુ તરફ જોયું અને જાણે બોલ્યો, "અહીં તો જેની લાઠી તેની ભેંસ."

બિચારો કિકુયુ ! જાનવરોની જમાતમાં એનું કોણ સાંભળે ?



હાથીએ પોતાની સૂંઢ અભિમાનથી ઊંચી કરી.

પોપેલ્કા

(એક લોકવાર્તા)

વ્લદિમીર મિલ્તનેર

એક ગામમાં એક સ્ત્રી રહેતી હતી. એને બે દીકરીઓ હતી. બાઈનો પતિ ઘણો ભલો હતો. મોટી છોકરી જલોવોહા દયાહીન અને નખરાબાજ હતી. નાની પોપેલ્કા ઘણી માયાળુ અને ડાહી હતી.

એક દિવસ બાપે બંને દીકરીને બોલાવી પૂછ્યું, "હું શહેરમાં જાઉં છું. તમારે બંનેએ કંઈ મંગાવવું છે? જલોવોહા એકદમ કૂદી પડી. "મારે માટે રેશમી કપડાં, દાગીના વગેરે લાવજો." આ લાવજો ને તે લાવજો. એને ઘણી ભેટો જોઈતી હતી. જ્યારે પોપેલ્કાએ કહ્યું, "તમને જે ગમે તે મારે માટે લાવજો."

બાપ શહેરમાંથી સામાન ખરીદી ગામ પાછો ફર્યો ત્યારે વચમાં જંગલને રસ્તે એણે મોટાં મોટાં સરસ નારિયેળ જોયાં. "આ પોપેલ્કાને ભેટ આપીશ" એમ વિચારી એણે ત્રણ નાનાં નારિયેળો ગજવામાં ઘાલ્યાં.

ઘર પહોંચતાં વાર જ જલોવોહા તૂટી પડી, "બાપુ, મને મારી ભેટ આપો."

બાપે શહેરના બજારમાંથી જે સુંદર સુંદર વસ્તુ ખરીદી હતી તે એને આપી. પછી એણે પોપેલ્કાને કહ્યું, "મારી વહાલી દીકરી પોપેલ્કા, હું તને જંગલમાંથી મળેલાં માત્ર ત્રણ નાળિયેરો આપું છું." પોપેલ્કાએ બાપનો ઉપકાર માની નારિયેળો પેટીમાં મૂકી દીધાં.

થોડા દિવસ પછી એ દેશના રાજાના મહેલમાં મોટો ઉત્સવ થયો. જલોવોહાએ માને પૂછ્યું, "હું રાજાને ત્યાંના સમારંભમાં જાઉં?"

માએ જવાબ આપ્યો, "સારું, દીકરી. સાથે હું પણ આવીશ. પોપેલ્કા ઘર રહી ઘરનું કામકાજ સંભાળશે."

જલોવોહા અને એની માના ગયા બાદ પોપેલ્કા બાગમાં જઈ રડવા લાગી. ઝાડ ઉપર બેઠેલા એક કબૂતરે એ જોઈ કહ્યું, "પોપેલ્કા,

તું કેમ રડે છે? રડવું શોભે નહિ. જો સાંભળ, એક નારિયેળ ફોડ. બસ, પછી તું સહેલાઈથી રાજમહેલમાં જઈ શકશે."



પોપેલ્કાએ એક નારિયેળ ફોડ્યું. કેવું મહાન આશ્ચર્ય! નારિયેળમાંથી સુંદર રેશમી પોશાક અને નાની મોજડી નીકળ્યાં!

આમ કહી કબૂતર ઊડી ગયું. પોપેલ્કાએ એક નારિયેળ ફોડ્યું. કેવું મહાન આશ્ચર્ય! નારિયેળમાંથી મુલાયમ સુંદર રેશમી પોશાક અને નાની મોજડી નીકળ્યાં! પોપેલ્કા આ કપડાં તથા મોજડી પહેરી રાજમહેલમાં ગઈ.

મહેલમાં મોટો ઉત્સવ હતો. બધા લોક નાચતા હતા. રાજા યરોસ્લવ પોપેલ્કાને જોઈ માત્ર એની સાથે જ નાચવા લાગ્યો. થોડીક ક્ષણ બાદ રાજાએ એને પૂછ્યું, "ઓ સુંદર બાલા! ઓ સુંદર બાલા! તારું નામ શું છે?"

પોપેલ્કા બોલી, "હે રાજા યરોસ્લવ, હું આપને મારું નામ બતાવી શકું એમ નથી." રાજા ઘણો ઉદાસ બની ગયો. થોડી વારમાં પોપેલ્કા ઘેર ગઈ.

પોપેલ્કાની મા તથા બહેન ઘેર આવતાં વાર જ બોલ્યાં, "પોપેલ્કા, તું તો સાવ ગંદી છોકરી છે. આજે રાજાના મહેલમાં કેવી રૂપાળી છોકરી આવી હતી! રાજાએ એના સિવાય કોઈ બીજા સાથે નાચ પણ ન કર્યો."

પોપેલ્કા ચૂપચાપ કામ કરતી રહી. એણે પોતાનો ભેદ બતાવ્યો નહિ. દિવસ આખો એ યરોસ્લવનો વિચાર કરતી રહી.

બીજી તરફ પોપેલ્કાના ચાલ્યા જવાથી રાજા યરોસ્લવ આખો દિવસ બેચેન રહ્યો. મનમાં વિચારવા લાગ્યો, "કેટલી સુંદર હતી એ

છોકરી! પણ મને તો એનું નામ સુધ્ધાં ખબર નથી. બીજા સમારંભમાં કદાચ એ ફરી આવે પણ ખરી."

આમ વિચારી એણે બીજો સમારંભ યોજ્યો. જ્યારે પોપેલ્કાની મા જલોવોહાની સાથે રાજ-મહેલ ગઈ ત્યારે પોપેલ્કાએ બીજું નારિયેળ ફોડ્યું. અંદરથી પહેલાં કરતાં પણ વધુ સુંદર વસ્ત્ર અને વધુ સુંદર મોજડી નીકળ્યાં. પોપેલ્કા એ પોશાક અને મોજડી પહેરી યરોસ્લવના રાજમહેલમાં ગઈ. યરોસ્લવ એને જોઈને ખૂબ રાજી રાજી થઈ ગયો. એણે આખી રાત ફક્ત એની સાથે જ નાચ કર્યો.


રાજા યરોસ્લવ પોપેલ્કાને જોઈ માત્ર એની સાથે જ નાચવા લાગ્યો.

સવારે પોપેલ્કા છાનીમાની ઘેર પાછી આવી. થોડી વાર રહીને મા તથા જલોવોહા આવ્યાં. મા બોલી, "પોપેલ્કા, ગંદી છોકરી, આજે મહેલમાં તો પહેલાં કરતાં પણ ઘણી સુંદર છોકરી આવી હતી. યરોસ્લવ તો એની પાછળ ગાંડો થઈ ગયો છે! સમજમાં નથી ઊતરતું કે એ સુંદરી કોણ છે?

કેટલાક સમય બાદ, યરોસ્લવના મહેલમાં ત્રીજો સમારંભ થયો. પોપેલ્કાએ ત્રીજું નારિયેળ ફોડ્યું. અંદરથી અત્યંત સુંદર વસ્ત્રો તથા મોજડી નીકળ્યાં. એ પહેરતાં પોપેલ્કા રાણી સમાન શોભવા લાગી. પાછી એ રાજમહેલમાં પહોંચી.

યરોસ્લવ પોપેલ્કાને જોતાં પ્રેમઘેલો બની ગયો. એ બોલ્યો, "સુંદરી! ઓ સુંદરી! તું મને છોડીને ન જા. શા માટે તું તારું નામ નથી જણાવતી?" પણ પોપેલ્કાએ એની વાત સાંભળી ન સાંભળી અને મહેલમાંથી ભાગી. દોડવાની ઉતાવળમાં એની એક મોજડી પગમાંથી નીકળી પડી.



પણ પોપેલ્કાએ એની વાત સાંભળી ન સાંભળી અને મહેલમાંથી ભાગી. દોડવાની ઉતાવળમાં એની એક મોજડી પગમાંથી નીકળી પડી.

યરોસ્લવે તે મોજડી લઈ લીધી અને એ મહેલમાં આવ્યો. બીજે દિવસે યરોસ્લવ પોતાના મંત્રી સાથે આખા દેશની મુસાફરીએ નીકળ્યો. બધી છોકરીઓને એ પોપેલ્કાની પડી ગયેલી મોજડી પહેરાવતો. એ પ્રમાણે રાજા પોપેલ્કાને શોધવા લાગ્યો. જ્યારે જલોવોહા અને એની મા એ રાજા તથા મંત્રીને જોયા ત્યારે બંને બોલ્યાં, "ઓ ગંદી છોકરી, તું અહીંથી ખસી જા; રાજાજી

પધારે છે," પરંતુ યરોસ્લવ બોલ્યો, "ના, ના, કોઈ પણ છોકરી અહીંથી ખસે નહિ" ત્યારે મા બોલી, "એ તો ગંદી છોકરી છે, એના પગ તો હાથી જેવા છે. પણ મારી જલોવોહાના પગ નાના નાના છે. એ તો જરૂર મોજડી પહેરી જોશે. વહાલી દીકરી જલોવોહા, યરોસ્લવ મહારાજને તારા પગ બતાવ." પણ જલોવોહાને મોજડી આવી નહિ. પછી પોપેલ્કાએ મોજડી પહેરવા માંડી અને ઝટ સહેલાઈથી આવી ગઈ. યરોસ્લવ એ જોઈ બોલી ઊઠ્યો, "ઓ સુંદરી, મારા મહેલમાં કૃપા કરી તરત ચાલ. હું તને પરણવા ઇચ્છું છું. હું તને ખૂબ ચાહું છું. તું મારી સાથે લગ્ન કરશે?" પોપેલ્કા બોલી, "હાજી, હું તમને ચાહું છું અને તમને જ પરણવા માગું છું."

થોડા વખત પછી, ઘણા ઠાઠમાઠથી બંનેનાં લગ્ન થયાં. જ્યારે પોપેલ્કા અને યરોસ્લવ મહેલના બાગમાં લટાર મારતાં હતાં ત્યારે જે કબૂતરે પોપેલ્કાને નારિયેળ ફોડવાની સલાહ આપી હતી તે ઊડી રહ્યું હતું!



દુષ્ટ દાસી

(તિબેટની લોકવાર્તા)

ગીતા કૃષ્ણાત્રી

ઘણાં વર્ષો પરની આ વાત છે. તિબેટના શિગત્સી નામના એક બીજા નંબરના મોટા શહેરમાં એક જૈંગ પૌં નામનો કિલ્લાનો ઉપરિ રહેતો હતો. એ સર્વ રીતે સુખી હતો. માત્ર એક વાતથી એ સદા ઉદાસ રહેતો. એને કોઈ સંતાન ન હતું. છેવટે એણે પોતાના રાજ્યના સૌથી મોટા લામાને (સાધુ) બોલાવી પૂજા કરવાનો નિશ્ચય કર્યો. લામા આવ્યા, પૂજા થઈ, જેમાં હજારો સાંગનો (તિબેટનો રૂપિયો) ખરચો થયો અને ચેંન-રે-જીની (તિબેટના દેવતા) કૃપાથી એને ત્યાં છોકરી પણ અવતરી. પરંતુ કુદરતની કરામત અજબ છે. એકને જીવન બક્ષ્યું અને બીજાનું લીધું! બિચારી મા પોતાની પુત્રીનું મોં પણ જોવા ન પામી અને સ્વર્ગે સંચરી! જૈંગ પૌં મહાન શોકમાં ડૂબી ગયો! પોતાનો સઘળો પ્રેમ એણે પોતાની એકની એક લાડકી પુત્રી રિંજિંગ-લા ઉપર ઠાલવ્યો. એ ફૂલથી પણ કોમળ હતી.

ધીરે ધીરે રિંજિંગ-લા મોટી થવા લાગી. એના પિતાને ફિકર પડી કે એની દેખરેખ કોણ રાખશે? કોઈ પ્રામાણિક દાસીની શોધમાં એણે ચારે દિશામાં પોતાના ન્યેર્પા (મુનીમ) દોડાવ્યા. ઘણી મુશ્કેલીથી એક દાસી મળી. એ હતી તો ઘણી દુષ્ટ, પણ એણે જૈંગ પૌંને પણ સીધી સાદી હોવાનો ઢોંગ કરી બરાબર રીઝવી લીધો. રિંજિંગ-લાની દેખભાળનું કામ એને સોંપવામાં આવ્યું. બંને સાથે જ રહેતાં અને સાથે જ ફરવા જતાં.

એક દિવસ દાસીને નદી પર પાણી ભરવા જતી જોઈને રિંજિંગ-લાએ પણ એની સાથે જવાની જીદ કરી. જૈંગ પૌંએ લાડકી બેટીને સોનાની ડોલ આપી, જવાની રજા તો આપી પણ જલ્દી પાછા વળવાનું કહ્યું. રિંજિંગ-લા દાસી સાથે નદી પર ગઈ. રિંજિંગ-લા પાસે હતી

સોનાની ડોલ અને દાસી પાસે હતી લાકડાની ડોલ. આ જોઈ દાસીને ઘણી અદેખાઈ આવી. નદી પર પહોંચતાં એણે રિંજિંગ-લાને કહ્યું, "ચાલ, આપણે એક રમત રમીએ."

રિંજિંગ-લા બોલી, "રહેવા દે રમત, પિતાજી રાહ જોતા હશે. ચાલ જલ્દી."

દાસીએ હઠ કરી કહ્યું, "ઉંહ. તને કોણુ બબડવાનું છે? જરા મોડી જશે તોપણ તારા પિતા તારી સાથે પ્યારથી જ વાત કરશે. ચાલ, આપણે આપણી ડોલ નદીમાં ફેંકી જોઈએ કે કોની ડોલ તરે છે અને કોની ડૂબી જાય છે?"


રિંજિંગ-લા બોલી, "વાહ, એમાં શું જોવાનું હતું? મારી ડોલ ધાતુની હોવાથી ડૂબી જશે. તારી લાકડાની ડોલ તરશે."

પણ દુષ્ટ દાસીએ ડાવકી ડોસીની માફક કહ્યું, "તું તો હજી બાળક છે. એવું શી રીતે બને? સોનાની ડોલ કિંમતી છે એટલે નહિ ડૂબે. પરંતુ લાકડાની ડોલ જૂની સસ્તી છે એટલે ડૂબી જશે. અરે! જો તો ખરી!" બંનેએ પોતપોતાની ડોલ નદીમાં ફેંકી. જોતજોતામાં સોનાની ડોલ નદીમાં ડૂબી ગઈ. લાકડાની ડોલ તરવા લાગી. લાકડાની ડોલ તો પાણીની બહાર પણ કાઢી. પણ સોનાની ડોલ મળી નહિ. રિંજિંગ-લા હાથ ચોળી ચોળીને પસ્તાવા લાગી. દુષ્ટ દાસી એકલી પોતાની લાકડાની ડોલમાં પાણી ભરી મનમાં મલકાતી મલકાતી ઘેર ગઈ.

એને એકલી જોઈ જૈંગ પૌંએ પૂછ્યું, "રિંજિંગ-લા ક્યાં છે?" દાસીએ મોં મરડી કહ્યું, "એની ડોલ એણે ખોઈ નાખી એટલે એ ઘેર આવતાં ડરે છે."

જૈંગ પૌં બોલ્યો, "જા, એને કહે નાહક ડોલ માટે જીવ ન બાળે અને જલ્દી ઘેર આવે. દાસીએ રિંજિંગ-લાને કહ્યું કે એના પિતા એના ઉપર ખૂબ ખિજવાયા છે અને એ જો ડોલ લીધા વગર ઘેર જશે તો એને જીવતી નહિ રહેવા દે."

બિચારી રિંજિંગ-લાએ રૂંધાતા અવાજે કહ્યું, "હવે શું થાય?" દાસી બોલી, "ચાલ, નાસી જઈએ. તું મારાં કપડાં પહેરી લે ને હું તારાં, એટલે આપણને રસ્તે કોઈ ઓળખી નહિ શકે." ભોળી



જોતજોતામાં સોનાની ડોલ નદીમાં ડૂબી ગઈ. લાકડાની ડોલ તરવા લાગી. રિંજિંગ-લા હાથ ચોળીને પસ્તાવા લાગી.

રિંજિંગ-લા માની ગઈ. બંનેએ કપડાં અદલાબદલી કરી લીધાં, પણ સારા નસીબે બંને જણ ગળામાં બાંધેલાં માદળિયાં બદલવાં ભૂલી ગયાં. બંને ત્યાંથી ચૂપચાપ ભાગી નીકળ્યાં.

ચાલતાં ચાલતાં રસ્તે જમીનદારના ગોવાળિયા મળ્યા. એ બંનેને જોઈ ગોવાળિયાએ પૂછ્યું, "તમે બંનેએ કપડાંની કેમ અદલાબદલી કરી?" દાસીએ મોટા ઘરની છોકરીની અદાથી કંઈ જવાબ ન આપ્યો અને મોં ફેરવી ગઈ. રિંજિંગ-લાએ જાણે દાસી હોય એમ કહ્યું, "અમે કપડાં બદલ્યાં નથી. હું કંઈ કિલ્લાના ઉપરિની છોકરી નથી" એમ કહી દાસીની પાછળ પાછળ ચાલતી થઈ. જરા આગળ

ચાલતાં એ બંનેને જમીનદારના ખચ્ચરવાળા મળ્યા. ફરી એ સવાલ ને એ જ જવાબ.

ચાલતાં ચાલતાં પેલા જ જમીનદારનું ઘર આવ્યું. રાત પડી ગઈ હતી એટલે બંનેએ ત્યાં જ રહેવાનો નિશ્ચય કીધો. રિન્જિંગ-લાએ જમીનદારને પોતાની શેઠાણી તેમ જ પોતાને ત્યાં રહેવા દેવા માટે પરવાનગી માગી. જમીનદારે બંનેને ત્યાં રહેવાની રજા આપી.

જમીનદારનો એકનો એક પુત્ર નામગ્યાલ બંનેને જોઈ સમજી ગયો કે બંનેએ કપડાં અદલબદલ કર્યાં છે. એક દિવસ રિંજિંગ-લાને એકલી જોઈ, તક મળતાં, એણે સત્ય હકીકત પૂછી. ત્યારે રિંજિંગ-લાએ કહ્યું કે કુમારની ગેરસમજ થઈ હશે. એ લોકને એકબીજાનાં કપડાં બદલવાની શી જરૂર હોય? આમ કહી એણે જવાબ ઉડાવી દીધો.

નામગ્યાલ એવી વાતથી માની જાય એવો ભોળો ન હતો. એણે બંનેની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. એણે રિંજિંગ-લાને સારું સરખું કાચું ઊન આપી કહ્યું, "તું આજે યાક ચરાવવા લઈ જા. આ ઊનમાંથી સૂતર પણ કાંતજે." રિંજિંગ-લા યાક તથા ઊન લઈ ચાલી નીકળી. જતાં જતાં એણે ઊન ઝાડની ડાળીઓ પર ભેરવ્યું અને સડક ઉપર પડેલા થોડા કાળા ધોળા પથ્થર પણ વીણી લીધા. સીમમાં પહોંચતાં એ પથ્થરો આમતેમ ફેંકી દીધા એટલે યાક પણ આમ તેમ વિખેરાઈ ચરવા લાગ્યાં. સાંજના સીમમાંથી પાછા ફરવાનો વખત થયો ત્યારે એણે ફેંકેલા પથ્થર એકઠા કરી લીધા. રિંજિંગ-લાને આ પ્રમાણે કરતી જોઈ યાક પણ ચરવાનું બંધ કરી એક જગ્યાએ ભેગાં થઈ ગયાં. યાકને લઈને એ ઘર તરફ નીકળી. રસ્તામાં જે ઊન એણે ઝાડની ડાળીઓ ઉપર મૂક્યું હતું તેનું સૂતર બની ગયું હતું. રિંજિંગ-લાએ સૂતરનો દડો વાળી લીધો.

આ બાજુ, જ્યારે રિંજિંગ-લાને યાક ચરાવવા સીમમાં મોકલી હતી ત્યારે ઘેર દાસીને પાણી ભરવાનું કામ સોંપાયું હતું. નામગ્યાલે એની પરીક્ષા કરવા માટે એને બૂમ પાડી પૂછ્યું, "તું સોનાની ડોલ લઈ જાય એમાં શી મોટી વિસાત છે? અરે ચાંદીની ડોલ લઈ જાય તોયે શું? મારે ત્યાં ખચ્ચરોનો તોટો નથી. ઘોડારમાં ઘોડાનો પાર નથી.

યાકોથી કોઠાર ભર્યો છે. તારે ત્યાં શું છે? મારા પિતાજી તો સોનાના આસન ઉપર બેસે છે, માતા ચાંદીના આસન ઉપર અને હું સીપના આસન ઉપર બેસું છું. તું તારા મનમાં શું સમજે છે? તારે ત્યાં છે આવું?" દાસીને પોતાના માલિકનાં ધન, દોલત, વૈભવની કશી ખબર ન હતી, એટલે કંઈ જવાબ ન આપી શકી. પોતાની નજર એક તરફ ફેરવી, પોતાને કામે વળગી. નામગ્યાલ મનમાં મલકાતો મલકાતો ચાલ્યો ગયો.

બીજે દિવસે એણે દાસીને યાક ચરાવવા સીમમાં મોકલી. રિંજિંગ-લાને આપ્યું હતું એવું ઊન પણ એને કાંતવા આપ્યું. દાસી દોડતી રિંજિંગ-લાને મળી. એણે રિંજિંગ-લાને પૂછ્યું, "ગઈ કાલે આટલા થોડા વખતમાં તું આટલું બધું કામ કેવી રીતે કરી શકી?" રિંજિંગ-લાએ એને બધું બરોબર સમજાવ્યું. એણે ઊન કેવી રીતે ઝાડની ડાળી ઉપર મૂકયું, કેવી રીતે પથ્થરોના જાદુથી યાકોએ એનું કહ્યું માન્યું, કેવી રીતે ઝાડની ડાળીઓએ એની દયા ખાઈ ઊનનું સૂતર બનાવી આપ્યું વગેરે વગેરે. આ સાંભળી દાસી યાક તથા ઊન લઈ સીમ તરફ જવા નીકળી.

આ બાજુ દાસીની માફક રિંજિંગ – લાને પણ પાણી ભરવાનું કામ સોંપાયું. નામગ્યાલે એની પરીક્ષા લેવા દાસીને કહ્યું હતું તે પ્રમાણે પોતાની મોટાઈની વાત એને કરી. રિંજિંગ – લા પોતાના બાપનું અપમાન થતું જોઈ બોલી, "આ સોનાની ડોલ મારા હાથમાં છે એવી અમારા મુલકમાં નથી વાપરતા. અમારી સોનાની ડોલમાં જરા પણ તાંબાનો ભેળ હોતો નથી. આ ચાંદીની ડોલ પણ અમારા મુલક જેવી નથી. એમાં પણ જરા પણ મિલાવટ હોતી નથી. તું તારા મનમાં શું સમજે છે? તું તારાં ખચ્ચરોનાં વખાણ કરે છે પણ જો અમારાં જુએ તો તારી આંખ ઊઘડી જાય. અમારા મુલકમાં તમારાં જેવાં મુડદાલ ખચ્ચર નથી હોતાં. તારા ઘોડા ન તો સંખ્યા કે બળમાં અમારાં કરતા ચઢિયાતા છે. તારા યાકની બાબતમાં પણ સાંભળી લે. અમારી પાસેના લાખો યાકમાં એક પણ હલકી જાતનો નથી. તું તારા મનમાં શું સમજે છે? માની લઈએ

કે, તારા પિતાજી સોનાના આસન ઉપર બેસે છે પણ તે અમારા મુલક જેવા શુદ્ધ સોનાના આસન ઉપર નહિ. તારી માતા જે ચાંદીના આસન ઉપર બેસે છે એ પણ અમારા મુલક જેવું શુદ્ધ ચાંદીનું નથી. જે સીપના આસન ઉપર તું બેસે છે એ પણ અમારા મુલક જેવું નથી. અમારે અહીં સીપના આસનમાં એક પણ સફેદ પથ્થર હોતો નથી. તારી મોટાઈ રહેવા દે તારી પાસે!"

આ સાંભળી નામગ્યાલ એક અક્ષરે બોલ્યો નહીં.

આ બાજુ જ્યારે જીભાજોડ ચાલતી હતી ત્યારે દાસી પોતાના કામમાં રોકાયેલી હતી. રિંજિંગ-લાની માફક ઊન એણે ઝાડની ડાળોમાં ભેરવ્યું અને રસ્તા પરથી થોડા કાળાધોળા પથ્થર પણ લઈ લીધા. સીમમાં પહોંચતાં એણે રિંજિંગ-લાની જેમ પથ્થર આમ તેમ ફેંક્યા. પરંતુ ન તો એ યાકને બરાબર છૂટા કરી શકી કે ભેગા. જ્યારે સાંજે એણે પથ્થર ભેગા કરવા માંડ્યા ત્યારે કેટલી વાર એને યાકને એકઠા કરવા માટે, એમની પાછળ દોડવું પડ્યું. જ્યારે એ ઝાડ પાસે જઈ ઊન જોવા લાગી તો એમાંથી સૂતર તો નહોતું બન્યું પણ પવનમાં ઊન આમ તેમ ઊડી ગયું હતું. ખૂબ ગુસ્સાના આવેશમાં ગમે તેમ ઊડી ગયેલું ઊન પણ એની નજરે ચડતું ન હતું! જેમ તેમ ઊન એકઠું કરી, મોડી રાતે એ ઘર પહોંચી.

નામગ્યાલે જ્યારે આવી હાલતમાં એને આવતી જોઈ ત્યારે એ બધું સમજી ગયો. પાકી સાબિતી માટે એણે એક દિવસ દાસીને ખૂબ નજીકથી જોઈ. એણે જોયું કે દાસીના વાળ મેલા, ગૂંચવાયેલા હતા. ગળામાંનું માદળિયું પણ એટલું જ ગંદું હતું. એના બટવામાં માત્ર સોયદોરો, બેત્રણ ખોટાં નંગ તથા કાચનાં કીડિયાં હતાં. જ્યારે રિંજિંગ-લાના વાળ સાફ, ચમકતા, રેશમ જેવા સુંવાળા હતા એનું માદળિયું પણ ચોખ્ખું અને સાચા નંગથી જડેલું હતું. એમાં એક સુગંધીદાર જડીબુટ્ટી પણ હતી. એના બટવામાં રેશમી દોરા, સાચાં મોતી, હીરા તથા કિંમતી નીલમ હતાં. હવે નામગ્યાલને બીજી કોઈ સાબિતીની જરૂર ન હતી. એ તરત રિંજિંગ-લાને મળ્યો. પોતે કરેલી

બધી ઊલટ તપાસ એને કહી. પછી એણે રિંજિંગ-લાને પૂછ્યું, "રિંજિંગ-લા સાચું કહે, જૈંગપૌં તારા પિતાજી છે ને?" રિંજિંગ-લા કશું બોલી નહિ. નામગ્યાલ એમ માની જાય એવો ન હતો. છેવટે રિંજિંગ-લા પાસે 'હા' કહાવી ત્યારે એ રહ્યો. રિંજિંગ-લાએ એને વધારે સવાલ-જવાબ કરવાની ના કહી.

નામગ્યાલે એને સાંત્વન આપી કહ્યું, "તું ગભરા નહિ. હું બધું બરાબર કરીશ. કાલે સવારે હું તમને બંનેને પર્વતના શિખર પરના મંદિરમાં ધૂપ સળગાવવા તથા પૂજા કરવા મોકલીશ. જે ઘોડાની ઉપર તમે સવાર થશો એ જાનવર એટલાં ચતુર છે કે એ બેસનારને તરત પારખે છે. મંદિર આગળ જઈ ઘોડા નાસી ન જાય એટલા માટે તમે ઘોડાને ઝાડ સાથે નહિ પણ તમારા પગ સાથે બાંધજો. તારી થેલીમાં ખાવાનું હશે. પણ દાસીની થેલીમાં જીવતું તીતર હશે. કોઈ પણ રીતે દાસી પોતાની ખાવાની થેલી પહેલી ખોલે એવું તું કરજે. થેલી ખુલતાં જ અંદરથી તીતર અવાજ કરતું આકાશમાં ઊડશે. દાસીનો ઘોડો (એણે શું કરવું તે એને પહેલેથી ખબર હશે.) એને ઘસડતો દોડશે અને એ રીતે દાસીની દુષ્ટ જિંદગીનો અંત આવશે. તું તારું ખાવાનું ખાઈ ઘેર આવતી રહેજે."



ઘોડો ભડકયો અને પૂરપાટ દોડવા લાગ્યો. દાસી ઘોડાની પાછળ ઘસડાવા લાગી. ઘોડો પર્વતની ઉપર ગમે તેમ દોડવા લાગ્યો.

રિંજિંગ-લા ખુશ થઈ ગઈ. બીજે દિવસે સવારે બંને જણ પૂજા કરવા પર્વત ઉપરના મંદિરમાં ગયાં. ત્યાં જઈ બંનેએ પોતપોતાના ઘોડા પગ સાથે બાંધ્યા. દાસીએ રિંજિંગ-લાને પોતાની ખાવાની થેલી ખોલવા કહ્યું. પરંતુ રિંજિંગ-લાએ ચાલાકીથી વાત ઉડાવી દઈ કહ્યું, "તારી થેલીમાં ચોક્કસ સ્વાદિષ્ટ ભોજન હશે. કારણ કે તું તો મોટા ઘરની છોકરી ઠરી છે. મારી થેલીમાં તો દાસીને ખાવા લાયક ખાવાનું હશે. પહેલાં તું તારી થેલી ખોલી જો."

જેવી દાસીએ એની થેલી ખોલી કે અંદરથી કોલાહલ કરતું તીતર બહાર નીકળ્યું. તીતરનો અવાજ સાંભળી ઘોડો ભડક્યો અને પૂરપાટ દોડવા લાગ્યો. દાસી ઘોડાની પાછળ ઘસડાવા લાગી. ઘોડો પર્વતની ઉપર ગમે તેમ દોડવા લાગ્યો. એક ક્ષણમાં દાસીના ટુકડે ટુકડા થઈ ગયા! મોટો ટુકડો જવના દાણાથી મોટો નહિ અને નાનો રાઈથી નાનો નહિ! રિંજિંગ-લા પોતાનું ખાવાનું ખાઈ પોતાના ઘોડા ઉપર બેસી ઘેર ગઈ.

જ્યારે એ ઘેર પહોંચી ત્યારે નામગ્યાલે પૂછ્યું, "કેમ શું થયું?" રિંજિંગ-લાએ કહ્યું કે દાસીના ટુકડે ટુકડા થઈ ગયા! અરે એવા ટુકડા કે મોટો જુઓ તો જવ જેવડો ને નાનો રાઈ જેવડો. બંનેના હરખનો પાર ન રહ્યો. નામગ્યાલ રિંજિંગ-લાને પરણ્યો.

નામગ્યાલનો પિતા સોનાના આસન ઉપર, માતા ચાંદીના આસન ઉપર, નામગ્યાલ પોતે સીપના આસન ઉપર અને રિંજિંગ-લા નીલમના આસન ઉપર બેઠી.



શિલ્પીનો છોકરો

(એક યુનાની લોકવાર્તા)

દ્રોણવીર


એક હતો બાદશાહ. એણે પોતાની પ્રજા ઉપર બેસુમાર કરવેરા નાખ્યા. પોતાના તાબા નીચેનાં રાજ્યો લૂંટચાં. આ રીતે પારાપાર ધનના ઢગલા કર્યા. આ ધન ચોરાઈ ન જાય માટે એણે મોટા મોટા પથ્થરોનો મોટો મહેલ બંધાવવાનો નિશ્ચય કર્યો.

આ રાજ્યમાં એક ચતુર શિલ્પી રહેતો હતો. એ હંમેશાં બાદશાહનો ખજાનો મેળવવા તાકી રહ્યો હતો. આ ખજાનામાંથી ગરીબ, દુઃખીઓને મદદ કરવાનો એનો મનસૂબો હતો. જ્યારે આ પથ્થરનો મોટો મહેલ બાંધવાનું કામ રાજાએ એને સોંપ્યું ત્યારે એના આનંદનો પાર ન રહ્યો.

મહેલનું બાંધકામ ધમધોકાર ચાલવા લાગ્યું. મહેલ બાંધતાં બાંધતાં શિલ્પીએ ચૂપકીદીથી એક દીવાલમાં એક પથ્થર અનોખી રીતે ગોઠવી દીધો. એકબે માણસો મળી આ પથ્થર સહેલાઈથી ખસેડમૂક કરી શકે એવી કરામત કરી. છેવટે મહેલ બંધાઈ ગયો અને બાદશાહનો સઘળો ખજાનો અંદર મૂકવામાં આવ્યો.

વાત એમ બની કે મહેલ બંધાઈ રહ્યો ને થોડા દિવસમાં જ શિલ્પી સખત માંદો પડ્યો. પોતાનો મરણસમય નજીક લાગતાં, એણે પોતાના બંને દીકરાને બોલાવ્યા. બાદશાહના નવા મહેલની દીવાલનો પથ્થર કેવી રીતે ખસેડમૂક થઈ શકે એ ભેદ એણે બંનેને બતાવ્યો. અને કહ્યું, "દીકરાઓ, આ બધું મેં ગરીબોનું દુઃખ દૂર કરવા કર્યું છે. તમે અંદરથી સઘળો ખજાનો કાઢી દેશનું દુઃખ દૂર કરો એવી મારી અંતરની ઇચ્છા છે. આ ભેદ ફૂટી ન જાય તે જોજો."

પોતાના બાપના મરણ પછી બંને છોકરાઓએ એ કરામતનો પૂરેપૂરો લાભ ઉઠાવવાનું નક્કી કર્યું. બંને એક રાત્રે છુપાઈને બાદશાહના



જેટલું ધન બંને ઊંચકી શકે એટલું ઉઠાવી પથ્થરને અસલ જગ્યાએ જેમ હતો તેમ ગોઠવી ચોકીદારોથી સંભાળતા ઘેર પહોંચ્યા.

મહેલની દીવાલ પાછળ પહોંચ્યા. પોતાના પિતાએ બતાવેલી જગ્યા શોધી જલદી જલદી પથ્થર ખસેડી મહેલની અંદર ઘૂસ્યા. ધનના ઢગલા જોઈ બંને રાજીના રેડ થઈ ગયા. જેટલું ધન બંને ઊંચકી શકે એટલું ઉઠાવી પથ્થરને અસલ જગ્યા ઉપર, જેમ હતો તેમ ગોઠવી ચોકીદારોથી સંભાળતા ઘેર પહોંચ્યા.

બીજે દિવસે બાદશાહ મહેલમાં ખજાનો જોવા ગયો તો વળી પાછો ધનનો ઢગલો વેરવિખેર જોઈ બાદશાહ ચોંકી ઊઠ્યો. તે જ વખતે બાદશાહે જડતી લેવી શરૂ કરી. મહેલની ફરતે તપાસ કરવામાં આવી.

મહેલમાં કોઈ જગાએ બાકોરું ન જણાયું. આખરે બાદશાહ કંટાળીને થાક્યો અને શાંત પડ્યો.

વળી ત્રીજે દિવસે બાદશાહ ધન જોવા ગયો તો વળી પાછો ધનનો ઢગલો વેરવિખેર જોઈ એ ખૂબ નવાઈ પામ્યો. શક લાગે એવા પહેરેગીરોની ધરપકડ કરવામાં આવી પણ મહેનત ફોગટ ગઈ.

છેવટે, બાદશાહે ખજાના ફરતા ફાંસા કરાવ્યા કે જે કોઈ ધન ઉઠાવવા જાય તે અંદર ભેરવાઈ પડે.

વળી પાછા શિલ્પીના છોકરાઓ રાત્રે છૂપે રસ્તે મહેલમાં ઘૂસ્યા. બંનેને ખજાના ફરતા ફાંસાની ખબર ક્યાંથી હોય? જેવો બેમાંથી એક ખજાનામાં હાથ નાંખવા ગયો કે ફાંસામાં ફસાઈ પડ્યો. એણે પોતે છૂટવાની ખૂબ મહેનત કરી. ભાઈએ પણ ભાઈને છોડાવવા એકે પ્રયત્ન બાકી ન રાખ્યો, પણ એ કેમે કર્યો ફાંસામાંથી નીકળી ન શક્યો. આખરે ફસાયેલા ભાઈએ બીજાને કહ્યું, "મને જીવતો જો રાજાના સિપાઈઓએ પકડ્યો તો તમારા બધાના બાર વાગી જશે. એટલે તું મારું માથું કાપી ઘેર લઈ જા કે જેથી બાદશાહ કે કોઈ મારા શબને ઓળખી ન શકે."


બીજા ભાઈએ એ મુજબ કર્યું અને ભાઈ ડોકું કાપી ઘેર ચાલ્યો ગયો.

સવારે બાદશાહ પોતાનો ખજાનો જોવા આવ્યો. માથા વગરનું શબ જોઈ એની અજાયબીનો પાર ન રહ્યો. ઓરડાની બધી દીવાલો જોઈ, પણ ન તો કોઈ પથ્થર તૂટેલો કે ન તો કોઈ દરવાજો દેખાયો. આ ચોર અંદર ઘૂસ્યો ક્યાંથી? બાદશાહે ચોરને પકડવાનો મક્કમ નિશ્ચય કર્યો હતો. એણે હુકમ કર્યો કે, ગુનેગારનું શબ મેદાનમાં લટકાવો અને કોઈએ જગ્યાએ રડવાકૂટવા આવે એને ગિરફતાર કરો.

જ્યારે છોકરાઓની માને આ ખબર મળી ત્યારે એનું હૃદય ફફડી ઊઠ્યું. એણે પોતાના બીજા છોકરાને ભાઈનું શબ કોઈ પણ પ્રકારે ઘેર લઈ આવવા કહ્યું.

બીજા છોકરાએ ભાઈનું શબ મેળવવા આભપાતાળ એક કર્યાં. પણ શબની ફરતે પહેરો એટલો મજબૂત હતો કે એની એકે યુક્તિ કામ

ન આવી. પણ માએ તો શબ મેળવવાની જીદ પકડી હતી. એટલે છોકરો શાંત કેવી રીતે બેસી રહે? આખરે એને એક યુક્તિ સૂઝી.



મધરાતે જ્યારે સડક સૂમસામ બની ગઈ ત્યારે એણે જલદી જલદી ભાઈનું શબ છોડયું અને એક ગધેડા ઉપર બાંધી ઘેર ગયો.

ચામડાના કોથળાઓમાં શરાબ ભરી ગધેડાં ઉપર લાદી એ તો ચાલ્યો મેદાનમાં. જ્યાં પહેરો બહુ સખત હતો ત્યાં આગળથી પસાર થતાં એણે કોથળાઓની દોરી ઢીલી કરી કે શરાબ રેલાવા લાગ્યો. શરાબ

ઢોળાતો જોઈ એ છાતી કૂટી કૂટીને રડવા લાગ્યો. "મારો કેટલો મોંઘો શરાબ ઢોળાઈ ગયો! આમતેમ ગાંડાની જેમ એ દોડવા લાગ્યો. પણ શરાબ વહેતો અટકે શાનો?

મફત મળતું કોણ છોડે? મફતના શરાબથી કાજી પણ રાજી. સિપાઈઓની નજર શરાબ ઉપર પડતાં શરાબ પીવાની ઇચ્છા એ લોકના મન ઉપર સવાર થઈ ગઈ. આવેલી તક જતી ન કરતાં બધા હાથમાં જે વાસણ આવ્યું તે લઈ ગધેડાં દોડતાં હતાં તે તરફ દોડ્યા. છોકરો જોરજોરથી બૂમો પાડી સિપાઈઓને પાણી ચડાવવા લાગ્યો. આખરે એણે જેમ ધારેલું તેમ જ બન્યું. સિપાઈઓ પી પીને ટાટ થઈ પડ્યા!

સિપાઈઓ જ્યારે ઢીંચીને પડ્યા ત્યારે શિલ્પીનો છોકરો રાતની રાહ જોતો ત્યાં થોભ્યો. મધરાતે જ્યારે સડક સૂમસામ બની ગઈ ત્યારે એણે જલદી જલદી ભાઈનું શબ છોડ્યું અને એક ગધેડા ઉપર બાંધી ઘેર ગયો. પોતાના દીકરાનું શબ જોઈ માને કંઈક શાંતિ વળી.

જ્યારે બાદશાહને કાને શબની પણ ચોરી થઈ ગયાની જાણ થઈ ત્યારે એ ગુસ્સાથી રાતોપીળો થઈ ગયો. એણે ચોરને પકડવાની એક બીજી યુક્તિ રચી. બાદશાહે ઢંઢેરો પિટાવ્યો કે જે કોઈ શાહજાદીને પોતાની જાતનું અત્યંત બહાદુરીભર્યું પરાક્રમ સંભળાવશે એને બાદશાહ શાહજાદી સાથે પરણાવશે. આની પાછળ બાદશાહની ચાલ હતી.

શિલ્પીના છોકરાએ પણ આ ઢંઢેરો સાંભળ્યો. બાદશાહની ચાલ એ વરતી ગયો. એણે બાદશાહને ઊઠાં ભણાવવાનું નક્કી કર્યું. કોઈ મરી ગયેલા માણસનો હાથ એણે કાપી લીધો. એ હાથ એણે પોતાનાં કપડાં નીચે છૂપાવી રાખ્યો અને રાતના બાદશાહના મહેલ તરફ ગયો. જ્યારે શાહજાદીએ એને સવાલ પૂછ્યો ત્યારે એણે પોતાનો ભાઈ કેવી રીતે ખજાનો ઉઠાવતાં ફાંસામાં ભેરવાઈ ગયો અને એણે કેવી રીતે ભાઈનું ડોકું કાપી નાખ્યું તે વાત કરી. વળી ભાઈનું શબ પહેરેગીરોની આંખમાં ધૂળ નાખી કેવી રીતે મેદાનમાંથી એ તફડાવી ગયો તે પણ કહ્યું. શાહજાદીને બાદશાહે બધું શીખવી રાખ્યું હતું. વાત પૂરી થતાં જ શાહજાદીએ એને પકડવા એનો હાથ પકડ્યો. પરંતુ શિલ્પીના ચાલાક

છોકરાએ પોતાના કપડામાં સંતાડેલો હાથ શાહજાદીના હાથમાં સેરવી દીધો અને અંધારાનો લાભ ઉઠાવી એ આબાદ રીતે રફુચક્કર થઈ ગયો.

ચોરની હોશિયારીની ખબર જ્યારે બાદશાહને કાને પહોંચી ત્યારે બાદશાહની નવાઈનો પાર ન રહ્યો. આખરે એણે ઢંઢેરો પિટાવ્યો કે જો ચોર સીધો એની આગળ જઈ પોતાની ચોરી કબૂલ કરશે તો બાદશાહ એને માફ કરશે.

શિલ્પીનો છોકરો યોગ્ય સમય આવેલો જોઈ બાદશાહના દરબારમાં હાજર થઈ ગયો. બાદશાહ એની હોશિયારી ને બહાદુરી જોઈ ખૂબ ખુશ થયો અને પોતાના વચન પ્રમાણે એણે શાહજાદી સાથે એનાં ધામધૂમથી લગ્ન કર્યાં.



રાજાએ એને એક નાનો કૂતરો આપી કહ્યું, "ઓ-પા-મેના (તિબેટી દેવતા) નામ પર તારું દુઃખ ભૂલી જા અને આ કૂતરો લઈ ઘેર જા પરંતુ એક વાત બરાબર યાદ રાખજે. ભલે તું ખાય કે ન ખાય પણ કૂતરાને હંમેશાં તારી પહેલાં ખવડાવવાનું ચૂકતો નહિ."

સરોવરનો તરો

[પૂર્વ તિબેટની લોકવાર્તા]

ગીતા કૃષ્ણાત્રી

જૂના જમાનાની વાત છે. તિબેટના ખમ પ્રાન્તમાં છૈવાંગ નામનો એક છોકરો પોતાની સાવકી મા સાથે રહેતો હતો. મા જાતે તો પૂરા ઠાઠમાઠથી રહેતી, સારું સારું ખાતી, ફક્કડ ફક્કડ કપડાં પહેરતી. પરંતુ બિચારા છૈવાંગને પહેરવા ફાટ્યાંતૂટ્યાં કપડાં અને ખાવા વટાણાનો લોટ આપતી. અરે, એટલું જ નહિ એની સાવકી મા એની પાસે બધું જ કામ કરાવતી—છાણ અને સૂકાં ડાળપાંદડાં લાવવાનું, લાકડાં ફાડવાનું, ચૂલો સળગાવવાનું, દૂધ દોહવાનું, યાકને (તિબેટનો બળદ) પણ પહાડ ઉપર ચરાવવા લઈ જવાનું. બધું જ કામ છૈવાંગ કરતો. આથી એ

બિચારાના દુઃખની સીમા ન હતી. એક દિવસ જિંદગીથી કંટાળી સરોવરને કિનારે એ ખૂબ જોરથી રડવા લાગ્યો.

એનું દિલ હલાવે એવું રુદન સાંભળી સરોવરમાંથી સરોવરના રાજાનો ન્યેર્પા (ખજાનચી) ત્યાં આવ્યો. એ રાજાની સંપત્તિ પર દેખરેખ રાખનારો કુબેર હતો. એણે પૂછ્યું, "કેમ ભાઈ, શું કામ રડે છે?" બિચારા છૈવાંગે ડૂસકાં ખાતાં ખાતાં જણાવ્યું કે મારે દિવસભેર કામ કરવું પડે છે. યાકને ચરાવવા લઈ જવા પડે છે અને એ બદલ ફક્ત મને સડી ગયેલા વટાણાનો લોટ ખાવા મળે છે. આવી જિંદગીથી હું કંટાળી ગયો છું.

ન્યેર્પાએ કહ્યું, "નિરાશ ન થા, ભાઈ. ચાલ મારી સાથે. હું તને સરોવરના રાજા પાસે લઈ જાઉં. તું તારી આંખ બંધ કર. જ્યારે હું ખોલવા કહું ત્યારે જ ઉઘાડજે." છૈવાંગે તે મુજબ કર્યું અને બંને સરોવરમાં ઊતર્યાં. જ્યારે છૈવાંગે ન્યેર્પાના કહેવાથી આંખ ઉઘાડી ત્યારે એણે પોતાને મોટા મહેલમાં આવી પડેલો જોયો. મહેલના ઝગમગાટથી છૈવાંગને આંખે અંધારાં આવ્યાં! એણે પોતાની આંખ ચોળીને જોયું તો સરોવરનો રાજા એક ઝગમગતા સિંહાસન ઉપર બેઠો છે. સરોવરના રાજાએ ઘણા હેતથી એને રડવાનું કારણ પૂછ્યું. છૈવાંગે ન્યેર્પાને કહેલી દુઃખની વાત રાજાને કહી સંભળાવી. રાજાએ એને એક નાનો કૂતરો આપી કહ્યું, "ઓ-પા-મેના (તિબેટી દેવતા) નામ પર તારું દુઃખ ભૂલી જા અને આ કૂતરો લઈ ઘેર જા. પરંતુ એક વાત બરાબર યાદ રાખજે. ભલે તું ખાય કે ન ખાય પણ કૂતરાને હંમેશાં તારી પહેલાં ખવડાવવાનું ચૂકતો નહિ."

ન્યેર્પાએ ફરી છૈવાંગને આંખ બંધ કરવા કહ્યું. જ્યારે એણે આંખ ખોલી ત્યારે તે જ સરોવરને કિનારે પોતાને ઊભેલો જોયો. કૂતરો લઈ એ ઘેર ગયો. કૂતરાને પહેલાં ખવડાવવાનું એ ભૂલી ગયો. પોતે ખાઈ લીધું અને બચેલું એઠુંજૂઠું કૂતરાને ધર્યું. જ્યારે કૂતરાએ આ જોયું ત્યારે એ ચૂપચાપ ખાધા વગર ખસી ગયો. છૈવાંગે એને ખૂબ શોધ્યો પણ કૂતરો મળ્યો નહિ. છૈવાંગ ખૂબ ઉદાસ બની ગયો. વળી પાછો સરોવરને કિનારે જઈ રડવા બેઠો.


ફરી એ જ ન્યેર્પાં પાણીમાંથી બહાર નીકળ્યો. ન્યેર્પાંએ પૂછ્યું, "હવે તને શું દુઃખ છે?" છૈવાંગે એને જણાવ્યું કે હું કૂતરાને પહેલાં ખવડાવવાનું ભૂલી ગયો એટલે કૂતરો મારી પાસેથી નાસી ગયો. ન્યેર્પાંએ ફરી એને આંખ બંધ કરવાનું કહ્યું. એને સરોવરના રાજા પાસે બીજી વાર એ લઈ ગયો. રાજાએ છૈવાંગને રડવાનું કારણ પૂછ્યું. છૈવાંગે ન્યેર્પાંને જે પ્રમાણે કહ્યું હતું તે જ પ્રમાણે રાજાને કહ્યું. રાજાએ એને કૂતરો પાછો આપ્યો અને કહ્યું, "આ તારી છેલ્લી તક છે. ભૂલ કરશે તો પસ્તાશે."

છૈવાંગ ખુશ થતો થતો ઘેર ગયો. એ હંમેશ કૂતરાને પોતાનાથી પહેલાં ખવડાવતો. કૂતરાના આવ્યા પછી હંમેશ જ્યારે છૈવાંગ યાક ચરાવીને ઘેર જતો ત્યારે એની ધારેલી વસ્તુ એને મળતી. જેવું સ્વાદિષ્ટ ભોજન એ ઇચ્છતો એવું એને રસોડામાં મળતું. પૈસાથી એનું પાકીટ ભર્યું રહેતું, ફક્કડ કપડાંથી કબાટ ભરેલું રહેતું. ટૂંકમાં એ જે માગતો તે મળતું. એની માને ઘણી નવાઈ લાગતી કે આ બધું આવે છે ક્યાંથી? એક દિવસ એણે નિશ્ચય કર્યો કે એ પોતે જ યાક ચરાવવા જશે અને શો ચમત્કાર બને છે તે જોશે. એમ વિચારી એણે છૈવાંગને તે દિવસે ઘેર રહેવાનું કહ્યું.

છૈવાંગ પોતે પણ જે માગતો તે મળતું જોઈ ઘણો નવાઈ પામ્યો હતો. જ્યારથી કૂતરો આવ્યો ત્યારથી એને કોઈ વસ્તુની ખોટ ન હતી. આ ભેદ જાણવા માટે એ ચૂપચાપ માળિયા ઉપર ચડી ગયો. અને વાંકો વળી જોવા લાગ્યો કે કૂતરો શું કરે છે? એણે જોયું કે કૂતરો પોતાની ખાલ ઉતારી રૂપસુંદરી બની ગયો અને એ રૂપસુંદરીના લેબાશમાં જલદી જલદી કામ કરવા લાગ્યો. જે વસ્તુ જોઈતી તે જગ્યા એ લીંપી દેતી અને તે વસ્તુ હાજર થતી. તિજોરીમાં એણે ચાંદી ભરી. સમ્પાના (તિબેટના જવનો લોટ) કોથળામાં એણે સમ્પા ભર્યા, ઘઉંના કોથળામાં ઘઉં, ચોખાના કોથળામાં ચોખા વગેરે. છૈવાંગ છોકરીની સુંદરતા જોઈ મુગ્ધ થઈ ગયો. માળિયા પરથી છલ્લાંગ મારી એણે કૂતરાની ખાલ અગ્નિમાં નાંખી દીધી. છોકરીએ છૈવાંગને ખાલ ન સળગાવી મૂકવા

અનેક કાલાવાલા કર્યા, પરંતુ છૈવાંગે માન્યું નહિ અને ખાલને સળગાવી રાખ કરી દીધી.

આ બધું ઠીક, પણ હવે છૈવાંગ કિલ્લાના મુખ્ય અધિકારી ચોંગ-પોંનના છોકરાથી ગભરાવા લાગ્યો. એ આ છોકરીને જોશે તો એના રૂપથી મોહ પામી એને જરૂર એની પત્ની બનાવી દેશે. આથી, એણે છોકરીને કદરૂપી બનાવવા એના મોઢા ઉપર મેશ ચોપડી દીધી. પણ એ થોડા જ વખતમાં જ્યારે ધનવાન બની ગયો ત્યારે એણે પોતે જ છોકરીના મોઢા ઉપરની મેંશ ધોઈ નાખી. એને છોકરીના સૌંદર્યનું અભિમાન હતું. એણે છોકરીની કેટલીક મૂર્તિઓ બનાવી રસ્તા ઉપર ગોઠવી દીધી.



એણે જોયું કે કૂતરો પોતાની ખાલ ઉતારી રૂપસુંદરી બની ગયો અને એ રૂપસુંદરીના લેબાશમાં જલદી જલદી કામ કરવા લાગ્યો.

જ્યારે કિલ્લાના મુખ્ય અધિકારીના છોકરાએ મૂર્તિ જોઈ ત્યારે એના હૃદયમાં છોકરીને પોતાની પત્ની બનાવવાનો કોડ જાગ્યો. તરત જ એણે પોતાના માણસોને છૂપા વેશમાં છોકરીની તપાસ કરવા મોકલ્યા. માણસો સીધા છૈવાંગને ઘેર પહોંચ્યા અને કિલ્લાના મુખ્ય અધિકારીના હુકમથી છોકરીને પકડી ગયા.

છૈવાંગના ક્રોધનો પાર ન રહ્યો! એણે કિલ્લાના મુખ્ય અધિકારી ઉપર વેર લેવાનું નક્કી કર્યું. એણે વિચાર્યું કે પોતે પૈસાની લાલચે લોકોને પોતાના પક્ષમાં લઈ શકશે. પરંતુ ગમે તેટલા ધનને લોભે પણ

કોઈ, કિલ્લાના મુખ્ય અધિકારીની સાથે દુશ્મનાવટ બાંધવા તૈયાર ન થયું. બિચારા છૈવાંગનું હૃદય ભાંગી ગયું. વળી પાછો સરોવરને કિનારે જઈ એ પોકેપોક મૂકી રડવા લાગ્યો.

રુદનનો અવાજ સાંભળી પેલો જ ન્યેર્પા સરોવરમાંથી બહાર નીકળ્યો. છૈવાંગને જોઈ એ નવાઈ પામી બોલ્યો, "હવે કઈ આફત આવી પડી છે?" છૈવાંગ બોલ્યો, "જે કૂતરો સરોવરના રાજાએ મને આપ્યો હતો તે પોતાની ખાલ ઉતારી રૂપસુંદરી બની કામ કરવા લાગ્યો. મેં ખાલ સળગાવી દીધી, કિલ્લાના મુખ્ય અધિકારીનો છોકરો છોકરી ઉપર મુગ્ધ થઈ છોકરીને બળજબરીથી ઉઠાવી ગયો. ન્યેર્પા પહેલાંની માફક એને સરોવરના રાજા પાસે લઈ ગયો. રાજાએ એને રડવાનું કારણ પૂછ્યું. છૈવાંગે ન્યેર્પાને કહી હતી તે જ વાત રાજાને કહી. એણે રાજા પાસે દુશ્મન સામે લડવા માટે સૈનિક માગ્યા. સરોવરના રાજાએ એને એક ડબ્બો આપ્યો અને કહ્યું, "ડબ્બામાં સૈનિક ભર્યાં છે. લડાઈના મેદાનમાં જઈ ડબ્બો ખોલી તારે માત્ર 'લડો' એટલું કહેવું. ડબ્બાની અંદરથી સૈનિક નીકળી લડવા માંડશે." રાજાએ એક શીશી પણ આપી અને કહ્યું, "આ શીશી લડાઈના મેદાનમાં શત્રુઓથી જરા ઊંચી જગ્યા ઉપર ઊભા રહી તું ખોલજે અને બોલજે, 'બધાને ઘસડી જા." છૈવાંગ ડબ્બો અને શીશી લઈ ઘેર પહોંચ્યો. એણે કિલ્લાના મુખ્ય અધિકારીના છોકરા ઉપર સંદેશો મોકલ્યો, "છોકરી પાછી આપી દે, નહિ તો હું ચઢાઈ કરું છું."

આ સંદેશો સાંભળી કિલ્લાના મુખ્ય અધિકારીના છોકરાએ એક હજાર સૈનિક સાથે છૈવાંગ ઉપર ચડાઈ કરી. છૈવાંગ જલદી જલદી એક પર્વત ઉપર ચડી ગયો. ત્યાં ડબ્બો ખોલી બોલ્યો, 'લડો'. ડબ્બામાંથી સૈનિકો નીકળી લડવા લાગ્યા! જ્યારે છૈવાંગના સૈનિકોએ દુશ્મનની અડધી સેના ખતમ કરી નાખી ત્યારે છૈવાંગે પોતાના સૈનિકોને પાછા ડબ્બામાં બોલાવી લીધા. એણે શીશી ખોલી કહ્યું, "બધાંને ઘસડી જાવ." શીશીમાંથી પાણીનો એક ધોધ નીકળ્યો. એ ધોધમાં શત્રુના બચેલા સૈનિકો, મુખ્ય અધિકારી અને એનો દીકરો સુધ્ધાં તણાઈ ગયા!

છૈવાંગ કિલ્લામાં ઘૂસ્યો. છોકરીને બહાર કાઢી અને એને પોતાની પત્ની તરીકે લોકમાં જાહેર કરી. એણે મુખ્ય અધિકારીની બધી જમીન પોતાના કબજામાં લઈ લીધી. એણે શીશી તથા ડબ્બો સરોવરના રાજાને પાછાં સોંપી દીધાં. સરોવરનો રાજા એનો પરમ મિત્ર બની રહ્યો.

આમ, છૈવાંગની દુઃખની રાત્રી પૂરી થઈ ને સુખનો સૂરજ ઊગ્યો.





ડોસાએ એને માફ કરતાં કહ્યું, " બેટા, હવે તો તને ભાન થયું હશે કે સૌનો એક જ ભગવાન છે.

સૌનો એક જ ભગવાન

[ફ્રાન્સની લોકવાર્તા]

નીરા સકસેના

પૅરિસમાં ઇબ્રાહીમ નામનો એક માણસ પોતાની બીબી તથા બાળકો સાથે એક ઝૂંપડીમાં રહેતો હતો. ઘણી સામાન્ય સ્થિતિનો હોવા છતાં એ પોતે ધાર્મિક વૃત્તિનો તથા પરોપકારી સ્વભાવનો હતો. એનું ઘર શહેરથી દશ માઇલ દૂર હતું. એની ઝૂંપડીની પાસેથી એક પગદંડી જતી હતી. એક ગામથી બીજે ગામ જતાઆવતા જાત્રાળુ આ રસ્તે જતા.

રસ્તે વિશ્રામની કોઈ બીજી જગ્યા ન હોવાને લીધે જાત્રાળુ ઇબ્રાહીમનું બારણું ખખડાવતા. ઇબ્રાહીમ આવનારનું યોગ્ય સ્વાગત કરતો. જાત્રાળુ જ્યારે હાથમોં ધોઈ ઇબ્રાહીમના કુટુંબની સાથે ભોજન કરવા બેસતો ત્યારે ખાતાં પહેલાં ઇબ્રાહીમ ખુદાની બંદગી કરતો અને ખુદાની મહેરબાની માટે ઉપકાર માનતો. ત્યાર બાદ બીજાં બધાં પણ પ્રાર્થના ગાવા લાગતાં.

જાત્રાળુઓના સ્વાગતનું કામ આ પ્રમાણે કંઈ કેટલાં વર્ષ ચાલ્યું. પણ હંમેશ બધાનો વખત સરખો નથી જતો. સમયના ચક્કરમાં ઇબ્રાહીમ પણ ગરીબ બની ગયો, તોપણ એણે જાત્રાળુઓને જમાડવાનું બંધ ન કર્યું. એ, એની બીબી તથા બાળકો દિવસમાં એક વાર ખાઈ બીજી વારનું ભોજન જાત્રાળુઓ માટે બચાવતાં. આ પરોપકારથી ઇબ્રાહીમને ઘણો સંતોષ થતો. પણ સાથે સાથે એને કંઈક અભિમાન પણ હતું કે એ પોતે એક મોટો ધર્માત્મા છે અને એનો ધર્મ સૌથી ઊંચો છે.

એક દિવસ બપોરે એને દરવાજે એક થાક્યોપાક્યો ડોસો આવ્યો. બિચારો બહુ જ નબળો હતો. એની કમ્મર કમાનની જેમ વાંકી વળી ગઈ હતી અને અશક્તિને લીધે બરાબર ચાલી પણ નહોતો શકતો. એણે ઇબ્રાહીમનું બારણું ઠોક્યું. ઇબ્રાહીમ એને અંદર લઈ ગયો અને સગડી પાસે તાપવા બેસાડ્યો. થોડી વાર થાક ખાઈ ડોસો બોલ્યો, "બેટા, હું ઘણે દૂરથી આવું છું. મને ખૂબ ભૂખ લાગી છે." ઇબ્રાહીમે જલદી જલદી ભોજન તૈયાર કરાવ્યું અને જ્યારે જમવાનો વખત થયો ત્યારે હંમેશના નિયમ મુજબ ઇબ્રાહીમે ખુદાની બંદગી કરી. આ સ્તુતિ એનાં બીબીબાળકોએ પણ ગાઈ. ઇબ્રાહીમે જોયું કે ડોસો ચૂપચાપ બેઠો છે. એટલે એણે ડોસાને પૂછ્યું, "તને અમારા ધર્મમાં શ્રદ્ધા નથી? તેં અમારી સાથે પ્રાર્થના કેમ ન કરી?"

ડોસો બોલ્યો, "અમે અગ્નિપૂજામાં માનીએ છીએ." આ સાંભળી ઇબ્રાહીમ ગુસ્સાથી લાલપીળો થઈ ગયો. એ બોલ્યો, "જો તને અમારા ખુદામાં વિશ્વાસ નથી અને તું અમારી સાથે બંદગી કરતો નથી તો તું અત્યારે ને અત્યારે ઘરમાંથી બહાર નીકળ."

ઇબ્રાહીમે ડોસાને ભૂખ્યો બહાર કાઢ્યો અને દરવાજો બંધ કર્યો. દરવાજો બંધ થતાં જ રૂમમાં પ્રકાશ ફેલાયો અને એક દેવદૂત પ્રગટ થયો ને બોલ્યો, "ઇબ્રાહીમ, આ તેં શું કર્યું? બિચારા સો વર્ષના ડોસાની ભગવાને અત્યાર સુધી રક્ષા કરી. તું તારી જાતને ખુદાનો મોટો ભક્ત ઓળખાવે છે પણ તું એને એક દિવસનું ભોજન પણ ન આપી શક્યો કારણ કે એનો ધર્મ તારાથી જુદો છે. દુનિયામાં ભલે ધર્મ અનેક હશે પણ ભગવાન એક જ છે. ખુદા એક જ છે. બધાં પ્રાણીઓનો પરમ પિતા સર્વનો એ એક જ ઈશ્વર છે.

આમ કહી દેવદૂત અદૃશ્ય થઈ ગયો. ઇબ્રાહીમને પોતાની ભૂલ સમજાઈ. દોડતો દોડતો એ ડોસાની પાસે જઈ માફી માગવા લાગ્યો. ડોસાએ એને માફ કરતાં કહ્યું, "બેટા, હવે તો તને ભાન થયું હશે કે સૌનો એક જ ભગવાન છે."

આ સાંભળી ઇબ્રાહીમને ઘણું આશ્ચર્ય થયું, કારણ કે દેવદૂતે પણ આ જ પ્રમાણે કહ્યું હતું!

રખેવાળ શિયાળ

[નોર્વેની લોકવાર્તા]

મન્મથનાથ ગુપ્ત

પુરાણા સમયમાં નોર્વે દેશમાં એક ડોસી રહેતી હતી. એની પાસે ઘણાં બતક હતાં. બતકને ચરાવવા માટે પહેલાં એક છોકરી ડોસીએ



એ બોલી કે આ પ્રમાણે તું બતકને બોલાવશે તો એ બિચારાંના બાર વાગી જશે. તું મારે કામ ન આવે.

રાખી હતી. પણ એ છોકરી કંઈ કારણસર ભાગી ગઈ. ત્યારથી ડોસી જાતે બતક સંભાળતી.

ડોસીને ઘરના કામકાજ સાથે બતક સાચવવાનું ઘણું ભારે પડતું હતું. વળી દર અઠવાડિયે બજારમાં જઈ કેટલાંક બતક વેચવાં પડતાં. જે પૈસા આવતા તેમાંથી ઘર ચાલતું. ઘણા દિવસ સુધી ડોસીએ એકલે હાથે બતક ચરાવવાનું, ઘરકામ કરવાનું તથા અઠવાડિયે એક વાર બજાર જવાનું સંભાળ્યું. છેવટે ડોસી એટલી કંટાળી ગઈ કે કમ્મર કસી એક દિવસ બતકને માટે કોઈ રખેવાળ છોકરી શોધવા નીકળી પડી. આકાશ-પાતાળ એક કરીને પણ રખેવાળ શોધી કાઢવાનો ડોસીએ નિશ્ચય કર્યો. મળસ્કે જ ડોસી નીકળી પડી.

હજી આગળ ખાસ વધી નહિ એટલામાં એને ભીછરા વાળવાળું રીંછ મળ્યું. ડોસી જરા ડરી નહિ, કારણ કે એને વારે ઘડીએ એ પ્રદેશમાં રીંછનો ભેટો થતો. ડોસીએ રીંછને પ્રણામ કર્યાં. રીંછે પણ પ્રણામ કરી પૂછ્યું, “ડોસીમા, આટલી વહેલી સવારે ક્યાં ચાલ્યાં?”

ડોસી બોલી, “આજે મારાં બતક માટે રખેવાળ છોકરી શોધવા પર્વત તરફ નીકળી છું.”

રીંછ બોલ્યું, “એ તે શી મોટી વાત છે કે તારે આટલી તકલીફ ઉઠાવવી પડી? તું જો કહે તો હું એ કામ કરવા તૈયાર છું. ઠાલો-માલો બેસી રહું છું તો તને થોડી મદદ કરું તો એમાં ખોટું શું? પડોશીએ તો એકબીજાને મદદ કરવી જોઈએ.”

ડોસી બોલી, “આવા કળિયુગમાંયે તારી આ પ્રમાણેની વાત મને ઘણી ગમી. પણ દરેક માણસ ગમે તે કામ નથી કરી શકતો. તારો અવાજ સાંભળીને જ મારાં બતક ગભરાઈ જશે. મને ડર છે કે જે રીતે હું બતકને બોલાવું છું એ રીતે તું નહિ બોલાવી શકે.”

રીંછ બોલ્યું, “વાહ ડોસીમા, હું ધારું તો બધું કરી શકું.” એમ કહી એણે ગળામાંથી અવાજ કાઢવાનો ચાળો કર્યો. “જો સાંભળ; જો, મારો અવાજ કેટલો મીઠો છે!”

પણ ડોસીએ બંને કાન બંધ કરી દીધા અને બોલી, "બેટા, એ તારું કામ નહિ. તારો મીઠો અવાજ સાંભળી તો બળદ પણ ભડકી ઊઠે, તો બિચારાં બતકોની તો વાત જ ક્યાં?

ડોસી આગળ ચાલી. થોડી વારમાં એક વરુ મળ્યું. વરુને ડોસીએ પ્રણામ કર્યાં. ત્યાર બાદ જે પ્રમાણે રીંછને વાત કરી હતી તે પ્રમાણે ડોસીએ એને વાત કરી.

વરુ બોલ્યો, "પ્રણામ ડોસીમા, વહેલી સવારે ક્યાં નીકળ્યાં?"

ડોસી બોલી, "હું મારાં બતક માટે રખેવાળ છોકરી શોધવા નીકળી છું."

વરુના કાન એકદમ ઊભા થઈ ગયા! મનમાં ખુશાલી ઊપજી. એ સાવધાન થઈ બોલ્યું, "અરે તું ક્યાં ક્યાં રખડશે? હું તારાં બતક સંભાળીશ. તું એક વાર હુકમ કર. જો પછી હું કેવું કામ કરું છું!"

ડોસી બોલી, "એટલી તો મને ખબર છે કે તું દોડવામાં ભારે ચાલાક છે. કોઈ બતક તારી નજર ચુકાવીને નાસી નહિ જઈ શકે. પણ તું મારી જેમ બતકને બોલાવી શકશે?"

આ સાંભળી વરુએ ખૂબ જોરથી ચીસ પાડી. "જો, હું કેવી સરસ રીતે બતકને બોલાવી શકું છું!" વરુની ચીસ એટલી તો મોટી અને ભયાનક હતી કે ડોસીનાં રૂવાં ખડાં થઈ ગયાં! એ બોલી કે આ પ્રમાણે તું બતકને બોલાવશે તો એ બિચારાંના બાર વાગી જશે. તું મારે કામ ન આવે.

પહાડીને રસ્તે ડોસી આગળ વધી. એટલામાં એક શિયાળ દેખાયું. શિયાળ બોલ્યું, "પ્રણામ ડોસીમા, સવારમાં ક્યાં નીકળી પડ્યાં? હું તમારી કંઈ સેવા બજાવી શકું?"

ડોસી બોલી, "વગર કામે કોણ આટલું વહેલું સવારે નીકળે? હું એકબે કલાક રહીને નીકળત, પણ મારાં બતક માટે રખેવાળ છોકરી શોધવા ખાસ વહેલી નીકળી. મારી રખેવાળ છોકરી નાસી ગઈ. એટલે આજકાલ હું ઘણી હેરાન થાઉં છું."



જ્યારે ડોસીએ જોયું કે શિયાળ માખણ ઉડાવી રહ્યું છે ત્યારે એણે માખણવાળું વાસણ જોરથી શિયાળને માર્યું. શિયાળ જોરથી દોડ્યું. પણ થોડું માખણ એની પૂંછડીએ ચોંટી ગયું.

શિયાળ બોલ્યું, "આવી નજીવી બાબતસર તું આટલી બાવરી બાવરી ભટકે છે? હું બતકની રખેવાળી બહુ ચાલાકીથી કરીશ. મને રાખી લે અને બતકની બિલકુલ ચિંતા ન કરીશ. તું તારું કામ સંભાળજે ને હું મારું."

ખૂબ ચાલી ચાલીને ડોસી થાકી ગઈ હતી. એટલે ડોસીએ લાંબો વિચાર કર્યાં વગર શિયાળને બતકની રખેવાળી કરવા રાખી લીધું. ડોસીએ શિયાળ આ કામ માટે લાયક છે કે નહિ તે અંગે કશા સવાલજવાબ ન કર્યાં. ડોસી બોલી, "ચાલ ત્યારે મારી સાથે. હું જોઈશ, તું કેવું કામ કરે છે. જો તું બરાબર કામ નહિ કરે તો હું તને તે જ વખતે નોકરીમાંથી પાણીચું આપીશ."

શિયાળ રાજી રાજી થઈ ગયું. ડોસીની સાથે ઘેર પહોંચ્યું. પહેલે દિવસે જ એણે છ બતક ઉડાવ્યાં. બીજે દિવસે પણ એણે એમ જ કર્યું. બિચારી ડોસીને કશી ખબર ન પડી. એક તો ડોસીને આંખે મોતિયા હતા એટલે ઝાંખું જ દેખાતું અને ગણતાં પણ બરાબર નહોતું આવડતું. શિયાળ આ બંને વસ્તુનો બરાબર લાભ ઉઠાવી મોજથી બતકો ખાતું રહ્યું. આમ કરતાં કરતાં એમ બન્યું કે શિયાળે એકે બતક રહેવા ન દીધું.

જ્યારે વાત આટલે સુધી આવી અને શિયાળ ડોસીને મળ્યું ત્યારે ડોસીએ જોયું કે એકે બતક રહ્યું ન હતું. ડોસીએ પૂછ્યું, "તું બતકો ક્યાં મૂકી આવ્યું?

શિયાળે જવાબ તૈયાર જ રાખ્યો હતો. "બતકો તળાવ ઉપર ચરે છે. આજે કોણ જાણે કેટલી બૂમ પાડી તોપણ પાછાં નથી ફરતાં." ડોસી બોલી, "મને ડર હતો જ. મારે સમજવું જોઈતું હતું કે તું બરાબર રખેવાળી કરી શકશે નહિ. ચાલો ઠીક, હું જાતે જ બતકોને બોલાવી લાવું."

એમ કહી એણે હાથમાંનું માખણનું વાસણ જમીન ઉપર મૂકી દીધું. ડોસી તળાવ ઉપર બતક જોવા ગઈ. શિયાળે જોયું કે બતકો તો હવે પૂરાં થયાં. ડોસીના પાછા ફરતાં પહેલાં અહીંથી એણે નાસી જવું જોઈએ. પણ માખણ ભરેલું વાસણ જોઈ શિયાળનું મન લલચાયું અને એ માખણ ખાવા રોકાયું. હજી શિયાળે અડધું માખણ ખાધું ન ખાધું ત્યાં તો ડોસી તળાવ ઉપરથી બરાડા પાડતી આવી પહોંચી. તળાવ ઉપર બતકોનાં હાડકાં વેરાયેલાં હતાં. એ જોઈ ડોસી સમજી ગઈ કે દુષ્ટ શિયાળ બધાં બતક ખાઈ ગયું છે. ડોસીનો ગુસ્સો માતો

ન હતો. જ્યારે ડોસીએ જોયું કે શિયાળ માખણ ઉડાવી રહ્યું છે ત્યારે એણે માખણવાળું વાસણ જોરથી શિયાળને માર્યું. શિયાળ જોરથી દોડ્યું. પણ થોડું માખણ એની પૂછડીએ ચોંટી ગયું. કહે છે કે શિયાળની પૂંછડીએ ત્યારથી સફેદ ડાઘ રહી ગયો છે. જ્યારે નૉર્વેમાં કોઈ છોકરું પૂંછડી ઉપર સફેદ ડાઘવાળું શિયાળ જુએ છે ત્યારે તે સમજી જાય છે કે ડોસીનાં બતક ખાઈ જનાર શિયાળનું આ વંશજ છે.





એ એકના ઝાડ ઉપર ચડી ગુંબજ તરફ જોવા લાગ્યો. થોડી વાર રહીને એણે રાજમહેલના ગુંબજ ઉપર ધ્વજ ફરકતી જોઈ.

બાર ભાઈ

[ગ્રીસની લોકવાર્તા]

સૂર્યભાનુ 'કપિલ'

એક રાજા હતો. પોતાની રાણી સાથે એ આનંદથી રહેતો હતો. એને બાર પુત્ર હતા. એકેય પુત્રી ન હતી. જ્યારે રાણીને ફરી પાછા દિવસ રહ્યા ત્યારે રાજાએ રાણીને કહ્યું, "જો આ વખતે તને છોકરી આવશે તો હું આ બારેબાર છોકરાને મારી નાંખીશ કે જેથી એ છોકરી મારી પછી ગાદીએ બેસી રાજ કરી શકે." આ સાંભળી રાણીને ખૂબ દુઃખ થયું! દિવસભર ચોધાર આંસુએ એણે રડયા કર્યું!

નાનો રાજકુમાર રાણીની સાથે રહેતો હતો. એનું નામ હતું બેન્જામિન. માને રડતી જોઈ એણે પૂછ્યું. "મા, શું કામ રડે છે?"

"મારા વહાલા દીકરા" કહી રાણીએ પાલવથી આંસુ લૂછી લીધાં, "તારે સાંભળવા લાયક વાત નથી."

બેન્જામિને ઘણી જીદ કીધી. છેવટે રાણીએ એને ખરી હકીકત કહેવી પડી.

માની વાત સાંભળી બેન્જામિન બોલ્યો, "મા, તું રડ નહિ. અમે અમારા રક્ષણ અર્થે અહીંથી ઘણે દૂર ચાલ્યા જઈશું."

"હાં" રાણી બોલી, "તું તારા અગિયાર ભાઈઓ સાથે જંગલમાં ચાલ્યો જા. જંગલના સૌથી ઊંચા ઝાડ ઉપર ચડી રાજમહેલના ગુંબજ તરફ વારા બાંધી જોતા રહેજો, જો મને છોકરો આવશે તો હું ગુંબજ ઉપર સફેદ ધજા ચડાવીશ અને તમે પાછા ફરજો. જો છોકરી આવી તો હું ગુંબજ ઉપર લાલ રંગની ધજા ફરકાવીશ અને તમે ઘણે દૂર નાસી જજો. કદાચ આ પ્રમાણે તમે બચી શકશો."

માના આશીર્વાદ લઈ બારે ભાઈ જંગલ તરફ ચાલી નીકળ્યા. ત્યાં એ લોકે ઊંચું ઓકનું ઝાડ પસંદ કર્યું. ઓક ઉપર વારાફરતી ચડી એ લોક પહેરો ભરવા લાગ્યા.

એ પ્રમાણે અગિયાર દિવસ પૂરા થયા. બારમે દિવસે બેન્જામિનનો વારો આવ્યો. એ ઓકના ઝાડ ઉપર ચડી ગુંબજ તરફ જોવા લાગ્યો. થોડી વાર રહીને એણે રાજમહેલના ગુંબજ ઉપર ધજા ફરકતી જોઈ. બેન્જામિનને ધજા પહેલાં સફેદ લાગી પણ ધારી ધારીને જોતાં એને ધજાનો રંગ લોહી જેવો લાલ લાગ્યો. એ એમના મોતનો સંદેશ હતો.

જ્યારે ભાઈઓને બેન્જામિને ધજાના રંગની વાત કરી ત્યારે બધા એકદમ ખિજવાઈ ગયા. "એક છોકરીને ખાતર રાજા અમને બારને મારી નાંખવા માગે છે. અમે એનો બદલો લીધા વગર નહિ રહીએ. કોઈ પણ છોકરીને અમે જીવતી જવા નહિ દઈએ."

બારે ભાઈઓ જંગલમાં ઘણે દૂર નીકળી ગયા ત્યારે એક ઝૂંપડી દેખાઈ. દૂરથી એ જાદુગરની ઝૂંપડી જેવી લાગતી હતી. ઝૂંપડી જ્યારે ખાલી જોઈ ત્યારે એમાં રહેવાનો એ લોકે નિશ્ચય કર્યો.

નાનો બેન્જામિન ઘેર ઝૂંપડીમાં રહેતો અને બાકીના અગિયાર ભાઈ જંગલમાં શિકાર કરતા.

આમ દશ વર્ષ વહી ગયાં. સમય ઝપાટાભેર વીતતો જતો હતો. આ તરફ મહેલમાં રાજકુમારી પણ મોટી થવા લાગી. જેટલી એ પરગજુ અને પ્રામાણિક હતી એટલી જ એ સુંદર હતી. એને માથે હંમેશ સોનાનો મુગટ શોભતો. એક વાર ઉત્સવને દિવસે રાજમહેલમાં સાફસૂફી થતી હતી ત્યારે રાજકુમારીએ બહાર સૂકવેલાં નાનાંમોટાં બાર ખમીસ જોઈ એની માને પૂછ્યું, "મા, આ ખમીસો કોનાં સૂકવવા નાંખ્યાં છે? આટલાં નાનાં ખમીસ પિતાજીનાં તો હોય નહિ!"

રાણીએ ઊંડો નિસાસો નાંખી કહ્યું, "મારી દીકરી, આ ખમીસો તારા બાર ભાઈઓનાં છે."

રાજકુમારી આશ્ચર્યમાં ડૂબી ગઈ! "મારા બાર ભાઈ! કેવી રીતે? મેં તો કદી મારા ભાઈઓ વિષે કશું સાંભળ્યું નથી. બધા ગયા ક્યાં?"

"ભગવાન જાણે બિચારા અત્યારે ક્યાં ભટકતા હશે!" રાણીનું ગળું કહેતાં કહેતાં રૂંધાઈ ગયું. પછી રાણીએ રાજકુમારીને રાજાએ છોકરીનો જન્મ થતાં બાર છોકરાને મારી નાંખવાનો નિશ્ચય કર્યો હતો તેની વાત કરી. "મારી મા, તું રડ નહિ. હું મારા ભાઈઓને જરૂર શોધી લાવીશ." રાજકુમારી બોલી.

બીજે દિવસે બાર ખમીસ લઈ રાજકુમારી જંગલને રસ્તે નીકળી પડી. દિવસ આખો ભાઈઓને શોધ્યા. સાંજ થતાં ભાઈઓની ઝૂંપડી પાસે આવી પહોંચી. ઝૂંપડીમાં પેસતાં એણે બેન્જામિનને જોયો. બેન્જામિને એને પૂછ્યું, "તું કોણ છે? ક્યાંથી આવી?"

"હું રાજકન્યા છું. હું મારા બાર ભાઈને શોધવા નીકળી છું." એમ કહી એણે બેન્જામિનને બાર ખમીસ બતાવ્યાં.

બેન્જામિને પોતાની બહેનને ઓળખી. આનંદથી એનું હૃદય નાચી ઊઠ્યું. એ બોલ્યો, "હું તારો નાનો ભાઈ બેન્જામિન છું."

બંને ભાઈબહેન ભેટી પડ્યાં. હર્ષાશ્રુથી આંખો ઊભરાઈ આવી. બેન્જામિને ધીરે રહી બહેનને કહ્યું, "વહાલી બહેન, સૌથી પહેલાં, હું

તને એક વાત કહું તે સાંભળ. અમે બારે ભાઈઓએ નિશ્ચય કર્યો છે કે જે કોઈ છોકરી અમને મળશે તેને અમે મારી નાંખીશું. કારણ કે એક છોકરીને ખાતર અમારે રાજપાટ ખોવાં પડ્યાં."

ત્યારે રાજકુમારી બોલી, "મને મોતની બીક નથી. મારા મરવાથી મારા બાર ભાઈઓના જાન બચી જશે."

બેન્જામિન બોલ્યો, "નહિ બહેન, હવે હું તને કદી મરવા નહિ દઉં. તું આ લાકડાની પેટીમાં છુપાઈ જા. ભાઈઓ આવતાં હું એ લોકની પાસેથી વચન લઈશ."

રાજકુમારી બેન્જામિનના કહ્યા પ્રમાણે પેટીમાં સંતાઈ ગઈ. સૂરજ ડૂબતાં બાકીના અગિયાર ભાઈ શિકાર ખેલી ઘેર આવ્યા. જ્યારે બધા જમવા બેઠા ત્યારે એકે પૂછ્યું, "બેન્જામિન, આજની ખાસ ખબર?"

બેન્જામિન બોલ્યો, "હાં, હાં. પરંતુ પહેલાં વચન આપો કે જે કોઈ પહેલી છોકરી મળે તેને જીવતી જવા દેશો."

"બહુ સારું" બધા એકીસાથે બોલી ઊઠ્યા.

"અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે એ છોકરીનો અમે વાળ પણ વાંકો નહિ થવા દઈએ. હવે જલદી જલદી આજની તાજી ખબર જણાવ."

"અહીં આપણી બહેન છે" કહેતાંકને બેન્જામિને પેટીનું ઢાંકણુ ખોલી કાઢ્યું. રાજકુમારી હસતી હસતી બહાર નીકળી. એણે રાજસી વસ્ત્રો પહેર્યાં હતાં. એના માથા ઉપર સોનાનો તાજ શોભી રહ્યો હતો. એ ભોળી, ભલી, રૂપાળી રાજકુમારી ખૂબ પ્યારી લાગતી હતી. બહેન મળતાં બધા ભાઈઓ રાજી થઈ ગયા. બધા બહેનને ભેટચા. બહેનના કપાળ ઉપર કેટલી વાર બચી કરવા લાગ્યા અને એને ખૂબ પ્યાર કરવા લાગ્યા.

હવે રાજકુમારી બેન્જામિનની સાથે રહી ઘરકામ સંભાળવા લાગી.

ઝૂંપડી પાસે એક નાનો બગીચો હતો. એમાં લીલીનાં બાર ફૂલ ખીલ્યાં હતાં. રાજકુમારીને થયું કે એ બાર ફૂલ ભાઈઓનાં ખમીસ ઉપર ભેરવું તો કેવું સારું! જેવાં એણે ફૂલ તોડ્યાં કે તરત એના બાર

ભાઈઓ હંસ બની જંગલની ઉપર આકાશમાં ઊડી ગયા. સાથેસાથે એ ઝૂંપડી અને બગીચો પણ અલોપ થઈ ગયાં.

બિચારી રાજકુમારી જંગલમાં એકલી રહી ગઈ. આંખ ફાડી ફાડી આમતેમ જોવા લાગી. ત્યાં એક ડોસી પર નજર પડી!

ડોસી બોલી, "બેટી, તારે ફૂલ તોડવાની શી જરૂર હતી? એ તારા બાર ભાઈ હતા. હવે એ હંમેશને માટે હંસ બની ઊડી ગયા."



જેવાં એણે ફૂલ તોડયાં કે તરત એના બાર ભાઈઓ હંસ બની જંગલની ઉપર આકાશમાં ઊડી ગયા.

રાજકુમારી નિસાસો નાંખી જોરથી રડી પડી. રડતાં રડતાં બોલી, "શું મારા ભાઈ પાછા અસલ સ્વરૂપ કદી નહિ ધારણ કરી શકે?"

ડોસી બોલી, "ના. હવે એ લોક અસલ રૂપ સહેલાઈથી ધારણ નહિ કરી શકે. પણ એક ઉપાય છે. તારે માટે એ અતિ-મુશ્કેલ છે. તારે સાત વર્ષ મૌનવ્રત રાખવું પડશે. ન તો તું બોલી શકશે કે હસી શકશે. તારા મોઢામાંથી એક શબ્દ પણ જો તું કાઢશે તો તે જ ઘડીએ તારા ભાઈઓ મરી જશે."

રાજકુમારીએ મનમાંને મનમાં પોતાના ભાઈઓને પાછા મેળવવા નિશ્ચય કર્યો. જંગલમાંના સૌથી ઊંચા ઓકના ઝાડ ઉપર એ ચડી ગઈ. હવે ન તો એ બોલતી કે હસતી. બેઠી બેઠી એ સૂતર કાંત્યા કરતી.

એક દિવસ એક રાજકુમાર જંગલમાં શિકાર કરવા નીકળ્યો. થાકી જવાથી એ ઓકના ઝાડ નીચે આરામ કરવા બેઠો. રાજકુમારીને ઉપર બેઠેલી એણે જોઈ. જોતાં વાર જ એની સાથે એણે પરણવાનો નિશ્ચય કર્યો. જવાબમાં રાજકુમારીએ ડોકું હલાવી 'હા' કહી.

રાજકુમારે ઝાડ ઉપર ચડી રાજકુમારીને નીચે ઉતારી. ઘોડા ઉપર બેસાડી રાજકુમાર એને ઘેર લઈ ગયો. રાજકુમારીનાં રાજકુમાર સાથે લગ્ન થયાં અને આનંદથી બંને રહેવા લાગ્યાં. પરંતુ કોઈ દિવસ એ કોઈની સાથે ન તો વાત કરતી કે હસતી.

આ પ્રમાણે થોડોક વખત તો સુખમાં પસાર થઈ ગયો. રાજ-કુમારની મા ઘણી દુષ્ટ હતી. રાજકુમારીનું મૌનવ્રત એને ખૂબ ખૂંચ્યું. એણે રાજકુમારને કહ્યું, "મને લાગે છે કે તું કોઈ ભિખારણને પકડી લાવ્યો છે. ગૂંગી તો ગૂંગી પણ હસવી તો જોઈએ. જેનું મોં હસતું નથી એનું હૃદય કેવું હોઈ શકે? એના દિલમાં કાંઈ કાળું છે."

શરૂઆતમાં રાજકુમારે માની વાત ઉપર ધ્યાન ન આપ્યું. પરંતુ છેવટે એને રાણીની ઉપજાવી કાઢેલી વાત વાજબી લાગી અને એણે રાજકુમારીને મોતની સજા ફરમાવી.

રાજમહેલના કોટમાં એક મોટી ચિતા બનાવવામાં આવી. રાજકુમારીને ચિતાની પાસે એક ખૂંટ સાથે કસકસીને બાંધી. આગની જવાળા રાજકુમારીના કપડાંને સ્પર્શી. આજ ઘડીએ રાજકુમારીના

મૌનવ્રતને સાત વર્ષ પૂરાં થયાં. એકાએક આકાશમાંથી પાંખ ફફડાવતા બાર હંસ રાજમહેલના આંગણામાં ઊતર્યાં. પૃથ્વી ઉપર ઊતરતાંવેંત એ હંસમાંથી માણસ બની ગયા. એ બધા રાજકુમારીના ભાઈ હતા. જાદુની અસરમાંથી હવે એ મુક્ત બન્યા. ભાઈઓએ ચિતાનાં લાકડાં હઠાવ્યાં અને આગ બુઝાવી. પોતાની પ્યારી બહેનને બંધનમાંથી છોડી. ભાઈઓ એને ખૂબ પ્યાર કરવા લાગ્યા. હવે રાજકુમારી ખૂબ હસવા લાગી, બોલવા લાગી. એણે રાજકુમારને એ શા માટે હસતી ન હતી, બોલતી ન હતી તે બતાવ્યું. રાજકુમાર પણ પત્નીને નિર્દોષ જોઈ બહુ રાજી થયો અને બંને ખૂબ આનંદથી રહેવા લાગ્યાં.

રાજકુમારની દુષ્ટ માને ભર દરબારમાં હાજર કરવામાં આવી. બધાની સલાહ લઈ રાજકુમારે એને મોતની સજા ફરમાવી.



ખેડૂતે કહ્યું: "એકથી હું મારું પેટ ભરું છું, બીજો ઉધાર આપું છું, ત્રીજો ચૂકવી દઉં છું અને ચોથો આનો કૂવામાં ફેંકું છું.

ચાલાક ખેડૂત

(ઇટાલીની એક જૂની લોકવાર્તા)

ગિંડારામ સુગંધ

એક દિવસ એક ખેડૂત પોતાનું ખેતર ખેડી રહ્યો હતો. દેશનો રાજા તે વખતે ત્યાંથી પસાર થતો હતો. રાજાએ ઊભા રહી ખેડૂતને પૂછ્યું : " તું એક દિવસમાં કેટલું કમાય છે ?"

ખેડૂતે જવાબ આપ્યો : " હું માત્ર ચાર આના કમાઉં છું."

રાજાએ પૂછ્યું : "તું એનું શું કરે છે?"

ખેડૂતે કહ્યું : "એકથી હું મારું પેટ ભરું છું, બીજો ઉધાર આપું છું, ત્રીજો ચૂકવી દઉં છું અને ચોથો કૂવામાં ફેંકું છું."

રાજાને આ વિચિત્ર જવાબમાં કશી સમજણ ન પડી! ખેડૂતને એણે વધુ ખુલાસો કરવા કહ્યું. ખેડૂત બોલ્યો :

"પહેલામાંથી હું મારું અને મારી સ્ત્રીનું ભરણપોષણ કરું છું. બીજામાંથી છોકરાંનું ભરણપોષણ કરું છું. એનો બદલો એ લોક વાળી દેશે. જ્યારે હું ઘરડો થઈશ ને કામ કરી શકીશ નહિ ત્યારે એ લોક મને પાળશે. ત્રીજાથી મારા બાપનું ભરણપોષણ કરું છું અને એ રીતે હું મારા બાપનું દેવું ચૂકવું છું. ચોથો આનો દાન કરું છું, જેના બદલાની હું આ દુનિયામાં આશા રાખતો નથી."

રાજા ઘણો ખુશ થયો. એણે ખેડૂતને કહ્યું : "જ્યાં સુધી તું મારું મોઢું સો વાર જુએ નહિ ત્યાં સુધી તું કોઈને આ પ્રમાણે ખુલાસો કરીશ નહિ. તું મને આટલું વચન આપ." ખેડૂતે વચન આપ્યું અને પોતાને કામે વળગ્યો.

બીજે દિવસે રાજાએ દરબારમાં મંત્રીઓને કહ્યું : "સાંભળો, મારા દેશમાં એક ખેડૂત છે જે રોજ ચાર આના કમાય છે. પહેલામાંથી એ એનું પેટ ભરે છે, બીજો ઉધાર આપે છે, ત્રીજામાંથી પોતાનું કરજ ચૂકવે છે અને ચોથો કૂવામાં ફેંકી દે છે. આનો શું અર્થ થયો એ કોઈ સમજાવશે?" મંત્રીઓએ ઘણી માથાઝીક કરી, પણ કોઈને આનો ઉકેલ જડ્યો નહિ.

એક મંત્રી જાણતો હતો કે આગલે દિવસે રાજાને એક ખેડૂત સાથે વાતચીત થઈ હતી. એટલે એ પેલા ખેડૂતની પાસે ઊપડ્યો. એણે ખેડૂતને રાજા સાથે થએલી વાત બરાબર સમજાવવા કહ્યું.

ખેડૂતે કહ્યું : "હું દિલગીર છું કે હું મારી વાતનો ખુલાસો કરી શકીશ નહિ. રાજાને મેં વચન આપ્યું છે કે રાજાનું મોઢું હું સો વાર જોઉં નહિ ત્યાં સુધી હું કોઈને મારી અને રાજા વચ્ચે થયેલી વાતનો ખુલાસો નહિ કરું."

મંત્રી ખેડૂતની મતલબ સમજ્યો. એણે સો સોનાના રાજાની છાપવાળા સિક્કા ખેડૂતને ચૂકવ્યા. ખેડૂતે વાતનો ખુલાસો કર્યો.

મંત્રી ખુલાસો મેળવી રાજાને મળ્યો. રાજાએ કહ્યું "તેં જરૂર ખેડૂતને શોધી આ ખુલાસો મેળવ્યો હશે."

રાજાએ ખેડૂતને બોલાવીને પૂછ્યું: "તેં કેમ તારા વચનનો ભંગ કીધો? તેં મારી આજ્ઞા તોડી છે."

ખેડૂતે જવાબ આપ્યો: "મહારાજ, મંત્રીને વાતનો ખુલાસો કરતા પહેલાં મેં આપનું મોઢું સો વાર જોયું હતું."

અને એણે રાજાને સો સોનાના સિક્કાની થેલી બતાવી. રાજા ખેડૂતની ચતુરાઈથી એટલો ખુશ થયો કે એને બીજા સો સોનાના સિક્કા ઇનામમાં આપ્યા.





છોકરાએ પોતાની પાઘડીમાંથી બંને પાંખ કાઢી છોકરીને આપી કહ્યું, "સૂર્યદેવે તારે માટે આ પાંખ મોકલી છે; એ તને પ્રસન્ન થયા છે.

સૂરજની શોધમાં

(રેડ ઈંડિયન લોકવાર્તા)

મોહનસિંહ સામન્ત

ઘણા જૂના જમાનાની વાત છે. તે સમયમાં લડાઈનું નામનિશાન ન હતું. બધી જાતિ શાન્તિથી રહેતી. એક ગામમાં એક સુંદર છોકરી રહેતી હતી. એને પરણવા ઘણા જુવાનો તલપાપડ હતા. પણ બધાને એ ડોકું ધુણાવી કહેતી: "હું કોઈને પરણવા નથી માગતી."

તે જ ગામમાં નદીકિનારે એક રૂપાળો ગરીબ છોકરો રહેતો હતો. ગામની સ્ત્રીઓ પાણી ભરવા આવતી ત્યારે આ છોકરો પેલી રૂપાળી છોકરીની રાહ જોયા કરતો.

એક દિવસ એને જોઈને છોકરાએ કહ્યું: "તેં ધનવાનોને પણ હડધૂત કર્યા છે. હું તો ગરીબ, સાવ ગરીબ છું. મારી પાસે ઘરબાર, ખાવાપીવાનું, પહેરવાઓઢવાનું કશું નથી. મારે કુટુંબમાં કોઈ નથી — બધાં સગાંવહાલાં મરી ગયાં છે. તોપણ હું તારી પાસે દયાની ભીખ માગું છું. તું મારી સાથે લગ્ન કર."

એ છોકરીની ઉપર પેલા યુવકની દીનતાની સારી છાપ પડી. થોડી વાર રહીને છોકરી બોલી: "મેં ધનવાનોને ધુતકાર્યા છે એ તું જાણે છે છતાં તું મને પરણવા માગે છે ત્યારે મને ઘણી નવાઈ લાગે છે. હું તારી પત્ની બની શકું છું. મારો પિતા પણ તને અન્નવસ્ત્રોથી લાદી દેશે."

યુવક તો આનંદથી નાચી ઊઠ્યો. યુવતીએ આગળ કહ્યું: "પણ હું સૂર્યદેવની રજા વગર કોઈની સાથે લગ્ન નહિ કરી શકું. એટલે તું સૂર્યદેવની પ્રાર્થના કર કે, 'હે દેવ, એ તારી વાત હજી પકડી રહી છે અને એણે હજી સુધી કોઈ પાપ કર્યું નથી. પણ હવે એ લગ્ન કરવા માગે છે અને હું એને મારી સ્ત્રી બનાવવા માગું છું. તે ઉપરાંત એની પાસે તારા ગાલ પરના ડાઘ મિટાવવા બાબત પણ પ્રાર્થના કર. એ ડાઘ તારો મટી જશે ત્યારે હું માનીશ કે સૂર્યદેવ તને પ્રસન્ન થયા છે. સૂર્યદેવ જો તારી પ્રાર્થના નહિ સાંભળે અને તું એમનું રહેઠાણ નહિ શોધી શકે તો તું સમજી જજે કે મારી પાસે આવવાની કશી જરૂર નથી."

નિરાશ થઈ યુવક બોલ્યો: "પહેલાં તેં કેટલી મીઠી મીઠી વાત કરી; હવે તું કેવી વાત કરે છે? કોણ જાણે સૂરજનું રહેઠાણ ક્યાં હશે? ત્યાં પહોંચ્યું છે કોણ કે કોઈ માર્ગ બતાવે?"

"હિંમતથી કામ કરો" એમ કહી યુવતી ચાલી ગઈ.

દુઃખી છોકરાએ એકલા જ ચાલવા માંડ્યું. જતાં જતાં છેલ્લી વાર પાછા વળીને પોતાની ઝૂંપડી તરફ જોયું. એને એમ જ લાગ્યું કે એ કદી પાછો ફરશે નહિ. એણે મનમાંને મનમાં સૂર્યદેવની પ્રાર્થના કરી: "હે સૂર્યદેવ, મારી ઉપર દયા કરો." સૂર્યદેવનું રહેઠાણ શોધતો આગળ ચાલ્યો.

પ્રેરીનાં મેદાનો, જંગલો ને ઝાડીઓ, નદી ને પર્વતો વટાવતો એ આગળ વધ્યો. વખત જતાં રસ્તે બાંધી લીધેલું ભાથું પૂરું થવા આવ્યું.

રસ્તે શિયાળ, વરુ તથા રીંછને સૂર્યના રહેઠાણ વિષે પૂછ્યું. પણ કોઈને કશી ખબર ન હતી. છેવટે એક વરુએ રસ્તો બતાવ્યો, "સૂર્યદેવ સમુદ્રની પેલી પાર રહે છે."

ઘણા દિવસ પછી છોકરો સમુદ્રકિનારે પહોંચ્યો. પણ ત્યાં પહોંચી એ હિંમત હારી બેઠો. એને સમુદ્રનો બીજો છેડો દેખાતો ન હતો. જ્યાં જુઓ ત્યાં બસ પાણી જ પાણી! એ સિવાય કંઈ દેખાતું ન હતું.

જ્યારે એ અપાર સમુદ્ર તરફ હારીને મીટ માંડી બેઠો હતો ત્યારે બે રાજહંસ સમુદ્રકિનારે આવી પૂછવા લાગ્યા: "તું અહીં શા માટે આવ્યો છે?" છોકરાએ કહ્યું: "મારું મોત જ મને અહીં ઘસડી લાવ્યું છે. અહીંથી ઘણે દૂર અમારા દેશમાં એક રૂપવતી કન્યા રહે છે. હું એને પરણવા માગું છે. પણ તે સૂર્યને અધીન છે. એટલે હું સૂર્યદેવની સંમતિ લેવા આવ્યો છું. પણ સૂર્યદેવનું રહેઠાણ મળતું નથી. સમુદ્રને બીજે છેડે હું કેવી રીતે જઈશ? એટલે અહીંજ મરીશ."

હંસોએ કહ્યું, "એમ કંઈ ચાલે? આ સમુદ્રને પેલે પાર સૂર્યદેવનું રહેઠાણ છે. અમે તને ત્યાં પહોંચાડીશું." હંસોએ એને સમુદ્રને બીજે છેડે સુખશાંતિથી પહોંચાડયો. હવે તું સૂર્યદેવના રહેઠાણની નજીક આવી પહોંચ્યો છે. આ પગથીએ સીધો ચાલ્યો જા. તને સૂર્યદેવનાં દર્શન થશે."

છોકરો પગથીએ ચાલવા લાગ્યો. જરા વારમાં એને એક છોકરો મળ્યો. આવનાર છોકરાએ પૂછ્યું: "રસ્તે તેં કંઈ હથિયાર જોયાં?"

"હા, મેં જોયાં."

"તું એને અડકયો તો નથી ને?"

"ના, એ મારી વસ્તુ ન હતી એટલે મેં ન લીધાં." આવનાર છોકરો બોલ્યો: "તું ઘણો પ્રામાણિક છે. તું કયાં જાય છે?"

"સૂર્યદેવને ત્યાં."

આવનારે કહ્યું: "મારું નામ લાલતારા (પ્રભાતનો તારો). સૂર્યદેવ મારા પિતા થાય. દિવસનું કામ કરી એ તને મુલાકાત આપશે."

થોડી વાર રહીને બંને સૂર્યદેવના રહેઠાણે પહોંચ્યા. મહેલમાં સૂર્યદેવની પત્ની એટલે લાલતારાની મા ચન્દારાણી હતી. ચન્દારાણીએ છોકરા

સાથે બહુ સારી રીતે વાત કરી. એને પેટ ભરી ખવડાવ્યું. દિવસ પૂરો થતાં સૂર્યદેવ મહેલમાં પધાર્યા. જ્યારે એમ માલૂમ પડ્યું કે છોકરો કંઈ ખાસ કામસર આવ્યો છે અને લાલતારાએ એની પ્રામાણિકતાની વાત કરી ત્યારે એ બોલ્યા : "તું આવ્યો જાણી હું ઘણો ખુશ થયો છું. તારે મન ફાવે તેટલું અહીં આનંદથી રહે. લાલતારા તો તારો દોસ્ત બની ગયો છે."

બીજે દિવસે ચન્દારાણીએ કહ્યું : "લાલતારાની સાથે તારે જ્યાં ફરવું હોય ત્યાં ફર. પણ આ મોટા સમુદ્રથી દૂર રહેજે, કારણ કે પાણીમાં મોટામોટા દુષ્ટ જીવો રહે છે."

છોકરો ઘણા દિવસ ત્યાં રહ્યો. લાલતારાની સાથે એ શિકાર ખેલતો. એક દિવસ સમુદ્રકિનારે ભયંકર જળપક્ષીઓ જોઈ લાલતારાએ કહ્યું : "ચાલો, આપણે આ પક્ષીઓનો શિકાર કરીએ."

છોકરાએ કહ્યું : "આપણને ચન્દારાણીએ ત્યાં જવાની મના કરી છે."

પણ લાલતારાએ એની વાત માની નહિ. તે પાણી તરફ દોડ્યો. લાલતારાને સાચવવાનું કામ એ હંમેશ ધ્યાનપૂર્વક કરતો. એટલે એ લાલતારાની સાથે સાથે દોડ્યો અને પોતાના ભાલા વડે પક્ષીઓને મારી નાખ્યાં. પક્ષીઓ ચાંચ વડે લાલતારાને ટૂંપી નાખતાં હતાં.

લાલતારાને બચાવી લીધો જાણી ચંદારાણી ઘણી ખુશ થઈ. રાતના એણે સૂર્યદેવને સઘળી વાત કરી. સૂર્યદેવ પણ ઘણા ખુશ થયા. એ બોલ્યા : "બાળક, આજે તેં જે કામ કર્યું તે હું કદી ભૂલી શકું એમ નથી. બોલ, તારા ઉપકારનો બદલો શી રીતે વાળું ?"

છોકરાએ જવાબ આપ્યો : "તમારી કૃપા માટે જ હું અહીં રહ્યો છું. હું જે છોકરીને પરણવા માગું છું એ તમારી રજા સિવાય કોઈને પરણવા માગતી નથી."

સૂર્યદેવે કહ્યું : "તારું કહેવું તદ્દન સાચું છે. એ શાણી છોકરી પોતાના પતિ, બાળકો સાથે સુખી થશે. જા, હવે તું તારે ઘેર જઈ શકે છે. પણ જતા પહેલાં મારી સાથે ચાલ. સંસારનું દર્શન કરી લે."

એમ કહી સૂર્યદેવ છોકરાને આકાશના એક છેડા ઉપર લઈ ગયા. ત્યાંથી બન્નેએ જોયું કે પૃથ્વી ગોળ હોવા છતાં જરા ચપટી છે.

સૂર્યદેવે કહ્યું: "તું દુનિયા ઉપર જતા પહેલાં એક સંદેશો લેતો જા. જ્યારે કોઈ સખત માંદું પડે કે આફતમાં આવી પડે ત્યારે તેની સ્ત્રી એમ બાધા લે કે, મારો પતિ સારો થશે તો હું સૂર્યદેવનું મંદિર બનાવીશ, અને જો તે શ્રદ્ધાપૂર્વક એમ કરશે તો હું તેની ઉપર પ્રસન્ન થઈશ, માંદાને સાજો કરીશ, તેની આફત દૂર કરીશ. મારે માટે જે મંદિર બનાવવામાં આવે એ ધરતીના જેવું ગોળ હોવું જોઈએ. બહારથી સો લોખંડના સળિયાનો કોટ બનાવવો. કોટ પણ ધરતીઆકાશના જેવો ગોળ હોવો જોઈએ. એનો અડધો ભાગ લાલ રંગથી રંગવો. રંગેલો ભાગ દિવસ તરીકે ઓળખાશે. બાકી અડધો કાળા રંગથી રંગવો. એ ભાગ રાત તરીકે ઓળખાશે."

એમ કહી સૂર્યદેવે એક અકસીર દવા છોકરાના ગાલ ઉપર ઘસી. ઘાનો ડાઘ તરત નીકળી ગયો. ત્યાર પછી એમણે છોકરાને કાગડાના જેવા પક્ષીની પાંખ આપી કહ્યું: "જે સ્ત્રી મારું આરોગ્યમંદિર બનાવશે એનો પતિ આ પાંખ જરૂર ધારણ કરશે."

લાલતારા અને ચંદારાણીએ પણ છોકરાને ઘણી ચીજો ભેટ આપી. ચંદારાણીએ રોતાં રોતાં વિદાય આપી. સૂર્યદેવે એને સીધો ટૂંકો રસ્તો બતાવ્યો. એ રસ્તો આકાશગંગાનો હતો. છોકરો એ રસ્તે ઘેર આવ્યો.

જ્યારે એણે એનો કિંમતી પોશાક ઉતાર્યો ત્યારે લોકોની નવાઈનો પાર ન રહ્યો. એનાં તીરકમાન, ઢાલ, તલવાર બધાં જ હથિયારો જુદી રીતનાં હતાં. પણ લોકોએ એને ઓળખ્યો અને પ્યારથી બોલાવ્યો.

પેલી છોકરી પણ એની રાહ જોતી હતી. છોકરાએ પોતાની પાઘડીમાંથી બંને પાંખ કાઢી છોકરીને આપી કહ્યું, "સૂર્યદેવે તારે માટે આ પાંખ મોકલી છે. એ તને પ્રસન્ન થયા છે."

આ સાંભળી છોકરીની ખુશાલીનો પાર ન રહ્યો. પછી બંનેનાં ધામધૂમથી લગ્ન થયાં. બંનેએ સૂર્યદેવની કૃપાના પ્રસાદ તરીકે આરોગ્ય-મંદિર બંધાવ્યું. સૂર્યદેવે બંનેને લાંબુ આયુષ્ય બક્ષ્યું. બંને જીવનભર કદી માંદાં ન પડ્યાં.

સોનિયા અને બાર માસ

(ઉત્તર રશિયાની લોકવાર્તા)

સરોજ હરિભૂષણ

ઉત્તર રશિયામાં જંગલની પાસેના ગામમાં એક માણસ રહેતો હતો. એની સ્ત્રી મરી ગઈ હતી. એને સોનિયા નામની એક ભોળી, નિર્દોષ દીકરી હતી. થોડો વખત રહીને સોનિયાના બાપે એક વિધવાની સાથે લગ્ન કર્યાં. વિધવાને પણ નતાશા નામની એક છોકરી હતી. આ બંને માબેટી ઘણાં દુષ્ટ હતાં. સોનિયાને સદા ત્રાસ આપવામાં એ બંનેને મઝા આવતી. એ બંને સોનિયા પાસે આખો દિવસ કામ કરાવી પોતે આરામથી બેસી રહેતાં. આટલું આટલું કામ કરવા છતાં, બિચારી સોનિયાને ન તો પેટ પૂરતું ખાવાનું મળતું કે ન પહેરવાનાં સારાં વસ્ત્રો. એનો બાપ બધું જાણતો હતો, છતાં નવી સ્ત્રીના ધાકે કશું બોલી ન શકતો.

એક વર્ષે અતિશય ઠંડીમાં જ્યારે બહાર બરફ વરસતો હતો ત્યારે સોનિયાની સાવકી માએ સોનિયાને જંગલમાંથી બોર વીણી લાવવા કહ્યું. બોરની એ મોસમ ન હતી. એટલે સોનિયા બોલી: “મા, આ તો બરફની મોસમ છે. હમણાં બોર ક્યાંથી મળે? હું એ ક્યાંથી લાવું?” એની સાવકી માએ કંઈ સાંભળ્યું નહિ, અને એને એક ટોપલી આપી દરવાજા બહાર કાઢી મૂકી. બરફમાં બોર કેવાં? રખડી રખડી આખરે સાંજ પડી. થાકીપાકી સોનિયા રડતી રડતી ઘર પાછી વળવા લાગી. એને બિચારીને વરુની બીક લાગતી હતી. એટલે એ જલદી જલદી ચાલવા લાગી. એ ઘરનો રસ્તો ભૂલી ગઈ અને ગાઢ જંગલમાં આવી પડી. એ પોક મૂકીને રડવા લાગી. એટલામાં દૂર એને અજવાળા જેવું દેખાયું. એને હિંમત આવી.

એ અજવાળા તરફ ગઈ તો એણે શું જોયું? એક મોટું તાપણું સળગતું હતું. તાપણાને ફરતા બાર માણસો તાપી રહ્યા હતા. એ બારે જણાએ છોકરીને જોઈ. એમાંથી એક જણના હાથમાં રાજદંડ હતો. તે

બોલ્યો: "બેટી, તું કોણ છે? અત્યારે અહીં શા માટે આવી?" એમ કહી એને તાપણા પાસે બેસાડી દીધી. સોનિયા જરા તાજી થઈને બોલી: "આજે મારી સાવકી માએ મને બોર લાવવાનું કહ્યું." એમ કહી એણે પૂરી વાત કરી.

આ બાર માણસો બાર મહિના હતા. જેના હાથમાં રાજદંડ હતો એ ડિસેંબર મહિનો હતો. એણે રાજદંડ મે મહિનાને આપી કહ્યું: "આપ થોડા વખત માટે રાજ કરો." મે માસે રાજદંડ લીધો કે તરત જ બરફ પીગળી નીચેથી બોર જ બોર નીકળી પડ્યાં. સોનિયાએ જલદી જલદી પોતાની ટોપલી બોરથી ભરી લીધી અને બારેને પ્રણામ કરી એ ઘેર ગઈ. ત્યાર બાદ મે માસે રાજદંડ ડિસેંબરને આપ્યો.

સોનિયાની સાવકી મા ડિસેંબરમાં બોર જોઈ ચકિત થઈ ગઈ! એણે તો માની લીધું હતું કે આ મોસમમાં સોનિયાને બોર તો શાનાં મળશે પણ વરુ તો જરૂર મળશે અને એને ખાઈ જશે. થોડો વખત રહીને નતાશાની સાથે મસલત કરીને બંનેએ સોનિયાને વસંતઋતુનું એક ફૂલ લાવવા કહ્યું. બિચારીને ફરી જવું પડ્યું. વળી પાછી એ જંગલમાં રોતી કકળતી ગઈ અને જોર જોરથી બૂમ પાડવા લાગી. "ઓ બાર માસો! ઓ બાર માસો! મહેરબાની કરીને મને વસંતનું ફૂલ લાવી આપો."

વળી પાછી સોનિયા જ્યાં એને બાર મહિના મળ્યા હતા ત્યાં આવી પડી. એણે બધી હકીકત કહી સંભળાવી. હવે માર્ચને થોડા વખત રાજદંડ સોંપવામાં આવ્યો. બસ એકદમ માર્ચની મોસમ બની ગઈ અને ફૂલ ખીલી ઊઠયાં. સોનિયા જલદી જલદી ફૂલ ચૂંટી ઘર ભેગી થઈ.

સાવકી મા સોનિયાને જોઈ વિચારવા લાગી કે જરૂર સોનિયાને કોઈ જંગલમાં જાદુગર મદદ કરતો લાગે છે. એટલે એણે પોતાની દીકરી નતાશાને પણ જંગલમાં મોકલી. નતાશા જ્યારે એ બાર માસ પાસે ગઈ ત્યારે એ લોકોએ એના સવાલના બૂરા જવાબ આપ્યા. વળી ડિસેંબર મહિનાને પણ ખૂબ ગુસ્સો ચડ્યો. એણે બરફની વર્ષા વરસાવી. નતાશા રસ્તો ભૂલી ગઈ અને બરફ નીચે દબાઈને મરી ગઈ!



એમાંથી એક જણના હાથમાં રાજદંડ હતો. તે બોલ્યો, "બેટી, તું કોણ છે? અત્યારે અહીં શા માટે આવી? એમ કહી એને તાપણા પાસે બેસાડી દીધી.

જ્યારે ઘણા દિવસ સુધી એ ઘર ન આવી ત્યારે એની મા એની શોધમાં નીકળી. એને પણ એનાં દુષ્ટ કામોનું ફળ મળ્યું. રસ્તે વરુ એને ખાઈ ગયું! થોડો વખત રહીને એક રાજકુમાર એ જંગલમાંથી પસાર થતો હતો. સોનિયાના બાપને ત્યાં એ એક રાત રહ્યો. એ સોનિયાની હોશિયારી તથા મહેમાનગીરીથી રાજી રાજી થઈ ગયો અને સોનિયાને પરણી પોતાને દેશ લઈ ગયો.

★

Date	No.	Date	No.

પબ્લિકેશન્સ ડિવિઝન,
મિનિસ્ટ્રી ઑફ ઈન્ફર્મેશન ઍન્ડ બ્રોડકાસ્ટિંગ,
ગવર્નમેંટ ઑફ ઇંડિયા,
દિલ્હી–૮

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪